|| શ્રી ગણેશાય નમઃ ||

# બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લિ.

રજી. નં. સા. ૩૩૯૦ તા. ૨૯-૦૪-૨૦૦૦

## અભિનંદની




'સમુત્કર્ષ ભવન' પરશુરામ નગર, શાસ્ત્રી રોડ, સ્વામિનારાયણ મંદીર સામે, બારડોલી

દુરભાષ: (૦૨૬૨૨)૨૯૯૦૧૩, E-mail: bjanta2000@gmail.com

www: bardolijanta.com



## સરદાર વલ્લભભાઈ પટેલ

સરદારના વ્યક્તિત્વ
માટે એક ''સરદાર'' કાફી છે.
કેમ કરી લખુ રાગ જેનું
બસ એક બુલંદ નામ કાફી છે.

બારડોલીમાં બીજ રોપ્યુ
હતુ એની એક શાખા કાફી છે.
ફિરંગીઓની ઉંઘ ઉડાડવા
જેનો અગન પડકાર કાફી છે.

જાજરમાન પ્રતિભા જેની
સંગ નિર્મલ ઉદાર હૈયુ કાફી છે.
ખડતલ શરીરને દિપાવવા
તેજોમય વિવેકી ભાલ કાફી છે.

હરિયાળા સ્વપ્ન કાજે
રેવાની મીઠડી લ્હેર કાફી છે.
વિશ્વભરમાં નામ કાજે
ગગનચુંબી પ્રતિમા કાફી છે.



# અભિનંદની

## સ્વ. પ્રબોધચંદ્ર ધીરજરામ નાયક

સ્થાપનાકાળથી તા.૦૯/૧૦/૨૦૨૨

બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સો.લિ.ના સ્થાપક પ્રમુખ સ્વ. પ્રબોધચંદ્ર ધીરજરામ નાયક મૂળ વાલોડનાં વતની હતા. છતાં સરદારભૂમિ ઐતિહાસિક નગર બારડોલીને સને ૧૯૬૨ થી પોતાની કર્મભૂમિ બનાવી અને બારડોલીને પોતાનું વતન બનાવ્યુ. તે સમયે તેઓ ૧૯૮૦ થી ૧૯૮૭ સુધી બારડોલી નગર પંચાયત પ્રમુખ હતા જે સંસ્થા માટે ગૌરવની વાત છે. તેઓ નગરની ચુંટણીમાં ચાર વખત ચુંટાયા હતા. તેઓ વર્ષ ૧૯૯૧-૯૨નાં વર્ષમાં નગર પાલિકા પ્રમુખ તરીકે પણ સફળ કામગીરી બજાવી લોકપ્રિય રહ્યા હતા. સને ૨૦૦૦-૨૦૦૪ દરમ્યાન બારડોલી નગરપાલિકામાં કારોબારી ચેરમેન તરીકે સેવા આપી સૌને સાથે રાખી ચાલવાનો સોનેરી ગુણ એજ એમની સિધ્ધી હતી.

સૌ પ્રથમ આ પ્રદેશની ખ્યાતનામ બારડોલી ઔદિચ્ય બ્રાહ્મણ સાર્વજનિક હાઈસ્કુલ (બી.એ.બી.એસ હાઈસ્કુલ) બારડોલી, જેનું ઉદઘાટન સ્વતંત્ર ભારતનાં શિલ્પી, લોખંડી પુરુષ પૂજય સરદાર વલ્લભભાઈ પટેલ સાહેબનાં કર કમળોથી કરવામાં આવ્યું હતું અને જેમા વિદ્ધાન આચાર્ય શ્રી ભીમભાઈ મો.દેસાઈ વહીવટકાર હતા એ સ્કુલમાં મદદનીશ શિક્ષક તરીકે સેવા આપી અને ત્યાં અનુભવ અને તાલીમનું ઘડતર પ્રાપ્ત કર્યું. સને ૧૯૬૨ થી ૧૯૬૯ સુધી બી.એ.બી.એસ હાઈસ્કુલમાં આદર્શ શિક્ષક તરીકે પોતાની સેવા આપી સને ૧૯૬૯થી બારડોલી નગર અને બારડોલી પ્રદેશની એકમાત્ર સુપ્રસિધ્ધ પટેલ રમણ બ્રધર્સ આર્ટસ એન્ડ પટેલ ગોપાળ બ્રધસ કોમર્સ કોલેજ, બારડોલીમાં ઈતિહાસનાં પ્રાધ્યાપક તરીકે જોડાયા અને કોલેજની વિવિધ પ્રવૃતિઓમાં અગ્રેસર રહી કોલેજનાં વિકાસમાં ફાળો આપ્યો હતો. અને આ જ સંસ્થામાં ૧૯૯૦ થી ૨૦૦૦સુધી સફળ આચાર્ય તરીકે ફરજ બજાવી.

અનેકવિધ પ્રવૃતિ એજ તેમનું જીવન હતું અને બહિર્મુખી હોવાથી તેઓ બારડોલી નગર-શિક્ષણ-સમાજ વિગેરેને લગતી અનેક પ્રવૃતિમાં સહર્ષ જોડાયા હતા. બારડોલી નગર પંચાયતનાં પ્રમુખ સ્થાને રહી નગરનો બનતો વિકાસ, તેનું આયોજન અને અમલીકરણ કર્યું હતું. રાત્રે કે મળશ્કે ઊઠી પોતાનાં સ્કુટર પર

" વિના સહકાર નહીં ઉદ્ધાર "

નગરમાં ફરી કઈ જગ્યાએ સ્ટ્રીટ લાઈટ બંધ છે તે બધુ નિરીક્ષણ કરી બીજે દિવસે સવારે તરત જ નગરજનોની વગર અરજીએ લાઈટ ચાલુ થઈ જતી. છેલ્લે જયારે નગરપાલિકામાં કારોબારી ચેરમેન હતા ત્યારે સવારે ૭.૦૦ કલાકે પાલિકામાં હાજર રહી સ્થળ પર જ લોકોના લાઈટ, ગટર, પાણી કે અન્ય પ્રશ્નોનો નિકાલ કરી દેતા. નગરમાં અદ્યતન ફાયર ફાઈટરની સુવિધા પણ એમના નગર પ્રમુખ તરીકેના કાર્યકાળની દેન છે.

કોમી એકતા માટે કોમી તંગદિલીનાં કપરા કાળમાં પણ સમાજની પડખે રહી સફળ નેતાગીરી કરી છે. રોટરી કલબ જેવી આંતરરાષ્ટ્રીય સેવા સંસ્થાનાં સભ્યપદથી માંડી બારડોલી રોટરી કલબનાં પ્રમુખ પદે રહી સમાજની સેવા કરી છે. બારડોલી પ્રદેશમાં એક અદ્યતન સ્મશાન ગૃહ ઊભુ કરવામાં એમનો અમૂલ્ય ફાળો છે. બારડોલી ઔદિચ્ય બ્રાહ્મણ વિદ્યાર્થી વિકાસ સંઘનાં પ્રમુખ પદે રહી તથા કોલેજમાં રોટરી બુક બેંકનાં ચેરમેન તરીકે સેવા આપી ગરીબ અને સામાન્ય વર્ગનાં વિદ્યાથીઓને સહાયરૂપ થયા છે. રામજી મંદિર, બારડોલી તથા રોકડિયા હનુમાન મંદિર, બારડોલીનાં ટ્રસ્ટી તરીકે રહી ધાર્મિક સંસ્થાઓમાં પણ પોતાનો ફાળો આપ્યો હતો.

સિનિયર સિટીઝન કલબ બારડોલીની વર્ષ ૨૦૦૦ની સાલમાં સ્થાપનાં કરી સ્થાપક પ્રમુખ તથા આજીવન ટ્રસ્ટી તરીકે સેવા આપી હતી અને સિનિયર સિટીઝન કલબનો અદ્યતન હોલ બનાવવામાં તેમનો સિંહ ફાળો રહ્યો છે.

શિક્ષણ એ તેમનો પ્રિય વિષય અને સફળ અને કુશળ વહીવટી આયોજન એ તેમનો સદાય અભિગમ રહ્યો હતો. બારડોલી એજયુકેશન સોસાયટીમાં એક સજાગ અને જાગૃત સભ્ય તરીકે રહ્યા હતા. ૧૯૮૦ થી ૨૦૨૨ સુધી બારડોલી એજયુકેશન સોસાયટીમા માનદમંત્રી તરીકે સેવા આપી સફળ કામગીરી કરી હતી. સને ૧૯૮૧માં રાજયકક્ષાનાં વિજ્ઞાન મેળાને સફળ બનાવવામાં અભૂતપૂર્વ સહકાર આપ્યો હતો. બી.એ.બી.એસ હાઈસ્કુલમાં વિજ્ઞાન પ્રવાહ તથા કોમ્પ્યુટર વર્ગો શરૂ કરવામાં તેમનો અભૂતપૂર્વ મહત્વનો ફાળો રહ્યો હતો. તેમણે શાળામાં ટાઈપનાં વર્ગો સફળતાથી શરૂ કર્યા જે વિદ્યાર્થીઓ માટે મૂલ્યવાન સાબિત થયા હતા.

શુભ તકને ઝડપવાની તેમની કોઠાસુઝ, સંસ્થા પ્રત્યે નિષ્ઠા, સહકાર, શિસ્તનો આગ્રહ, જરૂર પડેથી કડકાઈ અથવા જરૂર પડેથી સમાધાનવૃતિ, હિંમત-સ્પષ્ટપણુ એમનાં સદગુણો હતા. તેમનું સુંદર વહીવટકર્તા તરીકે શિક્ષણ-સમાજ અને રાજકારણમાં આગવું પ્રદાન રહ્યુ છે. તેમના નામ પ્રમાણે પ્રબોધ એટલે કે હંમેશા જાગૃત રહેતા હતા.

બારડોલી જનતા કો-ઓ.ક્રેડિટ સોસાયટી લિ.માં તેમનાં સબળ નેતૃત્વ અને પ્રમાણિક વહીવટનાં સદગુણો થકી તેમણે સ્થાપક પ્રમુખ તરીકે સફળ કામગીરી બજાવી સંસ્થાને મજબુત પાયા પર મૂકવામાં અમૂલ્ય ફાળો આપ્યો હતો. અગત્યની એક વાત એ પણ છે કે બારડોલી જનતા કો-ઓ.ક્રેડિટ સોસાયટીનું જે અદ્યતન મકાન "સમુત્કર્ષ ભવન" અત્રે ઊભુ છે કે તે સોસાયટીનાં લે આઉટ પ્લાન ઉપર પણ સંસ્થાનાં સ્થાપક પ્રમુખ સ્વ.શ્રી પી.ડી.નાયક સાહેબની જ સહી છે. તે સમયે તેઓ બારડોલી નગર પાલિકાનાં પ્રમુખ હતા.

સ્નેહનાં સાગર સમા હર કોઈને પોતાનાં ગણી પોતાનાં પ્રેમાળ હૈયાથી ઓળખનારા, મુખ પર મધુર સ્મિત, અંતરમાં ઊર્મિ, હદયથી ભોળા, સૌમ્ય સ્વભાવવાળા સંસ્થાનાં સ્થાપક પ્રમુખશ્રી પ્રબોધચંદ્ર ધીરજરામ નાયકનું તા.૦૯-૧૦-૨૦૨૨નાં રોજ દુ:ખદ અવસાન થતા સંસ્થા તેમજ સમાજે એક સારા, સફળ અને સશકત યોધ્ધા ખોયા છે. જેની ખોટ હંમેશા રહેશે. તેમનાં દિવ્ય આત્માને પ્રભુ શાંતિ અર્પે એજ પ્રાર્થનાં.

**ઓમ શાંતિ.....ઓમ શાંતિ.....ઓમ શાંતિ.....**

# અભિનંદની

## અભિનંદનીનાં તેજકિરણો

## અનુક્રમણિકા


| | |
|---|---|
| સંપાદકીય | ૪ |
| શુભેચ્છા સંદેશા | ૫ |
| સંસ્થાનાં આદ્યસ્થાપકો | ૨૨ |
| ભૂતપૂર્વ કારોબારી સભ્યશ્રીઓ | ૨૭ |
| વર્તમાન કારોબારી સભ્યશ્રીઓ | ૨૯ |
| સંસ્થાના કર્મચારીગણ | ૩૩ |
| સહકારિતાનો અર્થ અને સહકારિતાની સફતાનો મંત્ર તથા ઈતિહાસ | ૩૬ |
| પ્રમુખશ્રી, શ્રી નિરંજન માનાજી મિસ્ત્રીનું નિવેદન | ૩૯ |
| ઉપપ્રમુખશ્રી, શ્રી મનિષભાઈ પટેલનું નિવેદન | ૪૧ |
| સંસ્થાની ઝાંખી અને વિકાસગાથા-માનદમંત્રી - **શ્રી જગદીશભાઈ પટેલ** | ૪૩ |
| સહકારી સંસ્થાઓ અને પબ્લિક રિલેશન-સહમંત્રી - **શ્રી નિલેશભાઈ ગુપ્તા** | ૪૬ |
| મેનેજરશ્રી, શ્રી દિનેશચંદ્ર પ્રજાપતિનું નિવેદન | ૫૦ |
| ભારતીય અર્થતંત્રમાં સહકારી બેંકોની ભૂમિકા અને પ્રશ્નો - **શ્રી કાનજીભાઈ ભાલાળા** | ૫૩ |
| (૧) માણસનું સહકારી બનવા પાછળનું કારણ શું ?<br>(૨) ટેકનોલોજી અને આયોજન દ્વારા સહકારી સંસ્થાઓનું નવિનીકરણ<br>(૩) ટેલેન્ટ મેનેજમેન્ટ થકી જ સંસ્થાઓનું મેનેજમેન્ટ શકય છે. - **શ્રી સતિષભાઈ ચૌધરી** | ૫૬ |
| સહકારી સંસ્થામાં અસરકારક ટીમ મેનેજમેન્ટ માટે<br>૨૫ મેનેજમેન્ટ ટીપ્સ. - **શ્રી નયન આર કોઠારી** | ૬૨ |
| ડિજિટલ બેંકિગ-મિશન-કેશ લેસ ભારત- **શ્રી ડો.ચેતનકુમાર છોટુભાઈ પટેલ** | ૬૬ |
| સહકારી સંસ્થાઓ અને સાયબર સુરક્ષા - **શ્રી દિનેશચંદ્ર પ્રજાપતિ** | ૭૦ |
| પ્લાસ્ટીક મની તથા ઓનલાઈન ફ્રોડ-છેતરપિંડીથી બચો. - **શ્રી આનંદભાઈ ટેલર** | ૭૮ |
| આર્ટિફિશીયલ ઈન્ટેલિજન્સ (AI) શું છે. - **શ્રી મહેન્દ્રસિંહ ચૌહાણ** | ૮૩ |
| આજદિન પર્યતનાં કારોબારી સભ્યશ્રીઓની યાદી | ૯૨ |
| પ્રગતિની આંકડાકીય માહિતી | ૯૪ |
| સંસ્થાનાં કાર્યક્ષેત્રનાં ગામોની નામાવલી સભાસદોની જાણકારી માટે | ૯૫ |
| આજ દિન પર્યત આપેલ દાનનાં પ્રવાહની વિગતો | ૯૬ |

## સંપાદકીય

# અભિનંદની

**સભાસદ મિત્રો તથા શૂભેચ્છકો,**

સંસ્થાની સ્થાપનાને સફળતાનાં ૨૫ વર્ષ પૂર્ણ થતાં "રજત જયંતિ" ની ઉજવણીનાં મંગલ પ્રસંગે આ સ્મૃતિઅંક "અભિનંદની" આપનાં ચરણોમાં મૂકતાં બારડોલી જનતા કો-ઓ.ક્રેડિટ સોસાયટી લિ.નું સંચાલક મંડળ આનંદ અને ગૌરવની લાગણી અનુભવે છે. સંસ્થાની દસ્તાવેજી, આંકડાકીય તેમજ અન્ય સાહિત્ય તથા વર્તમાનપત્રોમાંથી માહિતી લઈ આ અંક તૈયાર કરવામાં આવ્યો છે. જો શરત ચૂકથી કોઈ ક્ષતિ રહી ગઈ હોય તો સંસ્થાનાં સંચાલક મંડળને ક્ષમ્ય ગણશો.

આ "અભિનંદની" ગ્રંથ તૈયાર કરવામાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે દિશા સુચન કે સહાય કરનારા, સંસ્થાની વિકાસ ગાથાનાં સહભાગી, રજત જયંતિની ઉજવણીમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સાથ આપનાર તથા સંસ્થાની લાગણીને ધ્યાનમાં લઈ અમારા હાર્દિક નિમંત્રણને માન આપી રજત જયંતિ ઉજવણીનાં શુભ પ્રસંગે ઉપસ્થિત સમારંભનાં પ્રમુખશ્રી, અતિથી વિશેષશ્રીઓ, આમંત્રિતો, પત્રકારમિત્રો, માજી ડિરેકટરશ્રીઓ અને આપણા આનંદમાં સહભાગી બનેલી અન્ય સહકારી સંસ્થાઓનાં હોદ્દેદારો, ખાસ કરીને "સહકારિતા એ સંસ્કારિતા" ની રૂએ આ અંકનું સંકલન કરી તૈયાર કરવામાં સ્વયંભુ સહાય કરવા બદલ સંસ્થાનાં મેનેજર દિનેશચંદ્ર પ્રજાપતિ તથા નામી અનામી શુભેચ્છકો તથા સંસ્થાનાં માનવંતા સભાસદ ભાઈ બહેનોનુ બારડોલી જનતા કો-ઓ.ક્રેડિટ સોસાયટી લિ.નું સંચાલક મંડળ તથા બારડોલી જનતા પરિવાર સૌનું ઋણી રહેશે.

લિ.
આપના સહકારી
પ્રમુખશ્રી
તથા વ્યાવસ્થાપક સમિતીનાં સભ્યશ્રીઓ

## શુભેચ્છા સંદેશ



### શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

રાજ્યકક્ષાના મંત્રી,
સહકાર, મીઠા ઉદ્યોગ, છાપકામ અને લેખનસામગ્રી,
પ્રોટોકોલ (સ્વતંત્ર હવાલો)
લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ, કુટિર, ખાદી અને ગ્રામોદ્યોગ,
નાગરિક ઉડ્ડયન (રાજ્યકક્ષા)
ગુજરાત સરકાર

સ્નેહીશ્રી,
શ્રી નિરંજન માનાજી મિસ્ત્રી,
પ્રમુખશ્રી, બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લી., બારડોલી

સહકાર એટલે સંગઠિતતા અને સંવેદના ગુજરાત સહકારી ચળવળની જન્મભૂમિ ગણાય. સહકારી સેવાઓમાં ગુજરાત રાજ્યએ આગવી સિદ્ધિઓ હાંસલ કરી છે. સમાજના ઉત્થાનમાં સહકારી ક્ષેત્રનું યોગદાન બહુમૂલ્ય છે. દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ સહકારથી સમૃદ્ધિનો જે મંત્ર આપ્યો છે તેને કેન્દ્રીય સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શનથી પરિપૂર્ણ કરવાનો છે. પ્રધાન મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના "સબકા સાથ, સબકા વિકાસ"ના સ્વપ્નને સાકાર આપણા લોકલાડીલા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ હરહંમેશ કાર્યશીલ રહ્યા છે.

શ્રી બારડોલી જનતા કો.ઓ.ક્રેડિટ સોસાયટી લી. "लोक हितम मम् करणीयम" એટલે કે "લોક હીત એ જ મારુ કર્તવ્ય છે" ધ્યેય સૂત્ર સાથે કાર્યરત છે. બારડોલી જનતા કો.ઓ.ક્રેડિટ સોસાયટી લિ.દ્વારા સમાજના આર્થિક તથા સર્વાંગીણ વિકાસ માટે વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવેલ છે, જે પ્રશંસનીય છે. સોસાયટીની રજત જયંતિના ઉજવણી પર્વે શુભકામનાઓ પાઠવું છું.

સૌની કુશળતા ઈચ્છું છું

લિ. આપનો,

(જગદીશભાઈ)

સ્વર્ણિમ સંકુલ-૨, પહેલો માળ, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦

શુભેચ્છા સંદેશ




## Shree Prabhubhai N. Vasava

Member of Parliament (lok Sabha) 23, BARDOLI (GUJARAT)
Ph. 95740 76555

## Member

Parliamentry Committee on the Welfare of SCs and STs
Parliamentry Standing Connittee on Petroleum and Natural Gas
Consultative Committee and Uraban Affairs


સ્નેહીશ્રી,
શ્રી નિરંજન માનાજી મિસ્ત્રી,
પ્રમુખશ્રી, બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લી., બારડોલી

બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટીને સહકારી બેંકિંગ સેવા ક્ષેત્રે ગૌરવમય ૨૫ વર્ષ પૂર્ણ થવા બદલ હાર્દિક શુભેચ્છા પાઠવું છું. માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના સહકારથી સમૃધ્ધીના સ્વપ્નને સાકાર કરવાના ભગીરથ પ્રયાસને બિરદાવુ છું. બારડોલી વિસ્તારના સભાસદો માટે જીવાદોરી સમાન આ સોસાયટીએ હમેંશા સભાસદોના હિતને પ્રાધાન્ય આપ્યું છે. બેંકની નીતિ હંમેશા ગ્રાહકલક્ષી રહી છે. ૮૦૦૦ જેટલી વિશાળ સભાસદ સંખ્યા ધરાવતી આ સોસાયટી પોતાની આગવી પ્રતિભા ધરાવે છે. સભાસદોને ધંધાના વિકાસ, સભાસદોના પરિવારના બાળકોની શૈક્ષણિક ઉન્નતી અને ઉત્થાન, તેમજ સામાજીક માટે અગ્રેસર રહી છે.

આ સોસાયટીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ અને સોસાયટીનો સ્ટાફ હંમેશા ગ્રાહકોની સેવામાં તત્પર રહ્યો છે. સોસાયટીની વિશ્વસનિયતા દિન પ્રતિદિન વધી રહી છે, એ ગૌરવશાળી બાબત છે. સભાસદોને આત્મનિર્ભર બનાવી વિકાસની દિશામાં સહભાગી બનાવ્યા છે. બારડોલીના અવિરત વિકાસ યાત્રાને આગળ વધારવામાં સિંહફાળો આપનાર આ સોસાયટીને અભિનંદન સહ પ્રગતિના શિખરો સર કરે એવી શુભેચ્છા પાઠવું છું અને ભવિષ્યની પ્રગતિ માટે મંગલકામના કરૂ છું.

જય સહકાર...

(પ્રભુભાઈ એન. વસાવા)

રજિ.નં.સે/૩૧૧૧૧/૪૯

THE GUJARAT STATE
CO-OP. CREDIT SOCIETIES FEDERATION LTD.
ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશન લિ.
૨૧, હરિસિધ્ધ ચેમ્બર્સ, પ્રથમ માળ, ઈન્કમટેક્ષ સર્કલ પાસે, આશ્રમ રોડ, અમદાવાદ- ૩૮૦ ૦૧૪
ફોન. ૦૭૯-૨૭૫૪૦૭૮૭

## શુભેચ્છા સંદેશ



**શ્રી ઘનશ્યામભાઈ અમીન**
ચેરમેનશ્રી,
ગુજરાત સ્ટેટ કો-ઓપ. ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશન લી.

સ્નેહીશ્રી,
શ્રી નિરંજન માનાજી મિસ્ત્રી,
પ્રમુખશ્રી, બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લી., બારડોલી

બારડોલી જનતા કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિ. બારડોલી પચીસ વર્ષથી બારડોલી નગરની અન્ય વિવિધ બેંકો અને શરાફી પેઢીઓના આજના સ્પર્ધાત્મક માહોલમાં પણ અવિરત સિદ્ધિના સોપાનો સર કરી નગરના લારીવાળા, ટોપલો લઈને શાકભાજી વેચી પોતાનો ધંધો કરી પેટીયુ રળતા નાના અને મધ્યમ કક્ષાના વેપારીઓ અને ગરીબ લોકોના સામાજિક-આર્થિક વિકાસ માટે વિવિધ પ્રકારના ધિરાણો આપી મહત્વનો ફાળો આપી રહેલ છે. બારડોલી જનતા કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી તેની યશસ્વી કારકિર્દીના ૨૫ વર્ષ પૂર્ણ કરી રજત જયંતિ મહોત્સવ ઉજવવા જઈ રહી છે. તે જાણી આનંદની લાગણી વ્યકત કરું છું.

બારડોલીના લારીવાળા, ટોપલો લઈને શાકભાજી વેચી પોતાનો ધંધો કરી પેટીયુ રળતા નાના અને મધ્યમ કક્ષાના ધંધો રોજગાર કરતાં લોકોના સામાજિક-આર્થિક ઉત્થાનની ઉમદા ભાવનાથી સ્વ.પ્રબોધભાઈ નાયક, સ્વ.પ્રેમજીકાકા, તથા શ્રી હર્ષદભાઈ મૈસુરીયા એમ ૩ મિત્રો દ્વારા થયેલ સેવા યાત્રા તા. ૨૯-૦૪-૨૦૦૦ના રોજ ૮૬ લાખ સભાસદ થાપણથી બારડોલી જનતા કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિ. બારડોલી શરૂ થઈ. આ ક્રેડિટ સહકારી મંડળી આજે કુલ સભાસદ ૭૫૭૯ ની થાપણ રૂ. ૯૫ કરોડ જેટલી છે, અને રૂ. ૬૫ કરોડ ધિરાણ મળી કુલ ૧૬૦ કરોડનો બિઝનેસ કરતી વટવૃક્ષ બની ગઈ છે. ગુજરાતમાં ૬૫૦૪ જેટલી કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઓ સાથે ૫૫ લાખથી વધુ સભાસદો સંકળાઈને આર્થિક સુવિધા, સગવડ પ્રાપ્ત કરે છે. તેમા બારડોલી જનતા કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિ. બારડોલીએ આગવું સ્થાન પ્રાપ્ત કર્યુ છે. સ્થાપના કાળથી જ સોસાયટીએ ઓડિટ વર્ગ એ પ્રાપ્ત કર્યો છે. જે મંડળીના

રજિ.નં.સે/૩૧૧૧૧/૪૯

THE GUJARAT STATE
CO-OP. CREDIT SOCIETIES FEDERATION LTD.
ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશન લિ.

૨૧, હરિસિધ્ધ ચેમ્બર્સ, પ્રથમ માળ, ઈન્કમટેક્ષ સર્કલ પાસે, આશ્રમ રોડ, અમદાવાદ- ૩૮૦ ૦૧૪
ફોન. ૦૭૯-૨૭૫૪૦૭૮૭

સંચાલકોની વહીવટી કુનેહ, નિષ્ઠા, અને સંચાલકીય કુશળતા દર્શાવે છે. સોસાયટી આપની રાહબરીમાં અપ્રતિમ સફળતા હાંસલ કરી વધુને સિદ્ધિના સોપાનો પ્રાપ્ત કરે તેવી શુભેચ્છા

રજત જયંતિ મહોત્સવ ક્રેડિટ સોસાયટી માટે આત્મનિરિક્ષણ, આત્મદર્શન કરવાનો અવસર પૂરો પાડી આમજનતા સહકારીક્ષેત્ર પરત્વેની શ્રધ્ધા, આસ્થા અને ભાવનાને વધુ સુદૃઢ બનાવે તેવી શુભકામનાઓ સાથે ક્રેડિટ સોસાયટીઓ સહકારી પ્રવૃત્તિના સાંપ્રત પ્રવાહોથી વાકેફ થાય તે ધ્યાનમાં રાખીને "અભિનંદની" સ્મૃતિગ્રંથ પ્રકાશિત કરવામાં આવી રહી છે તે સૌને ઉપયોગી નિવડશે તેવી શુભેચ્છા પાઠવું છું

આપનો સહકારી

**ઘનશ્યામભાઈ અમીન**
ચેરમેન
ગુજરાત સ્ટેટ કો-ઓપ.
ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશન લી.

Surat Distict
Co-operative Union
સૂરત જિલ્લા
સહકારી સંઘ, સૂરત (બારડોલી)

અભિનંદની

## શુભેચ્છા સંદેશ



### શ્રી ભીખાભાઈ ઝવેરભાઈ પટેલ

ચેરમેનશ્રી,
સૂરત જીલ્લા સહકારી સંઘ, સુરત (બારડોલી)

સ્નેહીશ્રી,
શ્રી નિરંજન માનાજી મિસ્ત્રી,
પ્રમુખશ્રી, બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લી., બારડોલી

બારડોલી જનતા કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિ. બારડોલી દ્વારા બારડોલીનાં અને સોસાયટીના સભાસદોના વિકાસમાં છેલ્લા ૨૫ વર્ષથી યોગદાન આપવામાં આવી રહ્યું છે. આ યોગદાનને લેખે લાગે તે રીતે આજે ''રજત જયંતિ મહોત્સવ''ની ઉજવણી કરવા જઈ રહ્યા છે. ૨૯-૦૪-૨૦૦૦ના રોજ સ્થપાયેલી સંસ્થા આજે બારડોલી, પલસાણા તેમજ કામરેજ તાલુકાના ગામોમાં સભાસદોની ઉત્કૃષ્ટ સેવા માટે સહકારીતાના મીઠા ફળ આપનાર "સહકાર વૃક્ષ" સમાન સભાસદોની સેવા માટે પોતાના સક્ષમ ભંડોળ સાથે અડિખમ ઊભી છે.

બારડોલી જનના કો-ઓ, ક્રેડિટ સોસાયટી લિ. દ્વારા અનેક સામાજિક સેવાઓ કરવામાં આવી રહી છે. ક્રેડિટ સોસાયટી ધિરાણની કામગીરી સાથે સામાજિક જવાબદારીના ભાગરૂપે સંસ્થા દ્વારા અનેક શૈક્ષણિક, સામાજિક, વૈદ્યકિય સહાયો થકી સમાજનું રૂણ અદા કરી રહી છે જે આનંદની વાત છે.

આ સાથે જ સંસ્થાનો ''અંભિનંદની'' સ્મૃતિગંથ તૈયાર થશે તેમાં સંસ્થાએ વિતેલા દાયકાઓમાં બારડોલી શહેરના આર્થિક વિકાસમાં ખૂબ જ સુંદર સાથ સહકાર આપ્યો છે એ માહિતીથી ભાવિ પેઢીને પ્રોત્સાહન મળશે. સંસ્થાના ૨૫ વર્ષ પૂર્ણ થયાં છે જે આનંદની વાત છે. હજી પણ ભવિષ્યમાં નવી શાખાઓનો વધારો કરી સેવામાં ઉમેરો કરો અને બારડોલી પરગણાંની જનતાને વધુ સેવાઓ પૂરી પાડો એવી શુભેચ્છા. રજત જયંતિ કાર્યક્રમ પ્રસંગે ઐતિહાસિક વિકાસ યાત્રાને આલેખતો અને દસ્તાવેજી મૂલ્યો ધરાવતો 'અભિનંદની' નામનો સ્મરણિકા ગ્રંથ માંથી પ્રેરક માર્ગદર્શન પણ સૌને મળી રહેશે જ.

**Surat Distict**
**Co-operative Union**
**સૂરત જિલ્લા**
**સહકારી સંઘ, સૂરત (બારડોલી)**

પ્રબોધભાઈ કોલેજમાંથી જયારે નિવૃત થયા ત્યારે નિવૃત્તિ પછી મારે કોઈક પ્રવૃત્તિ કરવી છે એવી રજૂઆત લઈને મારી પાસે અનેક વખત આવ્યા ત્યારે મેં એમને ક્રેડિટ સોસાયટીના બંધારણથી માંડી ક્રેડિટ સોસાયટીના રચના સુધી અને સોસાયટીના સંચાલન માટે માર્ગદર્શન આપ્યું જેનું આજે મને ગૌરવ છે. સને ૧૯૯૯માં સંસ્થાની સ્થાપના થઈ ત્યારે થી સ્વ. પ્રબોધભાઈ નાયકના નેજા હેઠળ સંસ્થાએ તેમના બતાવેલા રાહે સંસ્થાની પ્રગતિ કરી છે. સ્થાપક પ્રમુખ સ્વ. પ્રબોધભાઈ નાયક જેવા કર્મઠ સેવાભાવિ સંચાલક મળ્યા હતા અને ક્રેડિટ સોસાયટીનું સંચાલન સુપેરે ચલાવવામાં તેમણે રોપેલા બી ને વટવૃક્ષ બનાવવામાં વર્તમાન ચેરમેન શ્રી નિરંજનભાઈ માનાજી તેમજ ઉપપ્રમુખશ્રી તેમના બોર્ડના સભ્યશ્રીઓ, મેનેજરશ્રી, સ્ટાફનો ફાળો બેનમૂન છે. "બારડોલી જનતા બેંક" એટલે "પી.ડી.નાયક સાહેબની બેંક" જે સહકારી સંસ્થામાં દીર્ઘકાલીન સમય સુધી લોકો યાદ કરતા રહેશે. સંસ્થામાં બીજા સહકારી કાર્યકરો સ્વ. શ્રી પ્રેમજીકાકા, શ્રી હર્ષદભાઈ મૈસુરીયા, સ્વ. શ્રી કિરીટભાઈ શાહ તથા સ્વ. શિવજીભાઈએ સંસ્થાની આગવી છાપ માટે પ્રયત્નો કર્યા હતા.

સંસ્થાની સેવા વિકાસોન્મુખ રહી છે જેમાં ૨૦૧૫ માં ૯૦૦ જેટલા લોકરોની સેવા પણ આપી છે. સને ૨૦૦૦માં જે ડિપોઝિટ રૂપિયા ૮૬ લાખ હતી જે આજે ૧૦૦ કરોડ રૂપિયા નજીક પહોંચી છે. સંસ્થાનો વિકાસ ઉત્તરોત્તર પ્રગતિના પંથે રહે એવી શુભકામના ઈચ્છું.

આપનો સહકારી

**શ્રી ભીખાભાઈ ઝવેરભાઈ પટેલ**
ચેરમેન
સૂરત જીલ્લા સહકારી સંઘ,
સુરત (બારડોલી)

## શુભેચ્છા સંદેશ



### ઈશ્વરભાઈ પરમાર

૧૬૯, ધારાસભ્ય બારડોલી વિધાનસભા મતવિસ્તાર
તથા પૂર્વ કેબિનેટ મંત્રી
(સામાજીક ન્યાય અને અધિકારી)

સ્નેહીશ્રી,
શ્રી નિરંજન માનાજી મિસ્ત્રી,
પ્રમુખશ્રી, બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લી.
બારડોલી

બારડોલી જનતા કો-ઓ.ક્રેડિટ સોસાયટી લિ. પોતાનાં સભાસદોની અવિરત સેવા કરતાં ૨૫ વર્ષની યશસ્વી કામગીરી પૂર્ણ કરે છે, ત્યારે સંસ્થા રજત જયંતિ મહોત્સવ ઉજવી રહી છે તે જાણી મને ખૂબ આનંદ એટલા માટે થયો કે પહેલા તો હું સંસ્થાનો સભાસદ છું. મારી જાણ મુજબ સંસ્થાની સ્થાપના પહેલાં ઘણા લારી ગલ્લાવાળા, શાકભાજી વેચનાર ફેરીયાઓ, નાના વેપારીઓ બજારમાંથી ઉંચા વ્યાજે પૈસા લઈ ધંધો કરતાં હતા. તેમાં તેઓ તેમની આવકનો મોટો ભાગ વ્યાજમાં આપી દેતા હતા. ટુંકમાં સામાન્ય જનતા વ્યાજખોરોનાં નાગચુડમાં ભીંસાતી હતી. આ નાગચુડમાંથી લોકોને મુકત કરવા માટે અને તેમને મહેનતનું પુરેપુરૂ વળતર મળી રહે અને તેમને વ્યાજબી દરે ધિરાણ મળે તે માટે સંસ્થાનાં સ્થાપક પ્રમુખ સ્વ.શ્રી પી.ડી.નાયક સાહેબ, સ્વ.પ્રેમજીભાઈ પટેલ, શ્રી હર્ષદભાઈ મૈસુરીયાની ત્રિપુટીએ બારડોલી જનતા કો-ઓ.ક્રેડિટ સોસાયટી લિ.ની સ્થાપના કરી હતી. અને આજે સંસ્થા ૯૫ કરોડ થાપણ અને ૬૫ કરોડ ધિરાણ મળી કુલ ૧૬૦ કરોડનો બિઝનેસ કરી નગરની બીજા નંબરની સંસ્થા બની છે. સંસ્થાનાં સંચાલક મંડળ, કર્મચારીગણ અને સભાસદોને ૨૫ વર્ષ સફળતાપૂર્વક સંસ્થા ચલવવા અને સહકારીતાનાં પથ ઉપર આગળ વધી જવલંત વિકાસ કરવા બદલ સૌને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. કારણ કે સંસ્થાએ સભાસદોની આર્થિક અને સામાજિક સધ્ધરતા વધારવાની સાથે સહકારનાં સાતમાં સિધ્ધાતને અનુસરતાં નગરની વૈદકિય, સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓનાં વિકાસમાં પણ મહત્વનો ફાળો આપેલ છે, જે ખરેખર પ્રશંસનીય બાબત છે.

સંસ્થાનો રજત જયંતિ મહોત્સવ એટલે અતીતનું સ્મરણ, દિવંગત કાર્યકર્તાઓનું તર્પણ

અને વર્તમાન કાર્યકર્તાઓની સરાહના કરવાનું ઉત્તમ પર્વ. વર્તમાન સંચાલક મંડળને એટલું જ સુચન કે આપણી સંસ્થા ઉત્તરોતર પ્રગતિ કરે અને વિકાસકૂચ જાળવી રાખે તથા જિલ્લામાં અને સમગ્ર ગુજરાતમાં બારડોલી જનતા કો-ઓ.ક્રેડિટ સો.લિ.ની એક આદર્શ અને નમૂનેદાર મંડળી તરીકે નામના પામે તેવી મારા તરફથી હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.

**ઈશ્વરભાઈ પરમાર**
ધારાસભ્ય-બારડોલી

(માજી ડેપ્યુટી સ્પીકર, ગુજરાત વિધાનસભા)
સુરત જીલ્લા
સહકારી દૂધ ઉત્પાદક સંઘ લીમીટેડ, સુરત

## શુભેચ્છા સંદેશ



### માનસિંહભાઈ કે. પટેલ

પ્રમુખ (સુમુલ ડેરી, સુરત)

સ્નેહીશ્રી,
શ્રી નિરંજન માનાજી મિસ્ત્રી,
પ્રમુખશ્રી, બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લી.
બારડોલી

સવિનય આપશ્રીનો તા. ૨૫/૦૯/૨૦૨૪ ના રોજનો પત્ર મળ્યો આભાર.

જત આપની બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લિ. તા. ૨૯/૦૪/૨૦૨૫ના રોજ પોતાની સ્થાપના કાળના ૨૫ વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કરનાર છે. તે શુભ પ્રસંગે બારડોલી જનતા પરિવારે આધસ્થાપકો, ભૂતપૂર્વ અને વર્તમાન સંચાલક મંડળ તથા સંસ્થાના કર્મયોગીઓની સેવા તથા સંસ્થાએ અદા કરેલ સામાજિક જવાબદારી યાદગીરી રૂપે એક સ્મૃતિગ્રંથ "અભિનંદની" તૈયાર કરવાનું નક્કી કરેલ છે. જે ખૂબ જ પ્રસશંનીય અને ઉમદા સેવાનું કાર્ય કરી રહ્યા છો તે માટે આનંદની લાગણી અનુભવું છું અને આપ સર્વેને શુભેચ્છા પાઠવું છું.

જે પ્રસંગે બારડોલી જનતા કો-ઓ. ક્રેડીટ સોસાયટી લિ., બારડોલી પંથક જ નહીં પણ સમગ્ર જીલ્લામાં સંસ્થાનું નામ સુવર્ણ અક્ષરે અંકિત કરે અને આપની સંસ્થાની ઉત્તરોત્તર પ્રગતિ થાય તે માટે અંતરની અનેક શુભકામનાઓ પાઠવું છું.

આપનો સહકારી

**(માનસિંહભાઈ કે. પટેલ)**
સુમુલ ડેરી, સુરત તથા મહુવા ફેક્ટરી,
પ્રમુખ

## ધી સુરત
## ડિસ્ટ્રિક્ટ કો. ઓ. બેંક લી.

અભિનંદની

## શુભેચ્છા સંદેશ



**બળવંતભાઈ કે. પટેલ**

ચેરમેનશ્રીઃ ધી સુરત ડિસ્ટ્રિક્ટ કો. ઓ. બેંક લી.

સ્નેહીશ્રી,
શ્રી નિરંજન માનાજી મિસ્ત્રી,
પ્રમુખશ્રી, બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લી., બારડોલી

બારડોલી તાલુકાની અગ્રીમ શ્રેણીની ક્રેડિટ સોસાયટી ગણાતી "બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી" સફળતાનાં સોપાનો સર કરી ૨૫ વર્ષ પૂર્ણ કરી રહી છે, તે સમયે પ્રમુખશ્રી સહિત આપ સૌ વ્યવસ્થાપક કમીટીના સદસ્યોને અભિનંદન પાઠવું છું.

આપની સોસાયટી સુંદર તથા પારદર્શક વહીવટ કરતી મંડળી છે. વહિવટી કુશળતા સાથે એકરાગીતાથી કાર્યરત રહી આપની ક્રેડીટ સોસાયટીએ સભાસદોની આર્થિક જરૂરિયાતો પુરી કરતા કરતા સોસાયટી પોતે પણ આર્થિક રીતે ખૂબ જ મજબૂત બની છે. આજે માત્ર બારડોલી તાલુકામાં જ નહિ પણ સુરત જીલ્લામાં ક્રેડિટ સોસાયટીઓના ક્ષેત્રે આપની મંડળી પોતાનું આગવું સ્થાન અને ઓળખની અનુભૂતિ ધરાવે છે જે ખરેખર અભિનંદનીય છે.

બારડોલી જનતા કો-ઓ. ક્રેડીટ સોસાયટી લિ. પરિવારે સંસ્થાનાં આધસ્થાપકો, ભૂતપૂર્વ અને વર્તમાન સંચાલક મંડળ તથા સંસ્થાના સેવાભાવી કાર્યકર્તાઓએ નિભાવેલ સામાજિક જવાબદારીની પ્રશસ્તી રૂપે સ્મૃતિગંથ "અભિનંદની" તૈયાર કરનાર હોય ત્યારે આપ સૌને મારા અભિનંદન અને શુભેચ્છા સાથે આપના કાર્યને ઓળખ મળે તેવી અભિલાષા સાથે આનંદની લાગણી વ્યક્ત કરું છું.

આપની સંસ્થા ઉત્તરોત્તર પ્રગતિ કરતી રહે અને સફળતાના શિખરો સર કરતી રહે, રજત જયંતિ ઉજવણીનો પ્રસંગ સફળતાપુર્વક સંપન્ન થાય તેવી હાર્દિક શુભેચ્છા.

આભાર સહ,

લિ.આપનો સહકારી

**બળવંતભાઈ પટેલ**

## શુભેચ્છા સંદેશ



**શ્રી કાનજીભાઈ આર. ભાલાળા**
ચેરમેનશ્રી,
બોર્ડ ઓફ મેનેજમેન્ટ, ધી વરાછા કો-ઓ.બેંક લિ.

સ્નેહીશ્રી,
શ્રી નિરંજન માનાજી મિસ્ત્રી,
પ્રમુખશ્રી, બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લી., બારડોલી

બારડોલી જનતા કો-ઓપરેટિવ ક્રેડિટ સોચાયટી લિ. નાં ૨૫ વર્ષના યશસ્વી સફરના ઉત્તમ અવસર પર હૃદયપૂર્વક અભિનંદન... આ યાત્રા માત્ર આર્થિક સેવાઓ પૂરતી મર્યાદિત નથી રહી પરંતુ, નાગરિકોની વિશ્વાસનીયતા અને સહકારની શ્રેષ્ઠ પરંપરાનું ઉદાહરણ પણ છે.

સંસ્થા દ્વારા અંતરિયાળ વિસ્તારોમાં પણ નાના પરિવારને આર્થિક સમૃદ્ધ બનાવવા ખૂબ સહયોગ કર્યો છે. તમામ ડિરેક્ટર્સ, મેનેજમેન્ટ, સ્ટાફ અને સભ્યોના અવિરત શ્રમ, સમર્પણ અને વિઝન દ્વારા સંસ્થા આ ઉંચાઈઓ સુધી પહોંચી છે.

આ સમગ્ર મુસાફરી દરમિયાન આપ સૌએ જે પ્રતિબદ્ધતા અને એકતા દર્શાવી છે તે પ્રશંસનીય છે. ભવિષ્યમાં પણ સંસ્થા વધુ પ્રગતિ કરે અને સમાજને આર્થિક મજબૂતી અને સુખાકારી પ્રદાન કરતી રહે અને સહકારી જગતમાં સંસ્થા ખૂબ ખ્યાતિ પ્રાપ્ત કરે એવી તેવી શુભકામનાઓ...

આપનો સહકારી

**શ્રી કાનજીભાઈ ભાલાળા**
ચેરમેન
બોર્ડ ઓફ મેનેજમેન્ટ, ધી વરાછા કો-ઓ.બેંક લિ.

## શુભેચ્છા સંદેશ



**શ્રી જયકૃષણ જે. શાહ**
નિવૃત્ત સંયુકત રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય

સ્નેહીશ્રી,
શ્રી નિરંજન માનાજી મિસ્ત્રી,
પ્રમુખશ્રી, બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લી., બારડોલી

બારડોલી જનતા કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિમિટેડ પોતાના કાર્યકાળના મહામૂલા ૨૫ વર્ષ પૂર્ણ કરી રજત જયંતિ સમારોહ ઉજવી રહી છે તે ખૂબ જ આનંદની વાત છે.

સહકારી સંસ્થાઓમાં એક અલગ પ્રકારની સભાસદલક્ષી છાપ ઊભી કરનાર અને સભાસદોની સતત ચિંતા કરતી આ સોસાયટી તેના ૭,૫૦૦ કરતાં વધારે સભાસદોને અલગ અલગ રીતે આર્થિક સહાય કરી અને સમાજ ઉપયોગી વિવિધ ક્ષેત્રે સહાય કરી સહકારી સિદ્ધાંતો પૈકીના સમાજ પ્રત્યેના ઉત્તરદાયિત્વના સિદ્ધાંતને સાચી રીતે ચરિતાર્થ કરી રહી છે અને એનું શ્રેય આ સંસ્થાના સ્થાપક ચેરમેનથી માંડીને હાલના ચેરમેનશ્રી નિરંજનભાઈ મિસ્ત્રી અને સ્થાપક વ્યવસ્થાપક કમિટી સભ્યોથી માંડીને હાલની વ્યવસ્થાપક કમિટીના તમામ સભ્યો અને તેમની રાહબારી હેઠળ કામ કરતા આ સંસ્થાના તમામ કર્મચારીઓને જાય છે.

સાથે સાથે સભાસદોનો અતૂટ વિશ્વાસ પણ ખૂબ જ મહત્વની બાબત છે જેને લીધે આ સંસ્થા ઘણા બધા સોપાન સર કરી શકી છે.

આ સંસ્થા દ્વારા આ પ્રસંગે "અભિનંદની" સ્મૃતિ ગ્રંથ પ્રસિદ્ધ કરવામાં આવનાર છે, જે આ જનતા પરિવારના સ્થાપકોની માંડીને તમામ કર્મયોગીઓની સેવાના અને તેમણે કરેલ કામગીરીને એક કાયમી સંભારણા તરીકે સાચવી રાખવા માટેની યાદગીરી રૂપે પ્રસિદ્ધ થઈ રહ્યો છે તેને હું મારી અંતઃકરણપૂર્વકની શુભેચ્છાઓ પાઠવું છું.

આવનાર સમયગાળામાં બારડોલી જનતા કો-ઓ.ક્રેડિટ સોસાયટી લિ.ની વિકાસ યાત્રા અવિરત અને કોઈ પણ જાતના વિક્ષેપ વિના ચાલુ રહે તથા સભાસદોની જરૂરિયાતો પૂરી કરતી

રહે અને સમાજ પ્રત્યેનું ઉત્તરદાયિત્વ નિભાવતી રહે એવી આશા અને અપેક્ષા સાથે ફરીથી આ પ્રસંગને અને આ સ્મૃતિ ગ્રંથને શુભેચ્છાઓ પાઠવું છું.

આવી ઉમદા સોસાયટી સાથે મને જોડાવાની તક મળી છે તે બદલ હું મારી જાતને ધન્ય ગણું છું.

આપનો સહકારી

**શ્રી જયકૃષ્ણ જે. શાહ**

નિવૃત્ત સંયુકત રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય

આપણી બેંક નાગરિક બેંક

**BNS BANK**

THE BARDOLI NAGRIK SAHAKARI BANK LTD.

## શુભેચ્છા સંદેશ



**ગૌતમભાઈ યુ. વ્યાસ**

ચેરમેનશ્રી,
ધી બારડોલી નાગરીક સહકારી બેંક લિ.

સ્નેહીશ્રી,
શ્રી નિરંજન માનાજી મિસ્ત્રી,
પ્રમુખશ્રી, બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લી., બારડોલી

આપણી બારડોલી જનતા કો ઓપ ક્રેડીટ સોસાયટીને સહકારી બેંકીગી સેવા ક્ષેત્રે ગૌરવમય ૨૫ વર્ષ પૂર્ણ થતાં હાર્દિક અભિનંદન... આપી સંસ્થા સહકરીક્ષેત્રે અમૂલ્ય યોગદાન લોકાભીમુખ અને સેવાવૃતીને વરેલુ કર્મવુક્ષ અમોને પ્રેરણા આપતું રહેલ છે. તેમજ સહકારી ક્ષત્રેની પ્રવિત્રતા જાળવતા અને પ્રમાણિકતાને એક સંવાદ ગણી જે પ્રસન્નતાનો રાજમાર્ગ કંડાર્યો તેમજ કનેક્ટીંગ અને કોમ્યુનેટીંગ સિધ્ધાંત સાથે સર્વનો પ્રેમ સંપાદન કરેલ છે. તે આપની સંસ્થાની આગવી ખાસીયત બની છે. સહકારીક્ષેત્રે અમુલ્ય યોગદાન આપી ભવિષ્યની કેડી કંડારતા રહો અને હજી વધુ ને વધુ પ્રગતિનાં શિખરો સર કરો એવી હાર્દિક શુભકામના અમારી બેંકના બોર્ડ ઓફ ડીરેક્ટરર્સ વતી ખુબ ખુબ અભિનંદન પાઠવીએ છીએ.

આપનો સહકારી

**ગૌતમભાઈ યુ. વ્યાસ**
ચેરમેનશ્રી,
ધી બારડોલી નાગરીક સહકારી બેંક લિ.

સુરત જીલ્લા અર્બન કો-ઓપ.
ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશન લી.

## શુભેચ્છા સંદેશ



### જીવરાજભાઈ ગોધાણી

ચેરમેનશ્રી, સુરત જીલ્લા
કો-ઓપ. ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશન લી.
વાઈસ ચેરમેનશ્રી, ધી ગુજરાત સ્ટેટ
કો-ઓ. ક્રેડિટ સો. ફેડરેશન લિ., અમદાવાદ.
મંત્રીશ્રી,
શ્રી શ્રમ-દીપ અર્બન કો-ઓ. ક્રેડિટ સોસાયટી લિ., સુરત.

સ્નેહીશ્રી,
શ્રી નિરંજન માનાજી મિસ્ત્રી,
પ્રમુખશ્રી, બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લી., બારડોલી

વિશ્વમાં સૌથી મોટી સહકારી પ્રવૃત્તિ ભારત દેશની છે. જેનું આપણને ગૌરવ છે. ગુજરાતમાં ૬૩૫૦ જેટલી શરાફી સહકારી મંડળીઓ આવેલી છે. સહકારી ક્ષેત્ર માનવાની આર્થિક જરૂરીયાત સંતોષતું હાથવગુ સાધન છે. સમગ્ર દેશના ક્રેડિટ સેકટરમાં કો-ઓપરેટીવ ક્રેડિટ સોસાયટીઓ પાયાની ઈંટ સમાન છે. ગ્રામ્ય-શેહરી વિસ્તારના નાના અને મધ્યમવર્ગીય જરૂરતમંદ પરિવારોને ધિરાણથી આર્થિક જરૂરીયાત સંતોષતી મહત્વની આપની મંડળી મજબૂતાઈ સાથે ઉબરી " રજત જયંતી મહોત્સવ " ઉજવી રહી છે. આ પ્રસંગે આપની સિધ્ધિયાત્રાને વાગોળતા " અભિનંદની સ્મૃતિગ્રંથ " ના પ્રકાશનથી અનહદ આનંદ થયો છે. આપની મંડળી બારડોલી જનતા કો-ઓ. ક્રેટિડ સોસાયટી લિ. એ આજુ બાજુના વિસ્તારની પોતાના કાર્યક્ષેત્રની આમજનતા અને સભાસદોની ૨૫ વર્ષથી અસરકારક અને પરિણામલક્ષી કામગીરી કરીને જિલ્લા અને રાજયમાં મહત્વનું સ્થાન પ્રાપ્ત કરેલ છે.

આપની મંડળી પ્રગતિના સોપાના સર કરી યશસ્વીપૂર્ણ ૨૫ વર્ષ પુરા કરી રજત જયંતી વર્ષ ઉજવી રહ્યું છે તે જાણી અત્યંત આનંદની લાગણી અનુભવું છું. આ "રજત જયંતી મહોત્સવ" યાદગાર બની રહે અને સફળતાના શિખરો સર કરતા રહો તે માટે મારી ખરા અંતરની ખૂબ શુભેચ્છાઓ સહ, આપના તમામ વ્યવસ્થાપક કમિટીના હોદ્દેદારો અને સભ્યોને અભિનંદન પાઠવું છું.

આપનો સહકારી

**જીવરાજભાઈ ગોધાણી**
ચેરમેનશ્રી,
સુરત જીલ્લા કો-ઓપ. ક્રેડિટ સો. ફેડરેશન લી.

## શુભેચ્છા સંદેશ



### હરેશભાઈ ડી. કાછડ

જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ સુરત

સ્નેહીશ્રી,
શ્રી નિરંજન માનાજી મિસ્ત્રી,
પ્રમુખશ્રી, બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લી., બારડોલી

આપણો દેશ આઝાદ થયો ત્યારે આપણા દેશની મોટા ભાગની ગામડાની અને શહેરોની પ્રજા નિરક્ષર હતી. આવી નિરક્ષર પ્રજાનું શાહુકારો દ્વારા ખુબ શોષણ કરવામાં આવતું હતું. અને આવી પ્રજાનું જીવન નિર્વાહ કરવુ મુશ્કેલી બની રહ્યું હતું. આવા સમયે પ્રજાનું શોષણ બંધ કરવા માટે આપણા દેશમાં સહકારી મંડળીઓની રચના કરવામાં આવેલ હતી. જે પૈકી ગ્રામ્ય અને શહેરી વિસ્તારના નાનામાં નાના માણસની આર્થિક જરૂરિયાત પુરી પાડવામાં ક્રેડિટ સોસાયટીઓ ખુબ જ મદદરૂપ થાય છે. ક્રેડિટ સોસાયટીઓ દ્વારા સામાન્ય ધંધાર્થીઓને ધીરાણ આપી, જીવન નિર્વાહ કરવા માટે ખુબ ઉપયોગી સાબિત થઈ રહી છે. તેમજ સામાન્ય માણસની આર્થિક જરૂરિયાત પુરી પાડવામાં ક્રેડિટ સોસાયટીઓનો સિંહફાળો રહ્યો છે. આમ સામાન્ય માણસની આર્થિક જરૂરિયાત સંતોષવાના ઉદેશ્યથી રચાયેલ સુરત જિલ્લાની " ધી બારડોલી જનતા કો-ઓપરેટીવ ક્રેડિટ સોસાયટી લિ. " બારડોલીની સ્થાપના થયેલ હતી અને ક્રેડિટ સોસાયટી હાલમાં ૨૫ વર્ષ પુર્ણ કરી રજત જયંતિ વર્ષની ઉજવણી કરી રહી છે. તેવા સમયે ધી બારડોલી જનતા ક્રેડીટ સોસાયટી લી. એ પોતાના સભાસદો અને આમ જનતાનો વિશ્વાસ જાળવી રાખ્યો છે. સભાસદો અને આમ જનતાના હિતોના કાર્યને આગળ વધારી ધી બારડોલી જનતા કો-ઓપરેટીવ ક્રેડિટ સોસાયટી લી. બારડોલી ઉતરોત્તર પ્રગતિ કરી દેશના વિકાસમાં મહત્વનો ફાળો આપે તે માટે મંડળીના સંચાલકો અને સભાસદોને રજત જયંતિ નિમિતે હાર્દિક શુભકામનાઓ પાઠવું છું.

"વિના સહકાર નહિ ઉધાર"

આપનો સહકારી

**હરેશ ડી. કાછડ**
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ સુરત



## ધ્રુવિનભાઈ એમ પટેલ

જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ નવસારી

સ્નેહીશ્રી,
શ્રી નિરંજન માનાજી મિસ્ત્રી,
પ્રમુખશ્રી, બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લી., બારડોલી

આજે જ્યારે વિશ્વભરમાં આવકની અસમાનતા વધી રહી છે ત્યારે સહકારી સંસ્થાઓ સુનિશ્ચિત કરે છે કે કોઈ પણ વ્યક્તિ પાછળ રહી ન જાય મહાનગરોથી માંડીને છેવાડાના ગામડાં સુધી વિસ્તરેલી સહકારી પ્રવૃતિ રાજય માટે આર્થિક પીઠબળ સમી છે. પાયાનો દરેક વ્યક્તિ કોઈપણ રીતે સહકાર ક્ષેત્ર સાથે જોડાયેલ છે. સહકારી આંદોલનને વેગ આપવા દેશમાં અલાયદા સહકાર મંત્રાલયની રચના કરવામાં આવી છે. દેશમાં સહકારી ચળવળને મજબૂત કરવા માટે એક અલગ વહીવટી, કાનૂની અને નીતિગત માળખું પૂરું પાડવું, સહકારી સંસ્થાઓને પાયાના સ્તર સુધી પહોંચતા લોકો આધારિત ચળવળ તરીકે સહકાર આપવા અને સહકાર માટે 'વેપારમાં સરળતા' અને 'સહકાર થી સમૃદ્ધિ'એ મુખ્ય મંત્ર છે.

બારડોલી જનતા કો-ઓપરેટીવ ક્રેડિટ સોસાયટી લી, બારડોલી પોતાના સ્થાપના કાળના ૨૫ વર્ષ પૂર્ણ કરી રજત જયંતિ ઉજવી રહેલ છે. સંસ્થા આધુનિક સમયની સાથે રહી સમાજનાં હિતમાં અવનવા આયોજનો કરી સતત પ્રગતિ કરી રહેલ છે. સંસ્થા પોતાનાં ૭૫૭૯ જેટલાં સભાસદોને પોતાનાં ધંધાના વિકાસ, સભાસદ પરિવારનાં બાળકોનાં શૈક્ષણિક વિકાસ, સામાજિક વિકાસ વગેરે માટે આર્થિક સહાય કરી સમાજ પ્રત્યે નમ્ર ફરજ બજાવી રહેલ છે. બારડોલી જનતા કો-ઓ.ક્રડિટ સોસાયટી લિ. એ જે રીતે સહકારી ભાવનાથી સહકારી સિદ્ધાંતોને અનુસરીને સભાસદોના સર્વાંગી વિકાસ માટે હરણફાળ ભરી રહી છે, જેમાં સંસ્થા ઉત્તરોત્તર સતત પ્રગતી કરતી રહે અને સભાસદોને ખુબ સારી સેવાઓ પુરી પાડતી રહે તેવી હાર્દિક શુભેચ્છા.

આજે જ્યારે સંસ્થા પોતાના સ્થાપના કાળના ૨૫ વર્ષ પૂર્ણ કરી રજત જયંતિ ઉજવી રહી છે, જેનાથી હું ખુબ હર્ષની લાગણી અનુભવી રહ્યો છું અને આ પત્રના માધ્યમથી હું આપ સર્વે વડીલશ્રીઓ અને મહાનુભવોને શુભેચ્છાઓ પાઠવું છું.

કુશળ હશો.

આપનો સહકારી

**ધ્રુવિનભાઈ એમ પટેલ**
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ નવસારી

## સંસ્થાના આધ્યસ્થાપકો

સામાન્ય રીતે સમાજમાં મનુષ્યોની આકૃતિ પ્રકૃતિ એક જેવી દેખાવા છતાં તેઓમાં ખૂબ જ ભિન્નતા જોવા મળે છે. હલકી પ્રકૃતિનાં લોકો પરાવલંબી હોય છે. તેમની પ્રગતિ અને પતનનું કારણ બીજા લોકો બને છે. આવા પરોપજીવી લોકોનું બાહુલ્ય સમાજમાં જોવા મળે છે. તેમનામાં દૈવી સંપત્તિ હોવા છતાં તેઓ દીન હીન જ કહેવાય છે. બીજો વર્ગ સમજદાર તો છે, પરતું સંકીર્ણ સ્વાર્થ પરાયણતાથી ઘેરાયેલો છે. તેઆ માત્ર પોતાનાં મતલબથી મતલબ રાખવવાળા છે. આંતરિક કાયરતા અને કંજુસાઈને કારણે આદર્શવાદિતાથી ઘણાં જ દુર રહે છે. આવા લોકો બુધ્ધિમાન તથા ધનવાન હોવા છતાં માત્ર પોતાનું પેટ ભરવા જ સમર્થ એવા સામાન્ય જનમાં તેની ગણતરી થાય છે. ત્રીજો વર્ગ પ્રતિભાવાનનો છે. તેઓ નિયમ અને અનુશાસનમાં બંધાયેલા તથા વ્યવસ્થાકુશળ હોય છે. તેઓ દીર્ઘ દ્રષ્ટિવાન તથા તે અનુસાર આયોજન કરનાર હોય છે. પ્રસંશા અને સફળતા તેઓનાં ચરણોમાં આળોટે છે. દેશ કે સમાજ કે સંસ્થાની પ્રગતિ આવા પ્રતિભાવાનોથી જ શકય છે.

સમયે સમયે સમસ્યાનાં નિવારણ માટે પરોક્ષ ચેતના આવા પ્રતિભાવાનોને શોધતી જ રહે છે. દા.ત. ચાણકયે ચંદ્રગુપ્તની પ્રતિભાને ઓળખી તેને સામર્થ્યનો બોધ કરાવી કાર્યક્ષેત્રમાં મોકલ્યો તો નગણ્ય એવો સામાન્ય વ્યકિત અસામાન્ય કાર્યો કરી બતાવવામાં સફળ થયો. પ્રાણનાથ મહાપ્રભુએ વીર છત્રછાલ જેવી પ્રતિભાને ઓળખી તેની અંદર એવી શકિત ભરી જેનાથી ઉત્તર ભારતમાં આતંક મચાવતાં તત્વોથી ભારતીય સંસ્કૃતિને બચાવવાનું સાહસપૂર્ણ કાર્ય થઈ શકયુ. વિવેકાનંદ જેવી પ્રતિભા નરેન્દ્ર નામનાં યુવકમાં છુપાયેલી છે તેવું જાણ્યા બાદ પોતાની શકિતનો એક અંશ આપી વિશ્વને એક મહામાનવની ભેટ રામકૃષ્ણ દેવ દ્વારા જ મળી. રામ સ્વયં ઋષ્યમુખ પર્વત પર ગયા હતા અને સુગ્રીવ તથા હનુમાનને સહકાર આપવા સહમત કર્યા હતા. રામકૃષ્ણ પરમહંસ સ્વંય વિવેકાનંદને ઘરે ગયા હતા અને દેવસંસ્કૃતિનાં પુનરૂધ્ધારમાં જોડાઈ જવા તૈયાર કર્યા હતા. અર્જુનને સ્વયં ભગવાન શ્રી કૃષ્ણે સમજાવી ધમકાવીને યુધ્ધમાં જોડાવા બાધ્ય કર્યો હતો.

સરદાર પટેલ દ્વારા ઉદ્દંડ રજવાડાઓને ભારતમાં વિલીનીકરણ માટે તૈયાર કરવાના કાર્યમાં તેમનાં મહાન વ્યકિતત્વનાં દર્શન થાય છે. બારડોલી સત્યાગ્રહમાં પણ તેઓ પોતાની કમાલ બતાવી ચૂકયા છે. બિહારનો એક હજારી નામનો સામાન્ય ખેડુત પોતાની લગનનાં આધારે તે ક્ષેત્રમાં એક હજાર આંબાવાડીયા તૈયાર કરવામાં સફળ થયો હતો. આવા ઉદાહરણોની કોઈ ખોટ નથી અને અત્યારે પણ અહીં તહીં એક એકથી ચડિયાતી સફળતા મેળવી રહ્યા છે. આમાં કોઈ વ્યકિત વિશેષનો નહીં, પણ તેની પ્રતિભાનો ચમત્કાર જ જોવો જોઈએ. આ દરેક વ્યકિત માટે સંભવ છે. જરૂર માત્ર એટલી છે કે સાચી લગની હોય અને તેનાં માટે યોજનાબધ્ધ પરિશ્રમ કરવામાં કયાંય પાછી પાની કરવામાં ન આવે.

મુશ્કેલીનાં સમયમાં આવા પ્રતિભાવાનોની જ જરૂર પડે છે. તેમને જ શોધી, પ્રોત્સાહિત કરી તૈયાર કરવામાં આવે છે. વિશ્વ ઈતિહાસમાં આવા મહામાનવોની યશગાથાઓ સુવર્ણ અક્ષરે લખેલી જોવા મળે છે. તેમની કાર્યગાથાથી અસંખ્ય લોકોને અનંતકાળ સુધી માર્ગદર્શન મળતુ રહે છે. સામાન્ય લોકો પૂજા કર્મકાંડને આધારે કંઈક મેળવાની આશા રાખે છે. પરંતુ મનસ્વી, તેજસ્વી, ઓજસ્વી માત્ર કર્મયોગની સાધનામાં જ ડૂબેલાં રહે છે, કે જેનાથી તેમનું વ્યકિતત્વ અને કર્ત્વ્ય શ્રેષ્ઠ સાબિત થઈ શકે. આવા કેટલાંયે પ્રતિભાવાનોએ ભારતનાં સહકારીક્ષેત્રમાં પણ પોતાનું પ્રભાવશાળી યોગદાન આપ્યુ છે. પરંતુ તેને ઓળખવાની જરૂર છે.

દૂધમાં માખણ છુપાયેલું છે. પરતું તેને અલગ તારવવા દૂધને ઉકાળવા, વલોવવા જેવી પ્રક્રિયા કરવી પડે છે. પ્રાણવાન પ્રતિભાઓની આજનાં સમયમાં અત્યંત આવશ્યકતા છે જેને પરિણામે સમુદ્રમંથન જેવા યુગ પરિવર્તનનાં કાર્યમાં તેઓ પોતાની વિશેષ ભૂમિકા ભજવી શકે અને અનિષ્ટનાં અનર્થથી માનવીય ગૌરવને બચાવી શકે અને ગંગાવતરણમાં ભગીરથે જેવી ભૂમિકા નિભાવેલી તેવો પ્રચંડ પુરૂષાર્થ યુગપરિવર્તનાં કાર્યમાં પણ તેઓ કરી શકે. આજનાં સમયમાં આવી શોધખોળ જ મોટું કામ છે. આ સમસ્યાઓથી લડવા માટે કિલ્લેબંધી કરવી પડશે. સામાન્ય જન પોતાની વ્યકિતગત સમસ્યાનું સમાધાન નથી કરી શકતી, તો વ્યાપક બનેલી અને દરેક ક્ષેત્રમાં ફેલાયેલી સમસ્યાઓનું  સમાધાન તેમનાં દ્વારા કયાંથી શકય છે.? આજનાં સમયમાં આના માટે ઉત્તમ ઉપાય છે. ''સહકાર''.

આજે ભારતમાં અને ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં સહકારી ક્ષેત્રનો ખૂબ વિકાસ થયો છે અને સહકારીક્ષેત્રમાં વિશિષ્ટ સૂઝબૂઝવાળા સહકારી આગેવાનો ઉપલબ્ધ છે. તેમનાં થકી આવી સમસ્યાઓનું સમાધાન શકય છે. માટે યુધ્ધને જીતવા માટે ઉચ્ચ સેનાનાયકોએ નકકી કરેલી રણનિતી અને સૂઝબૂઝની જ જરૂર પડે છે. એ વાત મોટા સર્જનાત્મક કાર્યો માટે પણ લાગુ પડે છે. હાવરાનો પૂલ, અયોધ્યામાં તાજેતરનું બનેલું રામમંદિર, નવી લોકસભા બિલ્ડીંગ, કલમ ૩૭૦ હઠાવવી, ત્રિપલ તલ્લાક નાબુદી, એન.આર.સી., સમાન નાગરિકતા કાનુન જેવા મહાપુરૂષાર્થી કાર્યો માટે સમજદાર લોકો અને વસ્તુ સ્થિતિ સાથે તાલમેલ સાધે તેવું સંગઠન જ સફળ થઈ શકે છે.

બારડોલી જનતા કો-ઓ.ક્રેડિટ સોસાયટી લિ.નાં પાયાનાં સંસ્થાપકોએ ભલે વિદાય લીધી છે પરંતુ આજે સંસ્થાએ વટવૃક્ષ બની નગરમાં નોધપાત્ર સિધ્ધિ હાંસલ કરી છે. કેટલાયે લારી ગલ્લા અને શાકભાજી વેચવાવાળા સંસ્થામાંથી ઓછા વ્યાજ દરે ધિરાણ મેળવી પગભર થયા છે. સંસ્થામાંથી આજે ઘણા સભાસદોએ પોતાનાં સંતાનોનાં વિદેશ અભ્યાસ માટે એજયુકેશન લોન લઈન સંતાનોને વિદેશમાં પણ સ્થાયી કર્યા છે. તથા ઘણાંએ તો દેશમાં પણ વિવિધ વ્યવસાયમાં સ્થિર થઈ વિવિધક્ષેત્રે મૂલ્યવાન યોગદાન આપ્યુ છે. આર્થિક તંગીથી પીડાતી કાર્યક્ષેત્રની જનતાને આર્થિક રીતે સમૃધ્ધ બનવાની ભૂખ તો હતી જ પરંતુ નાણાંને અભાવે તેઓ અક્ષમ હતા. આવા આર્થિક રીતે નબળા વર્ગની ભૂખ સંતોષી શકાય તે માટે નગરનાં પ્રતિભાવાનોઓનાં પ્રયાસથી વર્ષ ૨૦૦૦ની સાલમાં બારડોલી જનતા કો-ઓ.ક્રેડિટ સોસાયટી લિ.નામનું બીજ અંકુરીત થઈ આજે વટવૃક્ષરૂપે આપની સમક્ષ દ્રશ્યમાન છે. પોતાનું આખું આયખું સંસ્થા માટે અર્પણ કરનારા સ્થાપક પ્રમુખ સ્વ.શ્રી પી.ડી.નાયક સાહેબ, સ્થાપક ઉપપ્રમુખ સ્વ.શ્રી પ્રેમજીભાઈ, શ્રી હર્ષદભાઈ મૈસુરીયા, સ્વ.શ્રી શિવજીભાઈ, સ્વ.શ્રી કિરીટભાઈ, સ્વ.શ્રી પ્રફુલભાઈ દેસાઈ, શ્રી મગનભાઈ પરમાર તથા અન્ય પ્રતિભાવાનોઓને આ રજત (રૌપ્ય) ઉત્સવ નિમિત્તે નત મસ્તક વંદન.

## અભિનંદનો

### સંસ્થાના આદ્યસ્થાપકો



**સ્થાપક પ્રમુખશ્રી**
**સ્વ. શ્રી પ્રબોધચંદ્ર ધીરજરામ નાયક (બારડોલી)**
સ્થાપનાકાળ થી તા. ૦૯/૧૦/૨૦૨૨



**સ્થાપક ઉપપ્રમુખશ્રી**
**સ્વ. શ્રી પ્રેમજીભાઈ નાથાભાઈ પટેલ (બારડોલી)**
સ્થાપનાકાળ થી તા. ૨૯/૧૧/૨૦૧૨



**સ્થાપક માનદમંત્રીશ્રી**
**શ્રી હર્ષદભાઈ ઘેલાભાઈ મેંસુરીયા (બારડોલી)**
સ્થાપનાકાળ થી તા. ૨૪/૦૫/૨૦૦૩
કા. સભ્યશ્રી તરીકે
તા. ૨૧/૦૬/૨૦૦૯ થી તા. ૨૭/૦૬/૨૦૧૦



**કા.સભ્યશ્રી**
**સ્વ. શ્રી કિરીટભાઈ કાંતિલાલ શાહ (બારડોલી)**
સ્થાપનાકાળ થી તા. ૨૧/૦૪/૨૦૧૨
માનદમંત્રી તરીકે
તા. ૩૦/૦૫/૨૦૦૩ થી ૨૧/૦૪/૨૦૧૨



**સ્વ.શ્રી શિવજીભાઈ ભીમજીભાઈ પટેલ (બારડોલી)**
સ્થાપનાકાળ થી તા. ૦૨/૦૨/૨૦૧૬

**શ્રી પરિમલભાઈ ઠાકોરભાઈ પટેલ (બારડોલી)**
સ્થાપનાકાળ થી તા. ૧૯/૦૬/૨૦૦૫





**શ્રી હરકાંતભાઈ નટવરભાઈ પારેખ (બારડોલી)**
સ્થાપનાકાળ થી આજ પર્યન્ત

**શ્રી નયનભાઈ મનહરભાઈ સોની (બારડોલી)**
સ્થાપનાકાળ થી તા. ૩૦/૦૫/૨૦૦૪





**ડૉ. શ્રી મહેન્દ્રભાઇ હિરજીભાઈ ચૌધરી (બારડોલી)**
સ્થાપનાકાળ થી આજ પર્યન્ત



**શ્રી મનુભાઈ મણિભાઈ મૈસુરીયા (બારડોલી)**
સ્થાપનાકાળ થી તા. ૨૪/૦૫/૨૦૦૩

**સ્વ.શ્રી પ્રફુલભાઈ રમણભાઈ દેસાઇ (બારડોલી)**
સ્થાપનાકાળ થી તા. ૨૪/૦૫/૨૦૦૩

સ્મૃતિપટે
અંકિત થઈ છે
તસવીર આપની

સ્મૃતિપટે
અંકિત થઈ છે
તસવીર આપની

**શ્રી નિલેશકુમાર ધીરજસિંહ ઠાકોર (બારડોલી)**
સ્થાપનાકાળ થી તા. ૨૧/૦૬/૨૦૦૯

**શ્રી મગનભાઈ માવજીભાઈ પરમાર (બારડોલી)**
સ્થાપનાકાળ થી તા. ૦૮/૦૬/૨૦૧૨





**ડૉ. શ્રી અજીતભાઈ રમણભાઈ નાયક (બારડોલી)**
સ્થાપનાકાળ થી તા. ૨૪/૦૫/૨૦૦૩

**શ્રી પ્રહલાદભાઈ દાનાભાઈ ઉનાલીયા (બારડોલી)**
સ્થાપનાકાળ થી તા. ૩૦/૦૫/૨૦૦૪



# અભિનંદની

## સંસ્થાના પૂર્વ કારોબારી સભ્યશ્રીઓ



**શ્રી આશિકકુમાર ચંપકલાલ દેસાઈ (બારડોલી)**
તા. ૨૪/૦૫/૨૦૦૩ થી તા. ૧૯/૦૬/૨૦૧૧



**શ્રી પ્રદિપકુમાર હરીપ્રસાદ અગ્રવાલ (રાયમ)**
તા. ૨૪/૦૫/૨૦૦૩ થી તા. ૦૪/૦૬/૨૦૦૬



**સ્વ. શ્રી મનોજકુમાર હર્ષદભાઈ મેસુરીયા (બારડોલી)**
તા. ૨૪/૦૫/૨૦૦૩ થી તા. ૨૧/૦૬/૨૦૦૯



**સ્વ. શ્રી નરેશભાઈ જગુભાઈ પટેલ (અસ્તાન)**
તા. ૨૪/૦૫/૨૦૦૩ થી તા. ૧૯/૦૬/૨૦૧૨
ઉપપ્રમુખ તરીકે તા.
૦૩/૧૨/૨૦૧૨ થી ૦૪/૦૨/૨૦૧૭



**સ્વ.શ્રી નાથુભાઈ નાગરજી પટેલ (બારડોલી)**
તા. ૩૦/૦૫/૨૦૦૪ થી તા. ૨૭/૦૬/૨૦૧૦

**સ્વ. શ્રી કનુભાઈ ગોરધનભાઈ પટેલ (સોયાણી)**
તા. ૧૯/૦૬/૨૦૦૫ થી તા. ૦૨/૦૧/૨૦૧૬





**શ્રી અશોકભાઈ નારણભાઈ લાડ (બારડોલી)**
તા. ૨૧/૦૬/૨૦૦૯ થી તા. ૨૮/૦૩/૨૦૧૭

**શ્રી કિશોરભાઈ હંસજીભાઈ પટેલ (બારડોલી)**
તા. ૦૧/૦૭/૨૦૧૧ થી તા. ૨૩/૧૨/૨૦૧૩





**શ્રીમતિ નયનાબેન ભગુભાઈ પટેલ (અસ્તાન)**
તા. ૨૩/૦૬/૨૦૧૫ થી તા. ૧૭/૦૭/૨૦૧૮

# અભિનંદનો

## વર્તમાન સંચાલક મંડળ



**પ્રમુખશ્રી**

**શ્રી નિરંજન માનાજી મિસ્ત્રી (બારડોલી)**

તા. ૨૭/૦૬/૨૦૧૦ થી આજ પર્યન્ત
ઉપપ્રમુખ તરીકે તા. ૧૩/૦૨/૨૦૧૭ થી ૧૪/૧૦/૨૦૨૨
પ્રમુખ તરીકે તા. ૧૪/૧૦/૨૦૨૨ થી આજ પર્યન્ત

**ઉપપ્રમુખશ્રી**

**શ્રી મનીષભાઇ છોટુભાઇ પટેલ (ઇસરોલી)**

તા. ૨૭/૧૦/૨૦૧૪ થી આજ પર્યન્ત
ઉપપ્રમુખ તરીકે તા. ૧૪/૧૦/૨૦૨૨ થી આજ પર્યન્ત





**માનદમંત્રીશ્રી**

**શ્રી જગદીશભાઇ હીરાભાઇ પટેલ (બરડોલી)**

તા. ૧૯/૦૬/૨૦૦૫ થી આજ પર્યન્ત
માનદમંત્રી તરીકે તા. ૨૫/૦૬/૨૦૧૨ થી આજ પર્યન્ત

**સહમંત્રીશ્રી**

**શ્રી નિલેશકુમાર ગિરધારીલાલ ગુપ્તા (બારડોલી)**

તા. ૨૩૦/૦૫/૨૦૦૩ થી આજ પર્યન્ત
સહમંત્રી તરીકે તા. ૩૦/૦૩/૨૦૨૩ થી આજ પર્યન્ત





કા. સભ્યશ્રી

**શ્રી હરકાંતભાઈ નટવરભાઈ પારેખ (બારડોલી)**

સ્થાપના કાળથી આજ પર્યન્ત



કા. સભ્યશ્રી

**ડૉ. શ્રી મહેન્દ્રભાઈ હિરજીભાઈ ચૌધરી(બારડોલી)**

સ્થાપના કાળથી આજ પર્યન્ત



કા. સભ્યશ્રી

**શ્રી મહેન્દ્રસિંહ હઠેસિંહ ચૌહાણ (બારડોલી)**

તા. ૨૭/૦૬/૨૦૧૦ થી આજ પર્યન્ત



કા. સભ્યશ્રી

**શ્રી મુકુંદભાઈ જગુભાઈ પટેલ (મોતા)**

તા. ૨૫/૦૬/૨૦૧૨ થી આજ પર્યન્ત



કા. સભ્યશ્રી

**શ્રી વિમલકુમાર કેશવભાઈ પટેલ (ખરવાસા)**

તા. ૨૫/૦૬/૨૦૧૨થી આજ પર્યન્ત



કા. સભ્યશ્રી

**શ્રી ભાવેશભાઈ પ્રેમજીભાઈ પટેલ (બારડોલી)**

તા. ૨૬/૦૨/૨૦૧૩ થી આજ પર્યન્ત



કા. સભ્યશ્રી

**શ્રીમતિ અમિષાબેન મેહુલભાઈ પટેલ (બારડોલી)**

તા. ૨૩/૦૬/૨૦૧૫ થી આજ પર્યન્ત



કા. સભ્યશ્રી

**શ્રી નિલેશકુમાર પ્રહલાદભાઈ પટેલ (બારડોલી)**

તા. ૦૫/૦૨/૨૦૧૬ થી આજ પર્યન્ત



કા. સભ્યશ્રી

**શ્રી આનંદકુમાર સન્મુખભાઈ ટેલર (વાંકાનેર)**

તા. ૨૧/૦૪/૨૦૧૬ થી આજ પર્યન્ત



કા. સભ્યશ્રી

**શ્રી હર્ષદભાઈ ભુલાભાઈ પટેલ (અસ્તાન)**

તા. ૦૭/૦૪/૨૦૧૭ થી આજ પર્યન્ત



કા. સભ્યશ્રી

**શ્રી રાજેન્દ્રભાઇ નાનજીભાઇ પટેલ (બારડોલી)**

તા. ૦૭/૦૪/૨૦૧૭ થી આજ પર્યન્ત



કા. સભ્યશ્રી

**શ્રીમતિ ફાલ્ગુનીબેન જયેશભાઇ પટેલ (ધામદોડ - લુંભા)**

તા. ૧૭/૦૭/૨૦૧૮ થી આજ પર્યન્ત



કા. સભ્યશ્રી

**શ્રી આયુષ પ્રબોધચંદ્ર નાયક (બારડોલી)**

તા. ૧૩/૦૮/૨૦૨૪ થી આજ પર્યન્ત

અભિનંદન

# અભિનંદની

## સંસ્થાના કર્મયોગીઓ



મેનેજર

**શ્રી દિનેશચંદ્ર ધનસુખભાઇ પ્રજાપતિ (બારડોલી)**

તા. ૨૫/૦૯/૨૦૦૦ થી આજ પર્યન્ત



આ.સી. મેનેજર

**શ્રી ચેતનભાઇ ઠાકોરભાઇ મૈસુરીયા (સરભોણ)**

તા. ૦૩/૦૮/૨૦૦૦ થી આજ પર્યન્ત



સિનિયર કલાર્ક

**શ્રી સુનિલભાઇ ભરતભાઇ રાજપૂત (બારડોલી)**

તા. ૦૩/૦૮/૨૦૦૦ થી આજ પર્યન્ત



સિનિયર કલાર્ક

**શ્રી જતિનભાઇ નવિનચંદ્ર ઢીંમર (તેન)**

તા. ૨૧/૦૪/૨૦૦૧ થી આજ પર્યન્ત



સિનિયર કલાર્ક

**શ્રી મિનેશકુમાર હરકિશનભાઈ પટેલ (બારડોલી)**

તા. ૦૧/૦૪/૨૦૦૭ થી આજ પર્યન્ત



જુન. કલાર્ક

**શ્રી જિગ્નેશ સુરેશભાઈ લાડ (તેન)**

તા. ૧૫/૦૯/૨૦૧૬ થી આજ પર્યન્ત



જુન. કલાર્ક

**શ્રી મનોજભાઈ રમેશભાઈ ખત્રી (બારડોલી)**

તા. ૧૫/૦૯/૨૦૧૬ થી આજ પર્યન્ત



સેવક

**શ્રી કાંતુભાઈ નટુભાઈ રાઠોડ(ધામદોડ - લુંભા)**

તા. ૧૬/૦૬/૨૦૦૧ થી આજ પર્યન્ત



સેવક

**શ્રી રાજુભાઈ છીતુંભાઈ આહિર (સાંકરી - ટીંબરવા)**

તા. ૦૧/૦૧/૨૦૦૩ થી આજ પર્યન્ત



સેવક

**શ્રી આયુષ કાંતિલાલ ગોહિલ (બારડોલી)**

તા. ૦૧/૧૨/૨૦૧૨ થી આજ પર્યન્ત



સેવક

**શ્રીમતિ પુષ્પાબેન દિલીપભાઈ પરમાર (બારડોલી)**

તા. ૦૩/૦૮/૨૦૦૦ થી આજ પર્યન્ત



સેવક

**શ્રીમતિ સંગીતાબેન ચેતનભાઈ પટેલ (બારડોલી)**

તા. ૧૭/૧૦/૨૦૧૬ થી આજ પર્યન્ત

અભિનંદન

# સહકારિતાનો અર્થ અને સહકારિતાની સફળતાનો મંત્ર તથા ઈતિહાસ

### આપણો યજુર્વેદનો સહકારી મંત્ર

'ૐ સહ નાવવતુ સહ નૌ ભુનક્તુ સહ વીર્યમ કરવાવહૈ,
તેજસ્વિના વધીતમસ્તુ, મા વિદ્વિષાવહૈ, ૐ શાંતિ: શાંતિ: શાંતિ:'

ભારતીય સંસ્કૃતિ તત્વત: ગ્રામ પ્રધાન, કૃષિ પ્રધાન, સહકારી સંસ્કૃતિ છે. સહકાર એ સંસ્કૃત ભાષાનો તત્સમ્ શબ્દ છે. સહ+કૃ=સહકાર. ગુજરાત વિદ્યાપીઠનાં સાર્થ જોડણીકોશમાં સહકારનાં બે અર્થ આપ્યા છે. એક તો સહકાર એટલે સાથે હળી મળીને કામ કરવું તે, એકબીજાને મદદગાર થવુ તે. સહકારનો બીજો અર્થ છે ''આંબો''. આંબો એ આપણું અત્યંત લોકપ્રિય વૃક્ષ છે, જે કેરી અમૃતફળ-મીઠું અને મધુર ફળ આપી તુષ્ટિ અને પરમાનંદ બક્ષે છે.

મેકડુગલ નામનાં મનોવૈજ્ઞાનિકે માણસની ચૌદ સહજવૃત્તિઓ દર્શાવી છે, જે પૈકીની એક મહત્વની સહજવૃતિ ''સહકાર'' છે. એટલે કે સહકાર એ એક સહજ સંસ્કાર છે, જે માત્ર માનવીમાં જ નહીં પણ પશુ-પંખી અને નાના મોટા તમામ જીવજંતુઓમાં તદ્દન સ્વાભાવિક રીતે જોવા મળે છે. સહકારમાં "ALL FOR EACH AND EACH FOR ALL"સૌ પ્રત્યેક માટે અને પ્રત્યેક સૌ માટે' એ સહકારનો મંત્ર છે. ભારતનાં લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલે ચેતવણી આપતાં કહ્યુ છે. 'સંગઠન વિનાનું સંખ્યાબળ એ બળ નથી. સૂતરનાં બારીક તાર જુદા-જુદા હોય છે, પણ જયારે મોટી સંખ્યામાં ભેગા થઈને મહોબત કરે છે, તાણા-વાણામા વણાઈને કાપડનું રૂપ લે છે ત્યારે એની મજબુતી, સુદરતા અને ઉપયોગિતા અદભુત બની જાય છે.'

'વિના સહકાર નહીં ઉધ્ધાર', 'એક હાથે તાળી ન પડે', 'એકથી બે ભલા', 'ઝાઝા હાથ રળિયામણા', 'સંપ ત્યાં જંપ,' 'ટીપે ટીપે સરોવર ભરાય ને કાંકરે કાંકરે પાળ બંધાય', 'ઝાઝા નબળા લોકોથી કદી ન કરીએ વેર, કીડી કાળા નાગનો પ્રાણ લે છે આ પેર', 'મોર પીંછેથી રૂડો, માનવી સમુહે રૂડો ' આ ઉકિતમાં સહકારનું દર્શન થાય છે.' સુખ વહેંચો તો વધશે અને દુ:ખ વહેંચશો તો ઘટશે' એ સર્વોદયી તત્વજ્ઞાન પણ સહકારનું જ એક દર્શન છે. જીવન એક સંઘર્ષ છે, જેમાં અનેક પડકારોનો સામનો કરવા સહકારી ધર્મનો સહજ સ્વીકાર એ જ શાણપણ છે. કીડી જેવા સુક્ષ્મ જીવજંતુઓથી શરૂ કરી હાથી જેવા કદાવર જાનવરને પણ જીવન સંઘર્ષોનો સામનો કરવા સમુહની ગરજ પડે છે. બિંદુમાંથી સિંધુ બને છે, કણમાંથી મણ અને ટન બને છે. લંગડો કે આંધળો એકલો પર્વત ઓળંગી શકતો નથી પણ આંધળો લંગડાને પોતાનાં ખભે બેસાડીને પરસ્પર સહકારથી બંને પર્વત પાર કરી શકે છે. ' સંઘે શકિત કલૌયુગે' એ હકીકત સ્વીકારીને જ આજનાં વૈશ્વિક સ્પર્ધાનાં યુગમાં, 'સહકાર' રૂપી નૌકા વડે સંસાર સાગરમાં સફળ થવાશે.

સહકારી ક્ષેત્ર એ ખાનગી અને જાહેરક્ષેત્રનાં દુષણોથી બચાવી, બંનેનાં લાભોનો સંવાદિતા સાધનાર ઉત્તમ મધ્યમમાર્ગી ક્ષેત્ર છે. તે મૂડીવાદનાં દૂષણો નિવારી સમાજવાદનાં લાભો બક્ષવા સમર્થ છે. સહકારી સમાજ એ માનવ ઉત્કર્ષનો એક રામબાણ ઉપાય છે. સહકારી સંસ્કૃતિએ મોટી

ઉત્ક્રાંતિ સર્જી, તે મજુરોને માલિક, ગ્રાહકને દુકાનદાર, દેવાદારને શાહુકાર, ભાડુઆતને મકાન માલિક અને અનેક નાના ધંધાદારીઓને વધુ સલામત, સુરક્ષિત અને સંપન્ન બનાવી, ગરીબીની-વિષમતા નિવારી શકે છે. એ માત્ર આર્થિક-સામાજિક પ્રવૃતિ જ નથી, તે એક અધ્યાત્મ અને વિકાસની પ્રવૃતિ પણ છે.

ફ્રેંચ રાજયક્રાંતિએ જગતની સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વનાં ત્રણ મહાન લોકશાહી આદર્શોની ભેટ આપી છે. આ ત્રણેયનો સુંદર સમન્વય સહકારી વ્યવસ્થામાં જોવા મળે છે. આથી જ આજે વિશ્વનાં તમામ રાષ્ટ્રો ભલે તે પછી મૂડીવાદી, સમાજવાદી કે સામ્યવાદી કોઇ પણ વિચારધારાથી રંગાયેલા હોય તો પણ સહકારમાં જ પોતાનું શ્રેય અને પ્રેય ઝંખે છે. સહકારનો ઈતિહાસ પણ દર્શાવે છે કે બ્રિટન જેવા મૂડીવાદી દેશમાંથી જ સહકારનો સૂર્યોદય થયો અને તે પણ સને ૧૮૪૪માં "રોશડેલ પાયોનિયર્સ" જેવા વણકરોનાં સામાન્ય સહકારી ભંડારથી. આજે તો સહકારનું વિશાળ વટવૃક્ષ આપણને વિશ્વભરમાં પ્રસરેલું જણાય છે. વિશ્વભરમા સહકારી પધ્ધતિ એક આર્થિક પધ્ધતિ તરીકે સૌથી વિશેષ સંવાદી, સમન્વયકારી, માનવતાવાદી પધ્ધતિ તરીકે આગવું સ્થાન સિધ્ધ કરી રહી છે. કારણ તેમાં માનવી કેન્દ્રસ્થાને છે.

## સહકાર ખાતાનો ટુંકો ઈતિહાસ:

વર્ષો પહેલાં દેશની મોટાભાગની વસ્તી ગામડામાં વસતી હતી. ગામડામાં મુખ્ય વ્યવસાય ખેતી હતો. ૧૯મી સદીમાં ખેડુતો ખેતી માટે નાણાકીય જરૂરીયાત માટે મુખ્યત્વે ગામનાં શેઠ શાહુકારો પાસે ઊંચા વ્યાજે ધિરાણ મેળવતાં. આ ઉંચા વ્યાજનાં કારણે ઘણાં ખેડુતો તો જમીન પણ ગુમાવી દેતા હતા અને ઘણાં આર્થિક રીતે પાયમાલ થઈ જતા. આપણે ઘણી જુની હિન્દી ફિલ્મોમાં ડાયલોગ સાંભળ્યા છે કે " ઉસકે અંગુઠે કે નિશાન લે લો, ઠાકુર". અંગુઠાનું નિશાન લીધુ એટલે બિચારો ખેડુત જમીન વિહોણો. ટૂંકમાં ખેડુતોને વાજબી દરે ધિરાણ મળે તો ખેડુતોનો આ આર્થિક પ્રશ્ન ઉકેલાય તેમ હતો. તે માટે લેન્ડ ઈમ્પ્રુવમેન્ટ લોન્સ એકટ ૧૮૮૩ તથા ખેડુતો માટે ધિરાણનો કાયદો ૧૮૮૪ ઘડી કાઢવામાં આવ્યો હતો.

ખેડુતોને ખેતી માટે જરૂરી નાણાની સગવડ સસ્તા વ્યાજનાં દરે થાય અને સહેલાઈથી વાજબી શરતોએ નાણાં મળે તો જ ખેડુતોનો આર્થિક પ્રશ્ન ઉકેલાય તેમ હતો. તે માટે તે વખતની કેન્દ્ર અને રાજય સરકારો તરફથી પણ પ્રયત્નો કરવામાં આવ્યા હતા. તે સમયે યુરોપમાં સર રેફીજને ગ્રામ્ય શરાફી મંડળીઓ સહકારી ધોરણે શરૂ કરેલી. આથી સહકારી પધ્ધતિનો ઉપયોગ ભારતનાં ગ્રામ્ય વિસ્તારનાં આર્થિક પ્રશ્નોનાં ઉકેલ માટે કરવાનો વિચાર તે વખતની મદ્રાસ સરકારે કર્યો અને સર ફ્રેડ્રિક નિકોલ્સનને યુરોપનાં પ્રવાસે મોકલ્યા. સર નિકોલ્સને ત્યાં ચાલતી ખેતવિષયક પેઢીઓનો સાંગોપાંગ અભ્યાસ કરીને એક વિસ્તૃત અહેવાલ રજૂ કર્યો. તે અહેવાલનો નિચોડ હતો "રેફીજન શોધી કાઢો". રેફીજને શરૂ કરેલી ગ્રામ્ય શરાફી મંડળીઓની જેમ સહકારી મંડળીઓ આ દેશમાં શરૂ કરવાથી ગ્રામ્ય વિસ્તારમાં સારી આર્થિક પ્રગતિ સાધી શકાશે તેવો સર નિકોલ્સનાં અહેવાલને લક્ષમાં રાખીને ભારતનાં તે વખતનાં કેટલાંક પ્રાંતોમાં આ પ્રકારની સહકારી મંડળીઓ શરૂ કરવામાં આવી. આવી સહકારી મંડળીઓ સાચવવાનાં છુટા છવાયા પ્રયાસોથી કાંઈ ખાસ ફાયદો થયો નહીં તેવો અભિપ્રાય તે વખતનાં વાઈસરોય લોર્ડ કર્ઝને આપ્યો. તેથી સમગ્ર દેશમાં આ યોજના તપાસી, કયા ધોરણે કાયદો ઘડવો તેની તપાસ માટે સર એડવર્ડ લો ને નીમવામાં આવ્યા. સર એડવર્ડ લો ની તપાસ અને કરેલાં સુચનોને ધ્યાને લઈ સને ૧૯૦૪માં સહકારી શરાફી

મંડળીઓનો કાયદો પસાર કરવામાં આવ્યો. આ કાયદામાં સહકારી ધોરણે નાણાં ઉભા કરી ધિરધાર કરવા ગ્રામ્ય શરાફી મંડળીઓ ઉભી કરવાની જોગવાઈ હતી.

ટૂંકમાં ઈતિહાસ જોતા ભારતમાં સહકારી પ્રવૃતિની વિધિવત શરૂઆત સને ૧૯૦૪ થી શરૂ થઈ. ભારત દેશમાં સહકારી પ્રવૃત્તિનો પાયો કાયદો પસાર કરી સરકારશ્રી તરફથી નાંખવામાં આવેલ છે. સને ૧૯૦૪નો સહકારી મંડળીઓનો કાયદો સમગ્ર દેશ માટે હતો. સાથે સાથે સ્થાનિક પરિસ્થિતીને અનુલક્ષીને રાજય સરકારો/પ્રાંત સરકારોને કાયદામાં જરૂરી ફેરફાર કરવાની સત્તાઓ પણ આપવામાં આવી હતી. સન ૧૯૦૪નાં કાયદામાં ફકત શરાફી મંડળીઓ નોંધવાની જોગવાઈ હતી. અન્ય કોઈ પ્રકારની સહકારી મંડળીઓ માટેની જોગવાઈઓ ન હતી. આથી સને ૧૯૧૨માં નવો સહકારી કાયદો અમલમાં આવ્યો. સને ૧૯૧૯માં મોન્ટફર્ડ સુધારાનાં પરિણામે "સહકાર પ્રાંતિક" વિષય બન્યો. મુંબઈ સરકારે પહેલ કરીને સને ૧૯૨૫માં મુંબઈની સહકારી મંડળીઓનો કાયદો પસાર કર્યો. સને ૧૯૬૦માં મુંબઈ રાજયનું વિભાજન થતાં ગુજરાત રાજય અલગ પડયું. તા.૦૧-૦૫-૧૯૬૦થી ગુજરાત રાજયની રચના પછી ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ-૧૯૬૧ અમલમાં આવ્યો. ત્યારથી આ કાયદાનાં અમલીકરણની કામગીરી ગુજરાત સરકારનાં સહકાર ખાતા દ્વારા થાય છે.

પરંતુ તાજેતરમાં કેન્દ્ર સરકારે સહકારી પ્રવૃત્તિ થકી દેશનાં વિકાસને વેગ આપવા માટે નવા સહકાર ખાતાની રચના કરી છે. ભારતનાં યશસ્વી વડાપ્રધાન મા.શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સહકારથી સમૃધ્ધિ આવશે તે માટે સહકારે સમૃધ્ધિ દ્વારા ભારત નિર્માણનો મુખ્ય મંત્ર આપ્યો છે. અને સહકારી સંસ્થાઓ દ્વારા દેશનાં વિકાસની બ્લુ પ્રિંટ તૈયાર કરવામાં આવી. સહકાર મંત્રાલયની રચના બાદ ખૂબ જ ટૂંકા ગાળામાં પ્રથમ કેન્દ્રિય સહકારી મંત્રી મા.શ્રી અમિતભાઈ શાહની આગેવાની, દીર્ઘદ્રષ્ટી અને માર્ગદર્શન હેઠળ સહકાર મંત્રાલય દ્વારા સહકારી માળખાનાં વિકાસ માટે મહત્વનાં પગલાં લેવામાં આવ્યા જેમાં સહકારી સંસ્થાઓ દ્વારા નાના માણસો માટે રોજગારીનું સર્જન થશે અને ખેડુતોની સાથે નાના નાના ઉદ્યોગ સાહસિકોને પણ આત્મનિર્ભર બનાવવામાં આવશે. ટૂંકમાં સહકારી ક્ષેત્ર દ્વારા દેશનાં ખેડૂતો, કૃષિ અને ગ્રામિણ તેમજ શહેરી વિસ્તારોનો વિકાસ અને સશકતીકરણનું કામ કરવામાં આવશે.

ચાલો હજી આપણાં પગ તળેથી સહકારી ધરતી લોપાય તે પહેલા તેને સજીવ-સક્રિય અને ચેતનશીલ તેમજ પ્રાણવાન રાખવા સહકારી જન-ગણ, સૌ યુધ્ધનાં ધોરણે મચી જઈ બચાવી લઈએ. ખેડુતોને પોતાના પાકનું વાજબી વળતર મળે અને વાજબી દરે ધિરાણ મળી રહે તે માટે સહકારી ધોરણે યોગ્ય અયોજન કરીએ, ઉપરાંત પોતાની સામાજિક જવાબદારી સમજી આજે જયારે પ્રદૂષણે માઝા મુકી ત્યારે અને "**GLOBAL WARMING**"ની નવી સમસ્યાએ પર્યાવરણ સરંક્ષણ અને પ્રકૃતિ રક્ષાનો નવો જ પડકાર સર્જયો છે, ત્યારે "વૃક્ષ વાવો-વવરાવો", "જંગલ કપાતાં બચાવો" જેવાં અભિયાનની તાતી જરૂરિયાત વરતાય છે. ઘરે-ઘરે, ગામે-ગામ, નગરે-નગરે વૃક્ષોથી હરીયાળી ધરતી સર્જી પૃથ્વી પર સ્વર્ગાનંદ માણીએ. પ્રત્યેક નાની-મોટી સહકારી સંસ્થા પોતાનાં કેમ્પસમાં વૃક્ષ ઉછેરથી શુધ્ધ હવાની લિજજત માણવાનું આયોજન કરે. "સૌનું કરો કલ્યાણ, દયાળુ પ્રભુ, સૌનું કરો કલ્યાણ" એજ સહકારી અભ્યર્થના.

|| જય સહકાર ||

# બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લિ.



**પ્રમુખશ્રી**

**નિરંજન માનાજી મિસ્ત્રી**

બારડોલી જનતા કો-ઓ.ક્રેડિટ સોસાયટી લિ. સહકારીક્ષેત્રમાં લોકસેવાનાં અગત્યનાં ૨૫ વર્ષ પૂર્ણ કરી **''સિલ્વર જ્યુબિલી વર્ષ ''** ઉજવી રહ્યું છે, ત્યારે સંસ્થાનો ઉદ્‌ભવ અને સંસ્થાનાં વિકાસકૂચનાં ઈતિહાસથી આપ સૌ વાકેફ જ છો એવી શુભ ભાવનાથી સહકારીક્ષેત્રની સંક્ષિપ્ત યશગાથા આદરપૂર્વક રજૂ કરતાં આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું.

વર્ષ ૨૦૦૦ની સાલમાં શરૂ થયેલી બારડોલી જનતા કો-ઓ.ક્રેડિટ સોસાયટી લિ.નાં સંચાલક મંડળમાં ડિરેક્ટર તરીકે આમ તો હું તા. ૨૭-૦૬-૨૦૧૦થી કાર્યરત છું. સક્રિય કાર્યકર તરીકે મે શરૂઆતથી જ સેવા આપી છે. પરતું વર્ષ ૨૦૧૭માં સફળ ઉપસુકાની નરેશભાઈ પટેલ (અસ્તાન) નાં દુ:ખદ અવસાન પછી મારી સંસ્થાનાં ઉપપ્રમુખ તરીકે એકરાગીતાથી સર્વાનુમતે વરણી કરવામાં આવી. આ દુ:ખદ ક્ષણ જયાં ભૂલ્યા નહીં ત્યાં સંસ્થાનાં નવા મકાન "સમુત્કર્ષ ભવન"નાં તા.૦૯-૧૦-૨૦૧૬નાં રોજનાં ઉદઘાટક અને ઉદઘાટનનાં બરાબર પાંચ વર્ષ બાદ સંસ્થાનાં મહાનાયક માનનીય શ્રી પ્રબોધચંદ્ર ધીરજરામ નાયક યાને બારડોલી નગર તેમજ આજુબાજુનાં વિસ્તારોમાં પી.ડી.નાયક સાહેબનાં હુલામણા નામથી જાણીતા સંસ્થાનાં સ્થાપક પ્રમુખશ્રીનું તા. ૦૯-૧૦-૨૦૨૨નાં રોજ દુ:ખદ નિધન થતાં આ દુ:ખદ ક્ષણોમાં સંસ્થાનાં હિતમાં મારી પ્રમુખ તરીકે સર્વાનુમતે બિનહરીફ વરણી કરવામાં આવી. મારા ઉપર વિશ્વાસ રાખવા બદલ મારાં વર્તમાન સંચાલક બોર્ડનો હું આભારી છું.

વર્ષો પહેલાં એટલે કે વર્ષ ૧૯૦૪માં એક નાના પ્રયાસનાં આરંભથી આજે સવાસો વર્ષનાં સહકારી ક્ષેત્રની પ્રગતિનાં ઈતિહાસને જોઈશું તો સહકારી ક્ષેત્રે તેમાં ખાસ કરીને કો-ઓપરેટીવ ક્રેડિટ સોસાયટી મહત્વનું સ્થાન ધરાવે છે. તેમાં ખાસ કરીને બારડોલી જનતા કો-ઓ.ક્રેડિટ સો.લિ. એટલે કે લોકોનાં શબ્દે બોલાતી "બારડોલી જનતા બેંક" યાને "પી.ડી.નાયક સાહેબની બેંક" આ શબ્દએ વધુ શ્રધ્ધેય અને સભાસદો મારફત સહેલાઈથી નિયમનમાં રાખી શકાય તેવી પ્રતિભા ઉપસાવી છે.

પહેલાં સહકાર ક્ષેત્રે એટલી જન જાગૃતિ ન હતી જેટલી આજે છે. અત્યારે દરેક સભાસદો જાગૃત થયા છે અને ડિજીટલ તથા ઈન્ટરનેટ યુગમાં તમામ માહિતી ફોનમાં જ આંગળીનાં ટેરવે મળી રહી છે ત્યારે લોકો સહકારનું મહત્વ સમજતા થયા અને તેનો લાભ લેતા થયા છે. આપણી સંસ્થા દ્વારા પણ ઉપરોકત બાબતો ધ્યાનમાં રાખી ડીજીટલ માધ્યમથી તથા **SMS** દ્વારા સભાસદોને અગત્યની તમામ માહિતી મોકલી રહ્યા છે. તથા સંસ્થાએ **WWW.bardolijanta.com** નામની વેબસાઈટ પણ બનાવી છે, જેથી સંસ્થાની દરેક અગત્યની માહિતી સભાસદોને દુનિયાનાં કોઈપણ ખૂણે આંગળીનાં ટેરવે મળી શકે છે.

એમ પણ ૨૧મી સદી પછીનો યુગ વિજ્ઞાન અને ટેકનોલોજીને આભારી છે. સતત પ્રગતિ કરવી એ જ મનુષ્યનો સ્વભાવ છે. સહકારી સંસ્થાઓનું કાર્ય જ સમાજ ઉપયોગી બનવાનું છે તથા દેશનાં વિકાસ માટે સહકારી સંસ્થાઓ માટે સમાજનો સામાન્ય વર્ગ જ કેન્દ્રસ્થાને હોવો જરૂરી છે. આજે હું દિન પ્રતિદિન બારડોલી જનતા કો-ઓ.ક્રેડિટ સો.લિ.નો વિકાસ જોઈ ગૌરવ અનુભવુ છું. બારડોલી જનતા કો.ક્રેડિટ સોસાયટી લિ. સહકારી મુલ્યો, વિશેષતાઓ અને સિધ્ધાંતોને કાર્યશીલ રાખી ગરીબો, શોષિત, અલ્પ સાધનો ધરાવતાં નબળા અને મધ્યમ વર્ગનાં લોકો માટે નાના માણસોની એક મોટી બેંક બની સમાજમાં સેવાની સુવાસ ફેલાવી રહી છે, કારણ કે તમામ કારોબારી સભ્યશ્રીઓ, કર્મચારી ગણ અને સભાસદ મિત્રો સૂરમાં સૂર મિલાવીને કાર્ય કરી રહ્યા છે.

આજે ભારતમાં સહકારી ક્ષેત્રે પ્રમાણિક એવા સહકારી આગેવાન કાર્યકર્તાઓને કારણે જ આર્થિક રીતે પગભર બની છે. દરેક સંસ્થાનાં વિકાસમાં તેમનાં પદાધિકારીઓ, વ્યવસ્થાપક કમિટીનાં સભ્યો અને કર્મચારીગણ તથા સભાસદ મિત્રો જ મુખ્ય સૂત્રધાર છે, સ્થાપક પ્રમુખ સ્વ. પી.ડી.નાયક સાહેબ, સ્વ.શ્રી પ્રેમજીકાકા, શ્રી હર્ષદભાઈ મૈસુરીયા, સ્વ.શ્રી કિરીટભાઈ શાહ તથા સ્વ.શ્રી શિવજીભાઈ વિગેરેએ તેમનાં કાર્યકાળ દરમ્યાન સંસ્થાની છાપ બગડે નહીં તેની સંપૂર્ણ કાળજી રાખી હતી, હવે આ જવાબદારી પ્રવર્તમાન સંચાલક મંડળ અને આપણાં સૌની નૈતિક અને પવિત્ર ફરજ છે જેનો ખ્યાલ રાખવો અત્રે નોંધનીય બાબત છે તથા સંસ્થાનાં સ્થાપક સંચાલકો કે જેમણે આ સંસ્થાને તેનાં ઉદ્દેશો મુજબ સભાસદ સેવાલક્ષી બનાવી કામકાજમાં વૈવિધ્ય સાથે સંગીનતા, પારદર્શિતા સ્થાપી વ્યાસાયિક અભિગમ અપનાવવામાં યોગદાન આપેલ હોય આજનાં રજત જયંતિ ઉત્સવમાં તેમનું ગૌરવપૂર્ણ સન્માન કરી આપણે કૃતાર્થતા અનુભવીએ...

લિ.

આપનો સહકારી

|| જય સહકાર ||

નિરંજન માનાજી મિસ્ત્રી

પ્રમુખ

બારડોલી જનતા કો-ઓ.ક્રેડિટ સો.લિ.

# બારડોલી જનતા
# કો-ઓ. ક્રેડિટ સોસાયટી લિ.



ઉમપ્રમુખશ્રી

**મનિષભાઈ સી. પટેલ**

બારડોલી જનતા કો-ઓ.ક્રેડિટ સોસાયટી લિ.નાં રજત જયંતિ મહોત્સવનાં આનંદમય અને માંગલિક પ્રસંગે આપની સમક્ષ આજનાં સભારંભમાં ઉપસ્થિત થતાં આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું. બારડોલી જનતા કો-ઓ.ક્રેડિટ સોસાયટી લિ. વર્ષ ૨૦૦૦માં કાર્યરત થઈ અને આજદિન સુધી સતત વિકાસ કરી રહી છે. આજે સંસ્થાનાં સફળતાનાં ૨૫ વર્ષમાં પ્રવેશતા આપણે ગૌરવ પૂર્વક સિલ્વર જયુબીલી ઉજવી રહ્યા છીએ ત્યારે સંસ્થાનાં આદ્યસ્થાપકો કે જેમનાં મનમાં સામાન્ય,મધ્યમ અને નીચલા વર્ગનાં લોકોનાં આર્થિક ઉત્થાન માટેનો વિચાર આવ્યો તેમને કોટિ કોટિ વંદન. એમની યાદ હંમેશા આપણાં માનસપટ પર જીવંત રહેશે.

બારડોલી જનતા કો-ઓ.ક્રેડિટ સોસાયટીએ સહકારીતાનાં સાતે સિધ્ધાંતમાં "સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર" અને "સમાજ પરત્વે ઉત્તરદાયિત્વ" ને ધ્યાનમાં રાખી સામજમાં અનેકવિધ સેવાનાં લોકોપયોગી કાર્યો કર્યા છે અને ભવિષ્યમાં પણ કરતાં રહેશે. આજનાં સ્પર્ધાત્મક ક્ષેત્રમાં, જયાં મહાત્વાકાંક્ષા અને નવીનતા મોટા ભાગે કેન્દ્રસ્થાને હોય છે ત્યારે એક શકિતશાળી લક્ષણ તેમને અલગ તારવી શકે છે અને તે છે "નમ્રતા". આ નમ્રતા જ સહયોગનાં દ્વાર ખોલે છે. જેઓ ટીમ સાથે નમ્રતા પૂર્વકનાં અભિગમ સાથે વર્તે છે ત્યાં એવા માહોલનું નિર્માણ થાય છે કે આઈડિયા મુકતપણે શેર થાય છે અને ટીમનાં દરેક સભ્યની યોગ્ય કિંમત પણ થાય છે. નમ્ર સંચાલક મંડળની સાચી નમ્રતા ટકાઉ સફળતા માટે પ્રેરક બની શકે છે તે આપણી સંસ્થાનાં સંચાલક મંડળ દ્વારા સાબિત થઈ રહયું છે.

સંસ્થાનાં વિકાસમાં સંચાલક મંડળ ઉપરાંત કર્મચારીગણ પણ કેન્દ્રસ્થાને હોય છે. છેવટે કામગરી તો તેમણે જ કરવાની હોય છે. સંસ્થાનાં કર્મચારીઓ પગાર અને સમયને ધ્યાનમાં ન રાખતાં ફકત સંસ્થાનાં હિતને નજર સમક્ષ રાખી કાર્ય કરે તો સંસ્થા આપોઆપ જ મજબૂત થાય અને સંસ્થા પણ આવા જ કર્મચારીઓની કદર કરે છે. સંસ્થામાં સેવકગણથી માંડી મેનેજર કક્ષા સુધીનાં કર્મચારીઓ એક સાંકળ બની કાર્ય કરી રહ્યાં છે. જે સંસ્થામાં આવી

સુવ્યવસ્થા હોય તેનાં કર્મચારીને કોઈ પણ પ્રકારની મુશ્કેલી રહેતી નથી. આજે ઘણી જગ્યાએ કર્મચારીઓનાં યુનિયનો જોવા મળે છે. યુનિયનોથી કર્મચારીઓની બુધ્ધિશકિતનો હ્રાસ થાય છે. સંસ્થામાં ભાવાત્મક એકતા અને આંતરિક સહકાર ગોઠવાય, સૈધ્ધાંતિક મૂલ્યો સચવાતા રહે તો ખરા અર્થમાં સંસ્થાની પ્રવૃત્તિ આમજનતાની પ્રવૃત્તિ બની રહે અને આર્થિક રીતે સક્ષમ બની રજત જયંતિ સુધી પણ હરણફાળ ભરી શકે છે તેનું ઉત્તમ ઉદાહરણ આપણી સંસ્થા છે.

સતત શીખતા રહેવું અને તેનાં થકી પોતાને કે સંસ્થાને કે સંસ્થામાં જે નિર્ણયો માટે તમે જવાબદાર છો તેને સુધારતાં રહેવું એક સારા સંચાલક મંડળની જવાબદારી છે. ભૂલો એ શીખવાની પ્રક્રિયાનો એક ભાગ છે. પરંતુ જો એકની એક ભૂલને દોહરાવતા રહીશું તો તેની નકારાત્મક અસરો આપણાં વ્યકિતત્વમાં પણ જોવા મળશે. વોરેન બફેટ,માર્ક ઝુકરબર્ગ અને એવાં ઘણાં ઉદાહરણો છે કે સફળ બિઝનેસ લીડરોએ પણ ભૂલ કરી છે. પરંતુ નિષ્ઠા,પ્રામાણિકતા, વફાદારી અને વિશ્વાસથી કાર્યો કરી તેઓ આજે કયાં છે. તેનાથી આપ સૌ પરિચિત જ છો. આ બાબત ધ્યાનમાં રાખી સંસ્થાનાં પ્રમુખશ્રી નિરંજનભાઈ, માનદમંત્રીશ્રી જગદીશભાઈ, સહમંત્રીશ્રી નિલેશભાઈ ગુપ્તા, મેનેજરશ્રી દિનેશભાઈ, કારોબારી સભ્યશ્રીઓ, કર્મચારી ગણ તથા સભાસદ મિત્રો અને શુભેચ્છકો સતત કાર્યરત રહી સંસ્થાને સહકારીક્ષેત્રે નામનાં અપાવવા અડીખમ રહેશે એવી આશા રાખુ છું.

આજે જયારે આપણી સંસ્થા ૨૫ વર્ષ પૂર્ણ કરે છે ત્યારે સંસ્થાનાં વર્તમાન ઉપપ્રમુખ તરીકે "આ સંસ્થા આપણી છે અને હું તેને વફાદાર રહી પ્રામાણિકતાથી કાર્ય કરીશ" એવા મૂળમંત્ર સાથે મંડળીનાં વિકાસ માટે સદૈવ કાર્યરત રહીશ. આપણી સંસ્થા ઉત્તરોત્તર પ્રગતિનાં સોપાન સર કરે એવી શુભેચ્છા સાથે

|| જય સહકાર ||

લિ.
આપનો સહકારી
મનિષભાઈ સી. પટેલ
ઉપપ્રમુખ
બારડોલી જનતા કો-ઓ.ક્રેડિટ સો.લિ.

# બારડોલી જનતા
# કો-ઓ. ક્રેડિટ સોસાયટી લિ.

અભિનંદન

## સંસ્થાની ઝાંખી અને વિકાસ ગાથા



માનદ્‌મંત્રી

**જગદીશભાઈ એચ. પટેલ**

સંસ્થામાં ડિરેકટર તરીકે મારી નિમણુંક તા.૧૯-૦૬-૨૦૦૫નાં રોજ થઈ હતી. તે વખતે માનદ્‌મંત્રી તરીકે સ્વ. કિરીટભાઈ શાહ હતા. એપ્રિલ ૨૦૧૨માં તેમની નાદુરસ્ત તબિયતને લઈ ઈન્ચાર્જ માનદ્‌મંત્રી તરીકે મને જવાબદારી સોંપવામાં આવી. શ્રી કિરીટભાઈ શાહનું એપ્રિલ ૨૦૧૨ નાં રોજ દુઃખદ નિધન થતાં તા.૨૫-૦૬-૨૦૧૨નાં રોજ થી આજ દિન સુધી માનદ્‌મંત્રી તરીકે સેવા આપી રહ્યો છું.

બારડોલી જનતા કો-ઓ.ક્રેડિટ સોસાટીની સ્થાપનાને પચ્ચીસ વર્ષ પૂર્ણ થયા છે. સંસ્થાની સ્થાપનાનો મુળ ઉદ્દેશ બારડોલી નગર તથા સંસ્થાનાં કાર્યક્ષેત્રમાં રહેતાં લારીવાળા, ટોપલો લઈને શાકભાજી વેચવાવાળા જેઓ પોતે ઉંચા વ્યાજે, વ્યાજ ખોરો પાસેથી પૈસા લઈ પોતાનો ધંધો કરી પેટીયું રળતાં હતાં. આ વાત અચાનક સંસ્થાનાં સ્થાપક ઉપપ્રમુખ સ્વ.પ્રેમજીકાકાનાં કાન ઉપર પડી. આ લોકો રોજનું જેટલું કમાતાં તેના ૫૦ ટકા ઉપર તો વ્યાજમાં આપી દેતા. સ્વ.પ્રેમજીકાકાએ સ્થાપક પ્રમુખ સ્વ. શ્રી પ્રબોધભાઈ નાયક તથા શ્રી હર્ષદભાઈ મૈસુરીયા સાથે ચર્ચા કરી કે આ સામાન્ય લોકો માટે કંઈ કરવું જોઈએ. શ્રી હર્ષદભાઈ મૈસુરીયાએ એક નવી સહકારી મંડળી ચાલુ કરવાનું સૂચન કર્યુ અને જરૂરી કાર્યવાહી કર્યા બાદ નગરનાં જાગૃત નાગરિકોનાં સહકારથી તા.૨૯-૦૪-૨૦૦૦નાં રોજ મંડળીની રજિસ્ટ્રેશન નંબર સા.૩૩૯૦થી સ્થાપનાં થઈ. પરંતુ તે સમયે સભાસદો એકઠા કરવાનું કામ ઘણું કઠિન હતુ. પરંતુ સ્થાપક પ્રમુખ સ્વ. પ્રબોધભાઈ મને કાયમ કહેતા કે "હંમેશા મહાન પ્રયોજનનાં શ્રેયાધિકારી બનવું જોઈએ". આ માટે તમારે શરૂઆતમાં તો એકલા જ ચાલવું પડશે. કવિ ટાગોરે સાચું જ કહ્યું હતું કે જો સત્ પ્રયોજનની દિશામાં કંઈ કરવું કે સજાવવું હોય તો "એકલા ચાલો રે" ની નીતિ અપનાવવી અને તેને અનુરૂપ સાહસ બતાવવું જોઈએ. ગીતાકારની સલાહ મુજબ જયારે સમગ્ર સંસાર મોહ નિદ્રામાં લાંબો થઈને સૂઈ રહ્યો હોય ત્યારે યોગીઓએ તેનાથી ઊલટું જાગતાં રહીને માનવ સમુદાયની સુરક્ષા માટે હિંમત વધારવી જોઈએ.

સંસ્થાનાં રજિસ્ટ્રેશન બાદ શેરભંડોળ એકત્રિત કરતી વખતે સ્થાપકોને ઘણી તકલીફોનો સામનો કરવો પડયો હતો. જોકે કોઈ પણ સર્જનનો દઢ સંકલ્પ લેનાર પ્રામાણિક અને પ્રતિભાશાળી હોય તો એકલા હાથે પણ નૈયા પાર કરી શકે છે, કારણ કે નિષ્ઠાયુકત પુરુષાર્થમાં અદભુત આકર્ષણ હોય છે. લોકમંગળ માટે ભગીરથે સુરસરિને પૃથ્વી પર બોલાવ્યા, તો બ્રહ્મા-વિષ્ણુએ ગંગાને પ્રેરણા કરીને મોકલી. ગંગાને ધારણ કરવા માટે શિવજી તત્કાળ તૈયાર થઈ ગયા. નવસર્જનમાં જોડાયેલાં વ્યકિતઓને કોઈ મદદ ન મળે એવું તો બની જ ન શકે. જો હનુમાન, અંગદ, નલ-નીલ જેવા રીંછ, વાનરો એકત્ર થઈને શ્રી રામને જિતાડવાનું શ્રેય મેળવી શકે તો, નવસર્જનનાં કાર્યક્ષેત્રમાં જોડાયેલાં યોદ્ધાઓની મદદ કરવા માટે અદ્રશ્ય સત્તા દ્રશ્ય કાર્યક્રમોનાં રૂપમાં મદદ કરવા દોડીને અવશ્ય આવે છે. આ કથન ધ્યાનમાં રાખી સ્થાપકોએ સતત મહેનત કરી અને એકદમ ટુંકા સમયમાં સંસ્થાની પ્રગતિ આજે આપની સમક્ષ છે.

રજિસ્ટ્રેશન પહેલાં વર્ષ ૨૦૦૦ માં સંસ્થાનાં સ્થાપક ડિરેકટર શ્રી હરકાંતભાઈ પારેખે ૬ માસ સુધી વગર ભાડાથી નારાયણ ચેમ્બર્સમાં પોતાની દુકાન સેવા માટે આપી હતી અને ત્યાંથી સુચિત મંડળી તરીકે કામગીરી શરૂ કરી હતી. સ્થાપક માનદમંત્રીશ્રી હર્ષદભાઈ મૈસુરીયા તથા સ્થાપક ડિરેકટર સ્વ.પ્રફુલભાઈ દેસાઈએ તે સમયે જાતે ઘરે ઘરે જઈ શેરનાં નાણાં ઉઘરાવી સેવા આપી હતી.

રજિસ્ટ્રેશન બાદ સંસ્થાએ મુદિત પેલેસમાં ભાડાની ઓફિસ રાખી તા. ૨૬-૦૮-૨૦૦૦નાં રોજ શરૂઆત કરી હતી. આ પચ્ચીસ વર્ષમાં એકરાગીતાથી મધ્યમ અને સામાન્ય વર્ગનાં માણસોને મદદરૂપ થવાની ભાવના સાથે, કોઈ પણ જ્ઞાતિ કે જૂથનાં વર્ચસ્વ વગર કોઈ પણ પ્રકારનાં ભેદભાવ વિના તમામ સભાસદોને આર્થિક રીતે પગભર થવામાં સંસ્થા હંમેશાં અગ્રેસર રહી છે. સંસ્થાનો બારડોલી નગરનાં વિકાસમાં અમૂલ્ય ફાળો છે. સંસ્થાએ શરૂઆતથી આજ દિન સુધી "અ" વર્ગ પ્રાપ્ત કરેલ છે. સંસ્થાનાં કુલ ૮૦૦૦ જટેલાં સભાસદો છે. સભાસદ થાપણ રૂ.૯૫ કરોડ જેટલી છે, અને રૂ.૬૫ કરોડ ધિરાણ મળી કુલ ૧૬૦ કરોડનો બિઝનેસ છે. સંસ્થા દર વર્ષે પ્રગતિ કરી રહી છે. વર્ષ ૨૦૧૧માં સંસ્થાએ ૧૦ વર્ષ પૂર્ણ કરી ગૌરવભેર દશાબ્દિ વર્ષની ઉજવણી કરી હતી, જેમાં તમામ માજી ડિરેકટર્સશ્રીઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતુ અને સંસ્થા માટે તેમણે આપેલ સેવાની નોંધ લેવામાં આવી હતી.

સંસ્થાએ ૨૦૦૭-૦૮માં એકદમ ટૂંકા ગાળામાં પોતાની ઓફિસ મુદિત પેલેસમાં ખરીદી હતી. સંસ્થાની વધતી જતી કામગીરી અને વિકાસને ધ્યાનમાં લઈ તમામ જરૂરી મંજૂરી મેળવી પરશુરામ નગર, સ્વામિનારાયણ મંદિર સામે, બારડોલીમાં વર્ષ ૨૦૧૫માં જમીન ખરીદીને સભાસદોની સુવિધા માટે "સમુત્કર્ષ ભવન" તૈયાર કર્યુ અને તેમાં ૯૦૦ જેટલાં લોકરોની સુવિધા પણ કરવામાં આવી છે. સંસ્થા પચ્ચીસ વર્ષનાં ગાળામાં સભાસદોનાં અભૂતપૂર્વ સહકારથી ઉત્તમ કાર્યશૈલી અને સભાસદોનાં હિતની સદા હિતચિંતક એવી નિતી રીતીઓ તથા દીર્ઘ દ્રષ્ટિપૂર્વકનાં આયોજનને કારણે તેનાં હેતુઓને સાકાર કરવાની દિશામાં નોંધનીય રીતે આગળ વધી રહી છે. સને ૨૦૧૯-૨૦નાં વર્ષ માટે સુરત જિલ્લામાં શ્રેષ્ઠ કામગીરી માટે સુરત જિલ્લા સહકારી સંઘ, સુરત દ્વારા આયોજિત શિલ્ડ હરીફાઈમાં આપણી સંસ્થાને પ્રથમ ક્રમ

મળ્યો હતો, તેનો શ્રેય તમામ સભાસદ ભાઈ બહેનોએ સંચાલક મંડળ પર મુકેલો વિશ્વાસ અને કર્મચારીગણની કામગીરી તથા સભાસદોને જાય છે.

કોઈ પણ રાજય કે દેશનાં વિકાસમાં સહકારી ક્ષેત્રનો ફાળો સવિશેષ હોય છે. સમાજનાં નાના વર્ગો માટે એક તાંતણે બંધાઈ સ્વ સાથે સર્વનો વિકાસ કરવાનું પ્લેટફોર્મ એટલે સહકારી ક્ષેત્ર. માત્ર આર્થિક બાબતોને બદલે સામાજિક દાયિત્વનું વહન પણ સહકારી ક્ષેત્રે કરવામાં આવે છે. સંસ્થાએ આ ૨૫ વર્ષ દરમ્યાન સ્કૂલ, કોલેજ, હોસ્પિટલ, સેવાકીય ટ્રસ્ટો વિગેરેને જરૂરી નાણાકીય રીતે સહાય પૂરી પાડી છે. જેની વિગતવાર માહિતી પણ આ અંકમાં આપી જ છે. સરદાર હોસ્પિટલ બારડોલીમાં આંખ ઓ.પી.ડી વિભાગ સંસ્થાના નામે ચાલે છે. આપણે સંસ્થાનું સામાજિક ઉત્તરદાયિત્વ સમજી તા.૨૨-૦૪-૨૦૨૩નાં રોજ "શ્રી અન્ન મહોત્સવ" નું સફળ આયોજન કર્યુ હતુ. અને દરેક સભાસદો પોતાનાં સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત થાય તે માટે મિલેટ્સનાં લોટની કિટ ( બાજરી, જુવાર, જવ, નાગલી ) જેવા મિલેટ્સની રેસીપી તથા મિલેટ્સનાં ફાયદા દર્શાવતી પુસ્તિકાનું વિતરણ કર્યું હતું. આ આયોજન કરનાર ગુજરાતની કુલ ૮૭૨૦૧ મંડળીમાંથી પ્રથમ આપણી બારડોલી જનતા કો-ઓ.ક્રેડિટ સો.લિ.હતી. આ સેવાકીય પ્રવૃતિ થકી આપણી સંસ્થા સામાજિક જવાબદારી અદા કરવામાં મોખરે રહી છે.

|| જય સહકાર ||

લિ.
આપનો સહકારી
જગદીશભાઈ એચ. પટેલ
માનદ્‌મંત્રી
બારડોલી જનતા કો-ઓ.ક્રેડિટ સો.લિ.

## સહકારી સંસ્થાઓ અને પબ્લિક રિલેશન



સહમંત્રી

**નિલેશભાઈ જી. ગુપ્તા**

આજનાં સમાજનો ઉદ્‌ભવ જન જન વચ્ચેનાં સંપર્કને કારણે થયો છે. આદિકાળમાં આ સંપર્કનું સ્વરૂપ અને કારણ ગમે તે હોય પણ એક હકીકતને નકારી ન શકાય કે સમાજનો આધાર જન જન વચ્ચેના સંબધ અને સંપર્ક છે. જયારથી સામાજિક જીવનનો ઉદભવ થયો ત્યારથી કોઇ ને કોઇ સ્વરૂપમાં જનસંપર્કની જરૂર પડી છે. પ્રાચીનકાળમાં સમાજ નાના એકમો, પરિવાર, કબીલા અને વંશમાં વહેંચાયેલો હતો. એ જમાનામાં કોઈ લાંબી-મોટી કે જટિલ શાસન વ્યવસ્થાની આવશ્યકતા ન હતી. તે સમયે રાજનીતિ અને ધાર્મિક સબંધો સીધાં અને સ્પષ્ટ હતા. તેમ છતાં જન સંપર્ક અનિવાર્ય માનવામાં આવતું ત્યારે આજનો યુગ જનયુગ કહેવાય જેથી જનસંપર્કનું મહત્વ વધી જાય છે.

સહકારી પ્રવૃતિએ જન સંપર્કનાં માધ્યમથી સમાજનાં વિવિધ લોકો, ખેડૂતો, દૂધ ઉત્પાદકો, મજુર-કામદાર વર્ગ, ગ્રાહકો, વેપારી વર્ગ, શહેરીજનો એમ દરેક વર્ગનાં લોકોને લાભાન્વિત કર્યા છે. છતાં આજે સરકારી નિતીને કારણે ખાનગી ક્ષેત્રનું પ્રભુત્વ વધતું જાય છે, ત્યારે સહકારી ક્ષેત્રએ સીધી સ્પર્ધા કરવાની રહે છે. બીજી બાજુ વૈશ્વિક મંદીનો માહોલ છે ત્યારે સહકારી સંસ્થાઓએ પ્રોફેશનલ મેનેજમેન્ટ અપનાવવું પડશે. ઈન્ફર્મેશન ટેકનોલોજી અપનાવી સંચાલન વ્યવસ્થા સરળ, ઝડપી અને ઓછી ખર્ચાળ બનાવવી જોઈએ. સહકારી સંસ્થાઓની શાખ, પ્રતિભા અને પ્રતિષ્ઠા ઉભી કરવી પડશે. તેમાં પબ્લિક રિલેશન મહત્વની ભૂમિકા ભજવી શકે છે.

જન સંપર્કનાં એમ તો બે માધ્યમ છે; એક પરંપરાગત જનસંપર્ક માધ્યમ અને બીજું આધુનિક જનસંપર્ક માધ્યમ. ઈતિહાસમાં પરંપરાગત જનસંપક માધ્યમોનો ઉલ્લેખ જોવા મળે છે, જેમ કે રાસ-ગરબા, યાત્રા, નાટક, ભવાઈ, લોકકથાઓ જેમાં લોકોનો સામ સામે સંચાર થાય છે. પરંતુ જનસંપકનાં આધુનિક માધ્યમોમાં માહિતીનો વિસ્ફોટ થયો છે. દા.ત. અખબારો, પ્રકાશન, સૂચના માહિતી, રેડિયો, ટી.વી.ચેનલો, વિજાણુ માધ્યમો, જાહેરાત, સોશિયલ મીડિયા,

જિલ્લા સંઘ અને ફેડરેશનો તરફથી કરવામાં આવતાં સેમિનારો વિગેરે. પરંતુ વર્તમાન સમયમાં સહકાર માટે જનસંપર્ક વધારવાનો શ્રેષ્ઠ માર્ગ છે સોશિયલ મીડિયા અને સેમિનારો.

ભારતની સહકારી પ્રવૃતિએ અનેકવિધ ક્ષેત્રોમાં પ્રવેશ કરી સિધ્ધિનાં શિખરો સર કર્યા છે. નવીન પ્રકારની કામગીરી હોવા છતાં આ સહકારી પ્રવૃતિ થકી સફળતા મેળવી છે અને લોકોમાં સહકારી પ્રવૃતિ પ્રત્યેનો વિશ્વાસ ટકાવી રાખ્યો છે. લોક કલ્યાણનાં નામની કોઇ પણ પ્રકારની સ્વાર્થ વગરની ભાવનાને લીધે આ પ્રવૃત્તિ આજે પણ ચાલી રહી છે. પરંતુ તેનું સતત મુલ્યાંકન સમાયાંતરે થતું રહેવું જોઈએ અને તેનું ચિંતન થવું જોઈએ. સંસ્થાનો વાસ્તવિક ચિતાર રજુ કરી હજી વધુ સારી કેવી રીતે મજબૂત કરી શકાય તે બાબતે હકારાત્મક વલણ અપનાવવું જોઈએ. સંસ્થામાં સભાસદોને આપવામાં આવતી સેવામાં વૃધ્ધિ થઈ છે કે કેમ તેની મુકત મને ચર્ચા થવી જોઈએ. સમાજનો છેલ્લો માણસ અને નિર્બળ વર્ગનાં લોકોને સહકારનાં નેજા હેઠળ આવરી લેવાં તેમજ સેવાઓ પહોંચાડવા સહકારી સંસ્થાઓ કેટલી પ્રયત્નશીલ બની તથા તેમનાં વિકાસ માટે સહકારી સંસ્થાઓએ કેવી વિશિષ્ટ યોજનાઓ બનાવી તેનું સાચા અર્થમાં ચિંતન કરવું જોઈએ. સહકારી સંસ્થાઓનું લક્ષ્યાંક આવા માણસ સુધી પહોંચવાનું જ હોવું જોઈએ..

સહકારી સંસ્થાઓ આજનાં ડિજિટલ યુગમાં પણ કનેકિટવિટી ઉભી કરવા અને તમામ સ્તરે વ્યાપક સહયોગ ઉભો કરવાની બાબતમાં એક મોટા પડકારનો સામનો કરી રહી છે. સહકારી સંસ્થાઓ અને સોશિયલ મીડિયા પોતપોતાની રીતે લોકોનું સશકિતકરણ કરવાનાં એક જ સિધ્ધાંત પર કામ કરે છે. સોશિયલ મીડીયાનાં ટુલ્સ જેવા કે ફેસબુક, ટ્વીટર, વોટસએપ, ઈન્સ્ટાગ્રામ વિગેરે નાગરિકોને તેમનાં જનસંપર્ક સુદઢ કરવામાં એક ફ્રી પ્લેટફોર્મ પુરૂ પાડે છે, જે સામાજિક નવીનીકરણ માટે માર્ગ મોકળો કરે છે. જો કે અમૂલ, ઈફકો, ક્રિભકો, નાફેડ, સુરત પીપલ્સ કો-ઓ.બેંક, વરાછા કો-ઓ.બેંક, મહેસાણા અર્બન કો-ઓ.બેંક, એનસીયુઆઈ અને અન્ય કેટલાંક સંગઠનો આમાં અપવાદ છે. પરંતુ સામાન્ય રીતે એવું જાણવા મળ્યું છે કે ઘણી બધી સહકારી સંસ્થાઓ અસરકારક કોમ્યુનિકેશન માટે સોશિય મીડિયાનાં ટુલ્સનો ઉપયોગ કરતાં નથી. કેટલીક સહકારી સંસ્થાઓનાં ફેસબુક પેજ છે પરંતુ વ્યાપક સહયોગ અને સબંધનાં ખેડાણ માટે આ પ્લેટફોર્મને બળવત્તર બનાવી શકે એવાં પ્રોફેશનલ્સનાં અભાવે આ ફેસબુક નિષ્ક્રિય જ રહે છે. આનું અગત્યનું કારણ મોટાભાગનાં યુવાનો વધુ પગાર અને અન્ય લાભોને કારણે ખાનગી કંપનીઓ તથા બહુરાષ્ટ્રીય કંપનીઓ તરફ આકર્ષાય છે. આ સંજોગોમાં સહકારી સંસ્થાઓએ પણ યુવા અને ટેલેન્ટેડ પ્રોફેશનલ્સની ભરતી કરવી જોઈએ, નહીં કે મારા કે તમારા ઓળખીતાની. સમય સાથે કામ ન કરતાં કર્મચારીને વિદાય કરવું જોઈએ. ભારતમાં સહકારી સંસ્થાઓ પોતાનાં સભાસદ અને બહારનાં અન્ય હિતધારકો સાથે અસરકારક કોમ્યુનિકેશન ધરાવતાં નથી અને તેને કારણે બંનેનાં સમાન પ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા થતી નથી. પરિણામે અગત્યનાં પ્રશ્નનો ઉકેલ આવતો નથી. સહકારી સંસ્થાઓ સોશિયલ મીડિયાનાં ટુલ્સનો અસરકારક ઉપયોગ કરે તો અસરકારક પરિણામ મળશે.

સામાજિક નવીનીકરણ માટે સોશિયલ મીડિયામાં સહકારી ક્ષેત્રનાં અવાજને બુલંદ કરવા માટે ટુલ્સનો ઉપયોગ થાય છે. અને તે જ નવીનીકરણ લાવી સરકારી નિતીને પ્રભાવિત કરી

શકે છે. ભારતમાં સહકારી સંસ્થાઓનો અવાજ એટલો બુલંદ નથી કે નિતી નિર્માતાઓ પર દબાણ લાવી શકે. ટુંકમાં વિવિધ મુદ્દાઓ કે પડકારો ઉપર સંગઠિત થઈ શકી નથી. દર વર્ષે બજેટમાં પણ ઉપેક્ષા કરવામાં આવે છે. અને સહકારીક્ષેત્રને કરમુકિતનાં જે કર લાભો આપવા જોઇએ તે પણ આપ્યા નથી. દા.ત. ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૦૬થી આયકર અધિનિયમની કલમ ૮૦ (પી) અંતર્ગત દેશની તમામ સહકારી સંસ્થાઓ ઉપર કર લગાવવામાં આવી રહ્યો છે. એન.સી.સી.ટી. જેવી સંસ્થાઓ ઉપર ૧૨ ટકા સર્વિસ ટેકસ લગાવવામાં આવી રહયો છે. સરકાર દ્વારા દર વર્ષે દેશની સહકારી સંસ્થાઓ તેમ જ સહકારી બેંકો પાસેથી અરબો રૂપિયાનો કર વસૂલવામાં આવી રહ્યો છે. અર્બન સહકારી મંડળીઓ પાસેથી અન્ય બેંકોમાં મૂકેલ થાપણ ઉપર ટીડીએસ વસૂલ કરવામાં આવી રહ્યો છે. વળી અર્બન ક્રેડિટ સોસાયટીઓ પોતાનાં ફાજલ નાંણાનું રોકાણ સહકારી બેંકો માં રોકાણ કરે તો તેનાં વ્યાજની આવક કરમુકત હોવા છતાં ઈન્કમટેક્ષનાં અધિકારીઓ પોતાની મરજી મુજબ આવી આવક ઉપર ટેક્ષની આકારણી કરી રહ્યા છે. સહકારી સંસ્થાઓ દેશનાં ઉદ્દેશની પ્રાપ્તિ માટે મહત્વની ભૂમિકા ભજવી રહી છે, જેનો મૂળ ઉદ્દેશ નફાનો નથી, બીજી બાજુ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બી.સી.સી.આઈ.) તેમજ આઈ.પી.એલ જે રૂપિયા માટે રમાય છે તેવી સંસ્થાઓ કોઈ લોક કલ્યાણનાં કામો કરતી નથી છતાં તેને કરમાંથી મુકિત આપવામાં આવી છે. તેવી જ રીતે દર વર્ષે કરાડો રૂપિયાનું ભેંસનું માસ નિકાસ કરવામાં આવે છે તેને પણ કરમાંથી મુકિત આપવામાં આવી છે. આ બાબત ખૂબ ગંભીર છે કે પશુઓનો નાશ કરનાર કતલખાનાઓને કરમાંથી મુકિત અને પ્રજાનાં કલ્યાણ માટે કાર્ય કરતી સંસ્થાઓ પાસેથી કર વસૂલ કરવામાં આવી રહ્યો છે.જો સહકારી સંસ્થાઓ સંગઠિત થઈ સોશિયલ મીડિયા થકી અવાજ બુલંદ કરે તો જ આનો ઝડપથી નિવેડો આવી શકે એમ છે.

જો કે વર્તમાન સમયમાં સોશિયલ મીડિયાનાં ટુલ્સનો ઉપયોગ કરી જિલ્લા સંઘો, જિલ્લા ફેડરેશન અને સ્ટેટ ફેડરેશન વિગેરે અન્ય સહકારી સંસ્થાઓ સાથે ગૃપ બનાવી સહકારી ક્ષેત્રે અગત્યની તમામ માહિતીઓ, દરેક સહકારી સંસ્થાઓને તેમનાં દ્વારા યોજાનારા સેમિનારો, સહકાર ખાતાનાં અગત્યનાં પરિપત્રો, સહકારી કાયદા તથા સહકારી સંસ્થાને અસરકર્તા ઈન્કમટેક્ષને લગતી માહિતીઓ ગૃપમાં પૂરી પાડે જ છે. પરંતુ ઘણી સહકારી સંસ્થાઓમાં આ બાબતનાં જાણકાર પ્રોફેશનલ વ્યકિતનાં અભાવે મેનેજમેન્ટને સમયસર માર્ગદર્શન મળતુ નથી. પરંતુ આ જોવાની જવાબદારી પણ મેનેજમેન્ટની હોવી જોઈએ.

જન સંપર્ક વધારવાનો બીજો શ્રેષ્ઠ માર્ગ છે સેમિનારો. અગાઉ જણાવ્યુ તેમ જિલ્લા સંઘો, ફેડરેશનો વિગેરે દ્વારા વર્તમાન સમયમાં સમયસર યોજાનારા સેમિનારો વિશે સોશિયલ મીડિયા દ્વારા દરેક સહકારી સંસ્થાઓને વિગતવાર માહિતી આપી જ રહ્યું છે. પરંતુ ઘણી સહકારી સંસ્થાઓ આવા અગત્યનાં સેમિનારોમાં હાજર નથી રહેતી. જોકે જિલ્લા સંઘો, ફેડરેશનો વિગેરે દ્વારા યથાર્થ અને સચોટ કામગીરી કરવામાં આવે જ છે. સેમિનારો અંગે સંસ્થાઓનાં વડાઓનું પણ ધ્યાન દોરવામાં આવે જ છે. પરંતુ ઘણી સંસ્થાઓ સેમિનારોમાં હાજર રહેતી જ નથી. મહિલાઓ અને યુવકોને સહકારી ક્ષેત્રે સામેલ કરવા સભાઓ અને સેમિનારોમાં ચર્ચા, વાતો અને ઠરાવો ઘણાં થાય છે પરંતુ સભાસદોમાં જાગૃતિનાં અભાવે સહકારી પ્રવૃતિ નબળી

બનતી જાય છે જે હકીકત છે. સભાસદોમાં જાગૃતતા, સભાનતા, ક્ષમતા લાવવા હાલની નિતી અને કાર્યક્રમો તથા મંડળીઓનાં સંચાલનમાં સુધારણાં માટે કેવા ફેરફારો કર્યા ? ગંભીરતાપૂર્વક વિચારણા થવી જોઈએ. સહકારી કાયદામાં મહિલાઓ માટે સુરક્ષા કવચ પૂરાં પાડવાની ફરજિયાત જોગવાઈ કરવામાં આવી છે કે જેથી તેઓ સફળતાપૂર્વક સંસ્થાની વ્યવસ્થાપક કમિટીમાં આવી શકે અને ભાગ લઈ શકે. આ અંગે સમયબધ્ધ કાર્યક્રમો, પ્રવૃત્તિઓ, તેમને કામગીરી સોંપી શકાય તેવા ક્ષેત્રો, પ્રવૃતિઓ, વિભાગો વિગેરે બાબતમાં વિચારણાં કરી તેમને સહભાગી બનાવવાં જોઈએ. ઠરાવો અને કાયદો આ હેતુને સમર્થન આપે છે, પરંતુ આનું અમલીકરણ તો સહકારી સંસ્થાઓ, કાર્યકરો અને નેતૃત્વએ જ કરવાનું છે જે આજનાં યુગની તાતી જરૂરીયાત છે. સશકિતકરણ અને સત્તાનાં સુત્રો લોકોનાં હાથમાં કયારે સોપીશુ? શા માટે રાહ જોવાય છે. આ તો સ્વૈચ્છિક પ્રક્રિયા છે, છતાં તેને સહકારી કાયદાનું સમર્થન છે અને મહિલાઓ માટે જરૂરિયાતલક્ષી પ્રવૃતિ છે. પહેલ કરો, શરૂઆત કરો, નકકર કાર્યક્રમ થકી અમલ કરો અને કરાવો.

|| જય સહકાર ||

લિ.
આપનો સહકારી
નિલેશભાઈ જી. ગુપ્તા
સહમંત્રી
બારડોલી જનતા કો-ઓ.ક્રેડિટ સો.લિ.

# બારડોલી જનતા
# કો-ઓ. ક્રેડિટ સોસાયટી લિ.



મેનેજર

**દિનેશચંદ્ર ડી. પ્રજાપતિ**

સરદારભૂમિ અને ઐતિહાસિક સહકારી નગરી બારડોલીમાં કાર્યરત બારડોલી જનતા કો-ઓ.ક્રેડિટ સોસયટી લિ. બારડોલી ૨૫ વર્ષની મર્યાદા વટાવી આજે મારી નજર સમક્ષ સોળે કળાએ ખીલી ઊઠી છે. ૨૫ વર્ષ પહેલાં તે સમયનાં ઘર દીવડા દ્વારા અંકુરિત થયેલો સહકારનો એક નાનકડો છોડ આજે વટવૃક્ષ બનીને પોતાનાં સભાસદો માટે સેવાની મહેંક પ્રસરાવી રહ્યો છે. જયારે સંસ્થા ઉત્તરોત્તર પ્રગતિ કરી રહી છે ત્યારે સફળ સહકારી સંસ્થાનુ શ્રેય તેનાં સમર્પિત, પ્રામાણિક અને નિષ્ઠાવાન સહકારી કાર્યકરોએ સિંચેલા પરિશ્રમને જાય છે. આપણા દેશમાં એવી ઘણી સહકારી સંસ્થાઓ છે જેની શરૂઆત નાના પાયે થયેલી. સુરત જિલ્લાને "સહકારી પ્રવૃતિનાં કાશી" તરીકે ઓળખવામાં આવે છે. આ વિધાનને અનુરૂપ સહકારી પ્રવૃતિની દીવાદાંડી સમાન બારડોલી જનતા કો-ઓ.ક્રડિટ સો.લિ. એક નમુનારૂપ સંસ્થા બની એ આપણાં સૌ માટે આનંદ અને ગૌરવની વાત છે.

સંસ્થાની પ્રગતિનાં ભાગીદાર એવા સંસ્થાના સ્થાપક હોદ્દેદારો જેમાં સ્થાપક પ્રમુખ સ્વ.શ્રી પી.ડી.નાયક સાહેબ, સ્વ.શ્રી પ્રેમજીકાકા. શ્રી હર્ષદકાકા, સ્વ.શ્રી કિરીટકાકા, સ્વ.શ્રી શિવજીકાકા, સ્વ.શ્રી પ્રફુલકાકા, શ્રી મગનકાકા તથા અન્ય કારોબારી સભ્યશ્રીઓ, સંસ્થામાં નિષ્ઠાપૂર્વક કામ કરતાં કર્મયોગીઓ અને વિકાસમાં સાથ આપનાર સભાસદ મિત્રો છે. સહકારી પ્રવૃત્તિ નિષ્ઠા, પ્રામાણિકતા, વફાદારી અને વિશ્વાસની પ્રવૃતિ છે. એમ પણ જયાં સંચાલક મંડળ અને કર્મયોગીઓ નિષ્ઠા અને પ્રામાણિક કામ કરે છે તથા લોકોનો વિશ્વાસ સંપાદન કરી મંડળી અને સભાસદોને વફાદાર રહે ત્યાં સંસ્થા અવશ્ય સફળ થાય છે. બારડોલી જનતા કો-ઓ.ક્રેડિટ સોસાયટી લિ. આનું એક ઉત્તમ અને તાજું ઉદાહરણ છે. જો કે આજનાં સ્પર્ધાત્મક સમયમાં પણ લેટેસ્ટ ટેકનોલોજીથી જ્ઞાત-અનુભવી-જાગૃત-ચિંતનશીલ એવા અસરકારક નેતૃત્વ, સમર્પણની ભાવનાવાળા અને નવીન વિચારધારાવાળા સંચાલક મંડળ થકી ૨૫ વર્ષમાં સભાસદોને અનેકવિધ સેવા-સુવિધાઓ પુરી પાડી તેમજ પોતાની સામાજિક જવાબદારી સમજી

સેવાકીય પ્રવૃતિઓ કરી સંચાલક મંડળે સમાજ માટે એક ભગીરથ કાર્ય કર્યુ છે જે બિરદાવવા લાયક છે. મોરારજી દેસાઈએ પણ કહ્યું હતું "જો લોકો પોતે જ નિયંત્રણ કરે તો સરકારનાં નિયંત્રણની જરૂર જ નથી. અને સહકારી પ્રવૃતિ આપમેળે આબાદ વિકસે."

કુદરતનું કાળચક્ર કરિશ્મા અને કૌવત બતાવતું રહે છે. જાણે માનવીની મુઠ્ઠીમાંથી સમય સરી જતો હોય તેમ પ્રકૃતિની પકડમાંથી પાણીનાં પ્રવાહની જેમ વર્ષોનાં વર્ષો વહી જાય છે. પરંતુ "પરિવર્તન એ પ્રકૃતિનું પાલક અને ચાલક છે" આ સનાતન સૂત્રનાં હિસાબે "લોકોની, લોકો માટે અને લોકો વડે સંચાલિત" નાં આદર્શને કેન્દ્રમાં રાખી, તેને જીવંત કરતી વર્ષ ૨૦૦૦ની સાલમાં શરૂ થયેલ બારડોલી જનતા કો-ઓ.ક્રેડિટ સોસાયટી લિ.ની તા.૨૯-૦૪-૨૦૦૦નાં રોજ નોંધણી થયા પછી ગુજરાતમાં ખાસ કરીને સહકારી ક્ષેત્રમાં અનેક સહકારી બેંકો ઊઠી જવા પામી હતી અને લાકોનો સહકાર ક્ષેત્રે વિશ્વાસ ઊઠી રહ્યો હતો ત્યારે "સહકારી ક્ષેત્ર એ પવિત્ર અને લોક કલ્યાણનુ ક્ષેત્ર છે" તથા "ઈશ્વર સૌ કોઈનો છે અને મુશ્કેલી જ માર્ગ માટે આંગણી ચીંધે છે" એ કથન મુજબ અચાનક આવા ચઢાવ-ઉતાર વચ્ચે શરૂ થયેલી બારડોલી જનતા કો-ઓ.ક્રેડિટ સોસાયટી લિ. પોતાની સામે આવેલાં અનેક સંઘર્ષોનો સામનો કરી "લક્ષ્યવેધી અર્જુન" ની જેમ આગળ વધતું રહ્યું અને આજે સફળતાનાં ૨૫ વર્ષ પૂર્ણ કરી "રજત જયંતિ" ઉજવી રહ્યું છે. અને હા ! એનું મુખ્ય અને અગત્યનું કારણ સંચાલક મંડળનાં આદર્શ સંચાલનમાં સભાસદો, કર્મચારીગણ, નગરની અન્ય સહકારી સંસ્થાઓ, પત્રકાર મિત્રો અને શૂભેચ્છકોનો નિષ્ઠાપૂર્વકનો સહયોગ ગણી શકાય અને હવે પછી પણ આવો જ સહયોગ મળતો રહેશે એવી આશા સાથે તેની અત્રે નોંધ લેવામાં આવે છે.

આપણા પૂજય વડવાઓએ વર્ષ ૨૦૦૦માં સહકારનાં બીજનું રોપાણ કરેલ તે બીજ એક વટવૃક્ષ બની તેની શીતળ છાયામાં અનેક નાના અને સામાન્ય વર્ગનાં લોકો આર્થિક રીતે પગભર થઈ રહ્યા છે. સંસ્થાનાં દીર્ઘદ્રષ્ટા, બાહોશ અને કર્મઠ આગેવાનોએ કરેલ આ સંસ્થાની સ્થાપનાં આપણાં સૌને માટે વિશેષ ગૌરવશાળી છે. સુંદર આદર્શ સાથે રોપાયેલું બીજ વડીલોનાં પરિશ્રમે પાંગરેલી આ સંસ્થા સમાજને સુફલ આપી રહી છે ત્યારે સંસ્થાનાં શરૂઆતનાં વર્ષોથી આજ દિન સુધી પ્રવર્તમાન સંચાલક મંડળે પણ આ સંસ્થાને ધબકતી રાખી છે. સંસ્થાએ પોતાનાં કાર્યકાળનાં ૨૫ વર્ષનાં ગાળામાં અનેક ચઢાવ ઉતાર અનુભવ્યા છે અને આપણા કાર્યક્ષેત્રમાં અન્ય અનેક સહકારી મંડળીઓ પણ કાર્યરત થઈ છે અને આપણે તમામ આવી નવી મંડળીઓને સહકાર પણ આપ્યો છે. છતાં ઉત્તરોત્તર પ્રગતિનાં પંથે જ પ્રસ્થાન કરનારી આપણી મંડળીની પ્રતિષ્ઠા અકબંધ છે. આ ઉજજ્વળ દેખાવ માટેનો યશ સંસ્થાને પ્રાપ્ત થયેલ આગવી સૂઝવાળુ સંચાલક મંડળ, નિષ્ઠાવાન અને પ્રમાણિક કર્મચારી ગણ અને સમર્પિત સભાસદો કે જેમણે અંગત હિત કરતાં મંડળીનાં સામુહિક હિતને પ્રાધાન્ય આપી એને સંવર્ધિત કરવામાં સભાનતા દેખાડી છે તે સૌને ફાળે જાય છે.

આમ પણ ગુજરાતની સહકારી વ્યવસ્થા દેશ માટે રોલમોડેલ સમાન છે, દેશનાં પ્રથમ કેન્દ્રીય સહકાર મંત્રી મા.શ્રી અમિતભાઈ શાહે સહકારી પ્રવૃતિઓનાં સ્વર્ગ સમા દક્ષિણ ગુજરાતનાં સહકારી માળખાની સરાહના કરી કહ્યું હતું કે સહકારી પ્રવૃતિઓથી ગ્રામ ઉત્થાનનાં બીજ સરદાર વલ્લભભાઈ પટેલ, ત્રિભુવનદાસ પટેલ, પૂ.ભાઈકાકા, વૈકુંઠભાઈ મહેતા

સહિતનાં સહકારી નેતાઓએ વાવ્યાં હતાં. મા.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પાંચ ટ્રિલિયન યુ.એસ.ડોલરની અર્થવ્યવસ્થાનું લક્ષ્ય સેવ્યું છે ત્યારે વડાપ્રધાનશ્રીએ આપેલાં "સહકારે સમૃધ્ધિ" મંત્રને અનુસરી દક્ષિણ ગુજરાતનું સહકારી ક્ષેત્ર વડાપ્રધાનશ્રીના લક્ષ્યને પરિપૂર્ણ કરી ખેડૂતોની આવક બમણી કરવામાં તથા સહકારી સંસ્થાઓ દ્વારા નાના માણસો માટે રોજગારીનું સર્જન થશે અને ખેડુતોની સાથે નાના નાના વેપારીઓ-ઉદ્યોગ સાહસિકો પણ આત્મનિર્ભર બનશે એવી આશા રાખુ છું.

લિ.

આપનો સહકારી

|| જય સહકાર ||

**દિનેશચંદ્ર ડી. પ્રજાપતિ**

મેનેજર

બારડોલી જનતા કો-ઓ.ક્રેડિટ સો.લિ.

## પ્રજાજીવનનાં પ્રવાહો



**શ્રી કાનજીભાઈ ભાલાળા**
ચેરમેનશ્રી:
બોર્ડ ઓફ મેનેજમેન્ટ, ધી વરાછા કો-ઓ.બેંક લિ.

### ભારતીય અર્થતંત્રમાં સહકારી બેંકોની ભૂમિકા અને પ્રશ્નો

રિઝર્વ બેંકની ગાઈડલાઈનનો ભંગ થાય તો આડેધડ કરવામાં આવતો દંડ એ પણ વ્યવહારૂ નથી.
નવી શાખા ખોલવા માટે કે શિડયુલ બેંકનાં દરજજા માટે નિર્ણય ન લેવાય વિગેરે....
પ્રશ્નોને કારણે વિકાસ અટકે છે.

"સહકાર સે સમૃધ્ધિ" એ માત્ર સૂત્ર નથી. ખરા અર્થમાં સહકારી પ્રવૃતિએ ભારતની અર્થવ્યવસ્થામાં પ્રારંભિક પાયાની અને મહત્વની ભૂમિકા ભજવી છે. વીસમી સદીનાં પ્રારંભે ભારતમાં ગરીબ લોકોને વ્યાજનાં શોષણમાંથી મુકત કરવા શરૂ થયેલ સહકારી પ્રવૃતિ આજે અનેકવિધ ક્ષેત્રોમાં વિકાસી છે. અને તેનાં ફળ ભારતની અર્થવ્યવસ્થાને મળી રહ્યાં છે. છેવાડાનાં માણસ સુધી સહકારી સંસ્થાઓએ સેવા અને જાગૃતિ પહોંચાડી છે. હાલ, ભારતની મજબૂત અર્થવ્યવસ્થાનાં પાયામાં સહકારી સંસ્થાઓનો ફાળો મહત્વનો છે. ભારતનાં જે રાજયોમાં સહકારી પ્રવૃત્તિઓ વધુ મજબૂત હતી તે રાજયો મહારાષ્ટ્ર, ગુજરાત, કર્ણાટક અને મધ્યપ્રદેશ બીજા રાજયો કરતાં પ્રમાણમાં વિકાસ અને આર્થિક સ્થિતિમાં મજબુત અને પ્રગતિશીલ છે. ગુજરાતમાં સહકારી સંસ્થાનો પાયો સવાસો વર્ષ જૂનો છે. ગુજરાતમાં એંસી હજાર સહિત દેશમાં કુલ આઠ લાખ સહકારી સંસ્થાઓ કાર્યરત છે. દેશમાં શ્વેતક્રાંતિનું ફળ એટલે "અમુલ" સૌથી મોટી સહકારી ડેરી ગુજરાતની છે હરિયાળી ક્રાંતિનું નિમિત્ત બનનાર ખાતરનાં કારખાનાં "કૃભકો" તથા "ઈફકો"એ સહકારી સંસ્થા છે અને તે ગુજરાતમાં છે અને આ સામાન્ય બાબત નથી.

અનેકવિધ સહકારી સંસ્થાઓ દેશભરમાં કાર્યરત છે. દેશમાં સમતોલ આર્થિક વિકાસ માટે સહકારી સંસ્થાઓનું મોડેલ શ્રેષ્ઠ છે, એટલે જ ભારતીય અર્થતંત્રમાં શહેરી સહકારી બેંકો **(UCB)** ની કામગીરીને નજર અંદાજ કરી શકાય તેમ નથી. દોડતાં અર્થતંત્ર અને બેન્કિંગ સેકટરનાં પરિવર્તન સાથે કદમ મિલાવી સહકારી બેંકો અડીખમ ઉભી છે. અનેક પડકારો, પ્રશ્નો

અને મૂંઝવણો સાથે દેશમાં શહેરી સહકારી બેંકો મજબૂતાઈથી બેન્કિંગ સેક્ટરમાં ટકી રહી છે અને પોતાની ભૂમિકા અસરકારક રીતે ભજવી પણ રહી છે.

ભારતમાં શહેરી સહકારી બેંકોની કુલ સંખ્યા ૧૫૩૪ રહી છે. જેમાંથી ૫૩ બેંકો શિડયુલ્ડ સહકારી બેંકો છે. સમયની સાથે ચાલી ન શકી એવી ઘણી બેંકો બંધ થઈ અથવા તેનું અન્ય બેંકોમાં મર્જર થયુ. પરંતુ ઘણાં પડકારો પછી ટકેલી બેંકો અર્થતંત્રમાં પોતાનું યોગદાન આપી રહી છે. દેશમાં કાર્યરત ૧૫૩૪ અર્બન કો-ઓ.બેંકોમાંથી મહારાષ્ટ્રમાં ૩૪૮ અને ગુજરાતમાં હાલ ૨૧૪ સહકારી બેંકો કાર્યરત છે. જેમાં ૭ શિડયુલ્ડ બેંકો છે. દેશની ટોપ અર્બન કો-ઓ.બેંકોમાં મહારાષ્ટ્રની ૮ અને ગુજરાતની ૨ સહકારી બેંકો છે. જે દર્શાવે છે કે સહકારી બેકિંગ સેક્ટરમાં ગુજરાત અને મહારાષ્ટ્ર મોખરે છે. દેશની સૌથી મોટી સહકારી બેંક સારસ્વત કો-ઓ.બેંક છે. જેનો તારીખ ૩૧-૦૩-૨૦૨૩નો રોજનો કુલ બિઝનેસ રૂ.૭૫૦૦૦ કરોડથી વધુ છે. જયારે દેશમાં બીજો ક્રમે એસ.વી.સી.બેંક મુંબઈ (૩૩૦૦૦ કરોડ) છે. અને ત્રીજા ક્રમે કોસમોસ બેંક (૩૦૦૦૦ કરોડ) છે. જયારે દેશની ટોપ ૧૦ બેંકોમાં ગુજરાતની કાલુપુર કો-ઓ.બેંક, અમદાવાદ રૂપિયા ૧૬૦૦૦ કરોડનાં બિઝનેસ અને મહેસાણા અર્બન કો-ઓ.બેંક રૂ.૧૩૦૦૦ કરોડ નાં બિઝનેસ સાથે અનુક્રમે સાતમુ અને નવમું સ્થાન ધરાવે છે. ગુજરાતમાં એક રાજય સહકારી બેંક અને ૧૮ જિલ્લા સહકારી બેંકો ગ્રામ્ય ધિરાણ મંડળીઓ મારફત નાના ખેડૂત સુધી ધિરાણ પહોંચાડે છે. ગુજરાતમાં સહકારી માળખું મજબૂત અને સમતોલ છે. પરંતુ સમય જતાં સહકારી ભાવના ઘટતી જાય છે તે ચિંતાનો વિષય છે. તેમ છતાં ખાંડ ઉદ્યોગ, ખાતર, ડેરી અને બેકિંગ સેક્ટરમાં સહકારી સંસ્થાઓની ભૂમિકા ટોચ પર છે. રાજયની ટોપ ૧૦ બેંકોમાં સુરતની ચાર બેંકો, અમદાવાદની ત્રણ બેંકો, રાજકોટની એક અને મહેસાણાંની એક બેંકનો સમાવેશ થાય છે.

ગુજરાતની ૨૧૪ સહકારી બેંકો પાસે રૂપિયા ૧૦૭૨૫ કરોડની મૂડી છે. તા.૩૧-૦૩-૨૦૨૩નાં રોજ રૂપિયા ૭૬૯૦૨ કરોડની થાપણ અને રૂપિયા ૪૭૧૪૪ કરોડનું ધિરાણ છે. આમ ગુજરાતનાં અર્થતંત્રમાં સહકારી બેંકોનું મહત્વનું પ્રદાન છે. સુરતમાં કાપડ ઉદ્યોગ અને ખાસ કરીને વિવિંગ અને ડાઈંગ ઉદ્યોગ ક્ષેત્રે પ્રગતિનું કારણ સહકારી બેંકોએ આપેલું ધિરાણ છે. સહકારી બેંકે તેમનાં જરૂરીયાતમંદ સભાસદોને ધિરાણ આપી મોટા બનાવ્યા છે. મોટા થયા પછી સરકારી કે ખાનગી બેંકો પાસેથી મોટુ ધિરાણ મેળવી મોટા ઉદ્યોગપતિ પણ બન્યા છે. આમ સહકારી બેંકોએ નીચેનાં સ્તરને સ્વાવલંબી બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. ભારતમાં ઈ.સ.૧૯૦૧માં સહકારી સંસ્થા સ્થાપવા એક સમિતિની રચના કરવામાં આવી હતી. વર્ષ ૧૯૦૪માં જ ભારતમાં વડોદરા ખાતે પ્રથમ અંત્યોદય સહકારી મંડળી બની, જે સહકારી બેંક પણ બની હતી, પરંતુ હાલ તે બંધ છે.

સહકારી બેકિંગ સેક્ટરમાં માધવપુરા બેંકની ઘટના પછી ખૂબ મોટો ફેરફાર થયો છે. રિઝર્વબેંકનું સુપરવિઝન પણ કડક થયું છે. બેંકો પણ ટેકનોલોજીથી સજ્જ થઈ સારી સેવા સાથે મજબુત બની છે. પરંતુ દેશભરની સહકારી બેંકો મોટા પડકારોનો સામનો કરી રહી છે. સહકારી બેંકોએ હવે સરકારી, ખાનગી અને સ્મોલ ફાઈનાન્સ બેંકો અને નોન બેંકિંગ ફાઈનાન્સ કંપનીઓની હરીફાઈનો સામનો કરવો પડી રહ્યો છે. સહકારી બેંકોને વધારાની મૂડી મેળવવા ડિપોઝીટ્સ સિવાય અન્ય કોઈ વિકલ્પ નથી એટલે હરીફાઈમાં ટકી રહેવું મુશ્કેલ છે. આધુનિક ટેકનોલોજી વસાવવા વધુ નફો કે મૂડીની જરૂર છે. સાઈબર ફ્રોડથી બચવા ખર્ચાળ

ટેકનોલોજી વગર ચાલે તેમ નથી. નફા માટે બિઝનેસ વધારવો પડે તે માટે વ્યાવસાયિક અભિગમ સાથે કામ કરવું પડે જે અંગે સહકારી બેંક મેનેજમેન્ટ અને સ્ટાફની મર્યાદાઓ પણ છે. નવા બી.આર.એકટ ૨૦૨૦નાં અમલથી સહકારી બેંકોનો વિકાસ ન રૂંધાય તે જોવું પડે તેમ છે. વિકર વિકટર અને પ્રાયોરીટી સેકટરનાં લક્ષ્યાંકો હોય કે ડિરેકટરની મુદતનો પ્રશ્ન હોય તેમાં વ્યવહારિક અભિગમને બદલે જડ કાયદાનો અમલ સહકારી માળખાને નુકશાન કરે તેમ લાગે છે.

સહકારી પ્રવૃતિ કે સહકારી ભાવનાને સમજનાર કોઈ ન હોય તેવું લાગે છે. આર.બી.આઈ.ની ગાઈડ લાઈનનો ભંગ થાય તો આડેધડ કરવામાં આવતો દંડ પણ વ્યવહારૂ નથી. દંડ ભર્યા પછી પણ બેંકનાં વિસ્તરણ માટે બે વર્ષ સુધી કોઈ બાબતની મંજુરી ન આવે તે પણ વધારે પડતું દેખાય છે. નવી શાખા ખોલવા માટે કે શિડયુલ્ડ બેંકનાં દરજજા માટે નિર્ણય ન લેવાય વિગેરે પ્રશ્નોને કારણે વિકાસ અટકે છે. સરકારશ્રીએ સહકારી બેંકોનાં પ્રશ્નો માટે એક નોડલ ઓફિસરની નિમણુંક કરી છે. નવી શાખાની શરૂઆત કરવા કે શિડયુલ્ડ બેંકનો દરજજો આપવા ગાઈડ લાઈન પણ જાહેર કરી છે. પરંતુ તેમાં કોઈ સળવળાટ દેખાતો હોય તેમ લાગતુ નથી. આજે સહકારી બેંકો ગોલ્ડ લોન (બુલેટ પેમેન્ટ) માત્ર બે લાખ સુધી આપી શકે છે. જયારે જરૂરીયાત વધતાં બેંકો પાંચ લાખ સુધી ગોલ્ડ લોન આપવા માંગે છે.તાજેતરમાં સરકારે છૂટ આપી પણ નિયમો એવા બનાવ્યા કે કોઈ બેંક રૂપિયા બે લાખથી વધુ લોન આપી શકતી નથી. કોઈ પણ રીતે સહકારી બેંકો સહિત સહકારી  સંસ્થાઓને ટકાવવા અને મજબુત કરવા પ્રયાસની જરૂર છે.

કાનમાં કહુ....

"સહકાર" એ ભારતીય સંસ્કૃતિ છે. તેને મજબુત કરવી દેશનાં હિતમાં છે.

લિ.

આપનો સહકારી

**શ્રી કાનજીભાઈ ભાલાળા**

ચેરમેન

બોર્ડ ઓફ મેનેજમેન્ટ, ધી વરાછા કો-ઓ.બેંક લિ.



### શ્રી સતિષભાઈ ચૌધરી

બોર્ડ સેક્રેટરીઃ
ભરૂચ ડિસ્ટ્રિકટ સેન્ટ્રલ કો-ઓ. બેંક લી.

### ૦૧. માણસનું સહકારી બનવા પાછળનું કારણ શુ ?

સામાન્ય રીતે એક એવી સમજ પ્રવર્તે છે અને તેનો આપણે વ્યવહારમાં અમલ પણ કરીએ છીએ. આપણે સહકારી મંડળીમાં સભાસદ તરીકે જોડાઈએ છીએ. સહકારી મંડળી કાયદાથી રજિસ્ટર્ડ થયેલી છે. તેનાં કામકાજ હાથ ધરવા માટેની ઓફિસો છે, સાધનો છે, કર્મચારીઓ, અધિકારીઓ તેમજ જરૂરી નાણાંકીય સગવડ પણ છે. અને આ બધાનો સમન્વય સહકારી સંસ્થા છે. તેમાં કોઈ પણ લાયકાત ધરાવતી વ્યકિત સભાસદ બની લાભ મેળવી શકે છે. પરંતુ પાયાની વાત એ છે કે સહકારી સંસ્થા છે. તેમાં કોઈ પણ લાયકાત ધરાવતી વ્યકિત સભાસદ બની લાભ મેળવી શકે છે. પણ તેમાં સામેલ થનાર "સહકારી" છે? આ યક્ષ પ્રશ્ન છે. "સહકારી હોવાની વિશેષતાઓ જ સહકારી સાહસને લક્ષ્ય સિધ્ધ કરવા પરત્વે દોરી જશે."

આપણી આજની જે પરિસ્થિતિ નિર્મિત થઈ છે, તે મહદઅંશે સહકારી મંડળીમાં જોડાનાર વ્યકિત "સહકારી" છે કે કેમ તેની સ્પષ્ટતા મેળવ્યા વિના જ સભાસદ બનાવવામાં આવે છે, કારણ કે જો સભાસદો સહકારી હોય તો સંસ્થામાં અનિયમિતતાને કોઈ સ્થાન જ ન રહે, અને કદાચ કોઈ વિષમ પરિસ્થિતિ ઉભી થાય તો કોઈ પણ વ્યકિત ઉપર દોષારોપણ કરવાનો કોઈ અવકાશ ન રહે. કેમ કે જે તે વ્યકિત પણ સહકારી છે. આજની આપણાં સૌની જે યાતનાઓ છે તેને સુલઝાવવા માટે સહકારનો કોઈ વિકલ્પ નથી. આજ કારણોસર આપણે સહકારી સંસ્થા ઉભી કરી સભાસદો બનાવી, રજિસ્ટ્રેશન કરાવી કાર્ય આરંભ કરી દઈએ તે પર્યાપ્ત નથી. તે તો માત્ર એક યંત્રણા જ છે.

લોકો સહકારી મંડળીમાં પોતાનાં વ્યકિતગત લાભ માટે જોડાય છે અથવા સમગ્ર સમાજનાં લાભ માટે જોડાય છે અથવા બંને માટે જોડાય છે. આ પરિસ્થતિમાં એ સમજવું જરૂરી છે કે વ્યકિત પોતાનાં અંગત હિતો સિદ્ધ કરવા તેમજ સમાજનાં ઉત્કર્ષ માટે સહકારી સંગઠન ઊભુ કરી તેમાં જોડાય છે. તેથી જ સહકારી સંસ્થાઓને પોતાને તેમજ સભાસદો એ બંનેને

મહત્તમ લાભો થવા જોઈએ. તેનો અર્થ એમ થયો કે સહકારી મંડળી પણ સધ્ધર અને સંગીન બનવી જોઈએ અને વ્યકિતગત સભાસદોને પણ સમુચિત લાભો પ્રાપ્ત થવા જોઈએ. કારણ કે બે માંથી એકની પણ અવગણના, ઉપેક્ષા થાય તો સહકારી સંસ્થા નિર્માણ કરવાનો કોઈ અર્થ રહેતો નથી. બલ્કે પરસ્પરનાં હિતો અવરોધાય છે. અને સહકારી સંસ્થા પડી જવાની હદ સુધી પહોંચી જાય છે. બારડોલી જનતા કો-ઓ.ક્રેડિટ સોસાયટી લિ.માં વ્યકિત અને પેટાકાયદા મુજબ કાર્યક્ષેત્રમાં કામ કરતાં સામાજિક સંગઠન કે અન્ય કોઈ પણ સંગઠનને પણ સભાસદ બનાવવાની પેટાકાયદામાં જોગવાઈ છે. સંસ્થા સધ્ધર અને સંગીન પણ છે અને તમામ લાભો બધાંને મળી રહ્યા છે જે આનંદની વાત છે. કેટલાંક તારણોમાંથી એ પ્રાપ્ત થયેલ છે કે જયારે વ્યકિતઓ સહકારી સંસ્થામાં સંગઠિત થાય છે ત્યારે તેમનામાં એક પરોપકાર કરવાની ભાવનાં, નિઃસ્વાર્થતા તેમજ પ્રચ્છન્ન રીતે આપવડાઈ, હું પદની વૃતિ એ બંનેનું મિશ્રણ રહેલું હોય છે.

તાત્વિક ભેદોથી આપણે સાવ અજાણ તો નથી જ. એક બાજુ પરોપકાર કરવાની વૃતિ અને બીજી બાજુ તેનાથી નિષ્પન્ન થતી આપવડાઈ. આ બંને બાબતે સભાસદોને સમાન ભૂમિકા ઉપર મૂકી સાચા સહકારી બનવા દેવામાં રૂકાવટ ઉભી કરે છે. સહકારી  સંસ્થામાં અમુક વ્યકિતઓ "મસીહા" તરીકે ઊભરી આવે છે. બારડોલી જનતા કો-ઓ.ક્રેડિટ સો.લિ.નાં સ્થાપક પ્રમુખ શ્રી પ્રબોધચંદ્ર ડી નાયક આનું ઉદાહરણ છે. પરંતુ અન્ય દયનીયતાનાં પરિવેશમાં પેશ થાય ત્યાં સભાસદો "સહકારી" કેવી રીતે બની શકે ? આ બહુ જ સુક્ષ્મ ભેદ છે. પરંતુ તે સભાસદો અને જન સામાન્યની માનસિકતા ઉપર તીવ્ર અસર કરે છે. સભાસદો સહકારી મંડળીને વફાદાર રહે અને પ્રામાણિકતાથી વ્યવહારો કરે તેવી પ્રવૃતિની સામાન્ય રીતે અપેક્ષા રાખવામાં આવે છે તે જ રીતે સહકારી મંડળીએ પણ તેમનાં સભાસદો પરત્વે પ્રતિબધ્ધતા વ્યકત કરવી જોઈએ. એટલે કે મંડળીનાં સભાસદોની સંપૂર્ણતયા સુરક્ષા થાય તેની ખાતરી પણ પ્રાપ્ત થઈ રહેવી જોઈએ.

સંક્ષિપ્તમાં મંડળી અને સભાસદો વચ્ચે સંવાદિતા સ્થપાય તો જ લોકોને સહકારી બનવા વધુ પ્રોત્સાહિત કરી શકાશે. મોટાભાગે લોકો પોતાનાં લાભ માટે સહાકરી મંડળીમાં જોડાતાં હોય છે, પરંતુ તેમને સાચા સહકારી બનાવવાની જરૂરીયાત રહે છે અને તે સહકારી સંસ્થાની ફરજ છે. આ કસોટીમાંથી કેટલી મંડળીઓ અને કેટલા સભાસદો પાર ઉતરી શકે તેમ છે તે વિચારણાં માંગી લેતો મુદ્દો છે. મંડળીની સફળતા કેવી રીતે યથાર્થ બની રહે તે માટે તેમણે સહિયારી પ્રગતિ માટે સૌએ ફાળો આપવાનો રહે છે અને આ ફાળો તે માત્ર આના પૈસામાં ન હોય પરંતુ જે બુધ્ધિમત્તા, વ્યવહારિક, અનુભવ, દ્રષ્ટિ અને સૂઝ છે, તેનો સંપૂર્ણતયા ઉપયોગ કરી સંગઠિત છબી ઉપસાવવી જોઈએ.

## ૦૨. ટેકનોલોજી અને આયોજન દ્વારા સહકારી સંસ્થાઓનું નવીનીકરણ

સહકારી સંસ્થાઓ સામાજિક, રાષ્ટ્રીય અને આર્થિક ક્ષેત્રમાં કામ કરતાં શકિતશાળી અને મૂલ્ય આધારિત સંગઠિત સાહસો છે. જેનું મુખ્ય લક્ષ્ય સભાસદોનું સામાજિક, આર્થિક ઉત્થાન છે. વિશ્વનાં ૧૧૦ કરતાં વધુ દેશોમાં સહકારી પ્રવૃતિ ચાલે છે. જેની સભ્ય સંખ્યા ૧૦૦

મિલિયન કરતાં વધુ છે. ભારતમાં ૮ લાખ કરતાં વધુ સહકારી મંડળીઓમાં કૃષિ, કૃષિ પેદાશ વેચાણ, બેન્કિંગ, દૂધ, રાસાયણિક ખાતર, ગ્રાહક, હાઉસિંગ, ખાંડ, મત્સ્ય ઉદ્યોગ, ઔદ્યોગિક વાહન વ્યવહાર, હાથ શાળ, હસ્ત ઉદ્યોગ તથા સામાન્ય સેવાઓનાં વિવિધ ક્ષેત્રોનો સમાવેશ થાય છે. એટલે કે સમાજનાં તમામ વર્ગનાં ૩૫ કરોડથી વધુ લાકોને સહકારી પ્રવૃતિએ આવરી લીધા છે. ભારતીય સહકારિતાએ પોતાની સેવાઓ, સિધ્ધિઓ અને વિવિધતાની દ્રષ્ટીએ વૈશ્વિક કક્ષાએ પોતાની આગવી પ્રતિષ્ઠા અને વિશેષતા ઊભી કરી છે. લગભગ રૂ. ૧,૨૫,૩૬,૧૭૪/- મિલિયનની કાર્યકારી મૂડી ધરાવતી આ પ્રવૃતિનું ચાર સ્તરનું સંગીન માળખુ છે.

ભારતની સહકારી ક્ષેત્રની સફળતા અને સિધ્ધિઓની સમીક્ષા કરવા વિતેલાં સમય પર નજર કરીએ તો સહકારી સાહસો નીતિ માળખાનું એક અભિન્ન અંગ રહ્યુ છે અને સારી સફળતા પ્રાપ્ત કરી છે. વર્ષ ૧૯૬૯માં ધ ઈન્ડિયા ગ્રામ્ય ધિરાણ રીવ્યુ કમિટીનો ૧૦૭૩ પાનાનો અહેવાલ પ્રકાશિત કરવામાં આવ્યો હતો. તેમાં ગ્રામિણ શાખને સુનિશ્ચિત અને સશકિતરણ કરવામાં સહકારી બેન્કોની મુખ્ય ભૂમિકા રજુ કરવામાં આવી હતી. તે પછી પચાસ વર્ષે ૨૦૧૯માં ખેડુતોની આવક બમણી કરવા દલવાઈ સમિતિનો અહેવાલ ૧૪ ભાગોમાં બમણાં પાનાની સંખ્યા સાથે પ્રકાશિત કરવામાં આવ્યો છે. ખેડૂતોની આવક બમણી કરવા માટે આપણે શું કરવાની જરૂર છે તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યુ છે. સહકારી પ્રવૃતિએ વ્યવસાયી આયોજન અને ટેકનોલોજી દ્વારા કૃષિક્ષેત્રે હરિયાળી ક્રાંતિ કરી છે. પશુ પાલન ક્ષેત્રે શ્વેતક્રાંતિ સિધ્ધ કરી છે. કૃષિ ધિરાણ, ખાંડ ઉદ્યોગ, રાસાયણિક ખાતર ઉદ્યોગ વિગેરેનો વિકાસ થયો છે. તેમાંય સહકારી ડેરી સંસ્થાઓ અને રાસાયણિક ખાતર સિવાયનો ધંધાકીય વિકાસ મર્યાદિત રહેવા પામ્યો છે. અન્ય ક્ષેત્રોનાં સહકારી સાહસો નવિન વિચારો, નાવીન્ય વ્યવસાયી આયોજન અને ટેકનોલોજીનાં અભાવે ધાર્યો વિકાસ કરી શકાયા નથી. સેવા સહકારી મંડળીઓ, ગ્રાહક સહકારી ભંડારો અપનાં બજારો વિશાળ મોલનું સ્વરૂપ ધારણ કરી શકયા નથી. વાહન વ્યવહાર મંડળીઓ ઓલા, ઉબેર જેવી ટેકનિકલ બની શકી નથી. કૃષિ પેદાશ વેચાણ મંડળીઓ પણ ક્રાંતિકારી વિકાસ કરી શકયા નથી. આ ક્ષેત્રનાં સાહસો સાથે ગરીબ, ખેડૂતો, કારીગરો, પશુપાલકો, ખેતમજુરો તેમજ નાના અને મધ્યમ વર્ગનાં લોકો સીધા સંકળાયેલા છે. તેનો સંખ્યાત્મક વિકાસ દેખાય છે પણ કેટલીક નબળાઈઓ, ખામીઓ અને વિસંગતતાઓનાં કારણે ગુણાત્મક વિકાસ દેખાતો નથી. તેનાં કારણો જોઈએ તો સમર્પિત નેતાગીરી, વ્યવસાયી આયોજન, કાર્યદક્ષ કાર્યચારીઓ અને સભાસદોની સક્રિય ભાગીદારીનો અભાવ જોવા મળે છે.

નવા યુગનાં ખેડૂત અનેક પાક અને તેનાંથી સબંધિત ક્ષેત્રોમાં વિવિધતા લાવી રહ્યા છે. ખેડૂત વધુ જાગૃત છે અને તે અથવા તેનાં વિકલ્પો અને ઉકેલો શોધી રહ્યો છે. આ નવા વાતાવરણમાં પીસીએસ વિવિધ પ્રકારની સેવાઓ પ્રદાન કરવા માટે અનન્ય રીતે સ્થિત છે. બીજ અને રોપા (નર્સરી વધારવાની પ્રવૃત્તિ દ્વારા) સહિત ઈનપુટ સપ્લાય, ફાર્મ, સાધનો ભાડે આપવા, ટેકનોલોજી વિસ્તરણ સેવાઓ, વેર હાઉસિંગ સુવિધાઓ, એકત્રીકરણ અને ઉત્પાદન સંગ્રહ, સામુહિક માર્કેટીંગ અને બ્રાન્ડ બિલ્ડિંગ મૂલ્ય વર્ધિત આઉટપુટ, ઉપભોગતા સેવાઓ, કલ્યાણ સેવાઓ જેવી કે ઈ-સક્ષમ સામાન્ય સેવા કેન્દ્રો, જમીનનાં રેકોર્ડ્સ અને હવામાન બજાર, અન્ય એક્સ્ટેન્સન સલાહકારો પર માહિતી પ્રસારણ પ્રદાન કરવા માટેનાં ઉત્પાદનનું અનુમાન વિગરે

સેવાઓનો ખરેખર અસાધારણ ફેલાવો છે. જેની સાથે કૃષિ સહકારી સંસ્થાઓનો મેળ ખાતો નથી. ટૂંકમાં આ ક્ષેત્રમાં ટેક્નોલોજી અપનાવી વ્યવસાયી આયોજન કરવું પડશે.

વૈશ્વિકરણ અને ખાનગીકરણનાં સંદર્ભમાં સહકારી સાહસો તેમની સીધી સ્પર્ધામાં આવી ગયા છે. ઘણી સહકારી સંસ્થાઓ ઉપર તેની વિપરીત અસર પડી છે. પોતાની ઓળખ અને પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા જેવા પડકારો ઊભા ભલે થયા છે. પણ સાથે સાથે વહીવટી કાર્યકુશળતા, વ્યવસાયી દક્ષતા દ્વારા પોતાનાં વિસ્તારની ખાનગી અને સરકારી ક્ષેત્રોનાં સાહસો સાથે સ્પર્ધા કરી પોતાની શ્રેષ્ઠતા સાબિત કરવાનો શ્રેષ્ઠ અવસર પણ પ્રાપ્ત થયો છે. સહકારી સંસ્થાઓ બિઝનેસ મોડેલ તરીકે વિકાસ અને વૃધ્ધિ પામવાની ક્ષમતા ધરાવે છે. કોવિડ-૧૯ મહામારી બાદ આપણે ટેકનોલોજી પર વધુ નિર્ભર થયાં છીએ જેમાં વિદ્યાર્થી માટે ઓનલાઈન વર્ગો ચલાવવા, પ્રોફેશનલ્સને ઘરેથી જ કામ કરવાની સુવિધા આપવાની ચાલુ કરી. આત્મનિર્ભર ભારતનાં બદલાતાં આર્થિક માહોલમાં સહકારી સંસ્થાઓનું મહત્વ વધી રહ્યુ છે. આત્મનિર્ભર ભારતનો મુખ્ય હેતુ આવક અને સંપતિની અસમાનતા ઘટાડવાનો છે. સમાજનો નબળો વર્ગ સશકત બને તે માટે સહકારી પ્રવૃતિ છે. જરૂર છે તેને વ્યવસાયી આયોજન અને ટેકનોલોજી દ્વારા જનજન સુધી પહોંચાડવાની. વર્ષ ૧૯૯૦નાં દાયકાથી ટેકનોલોજીનાં ક્ષેત્રે ઓટોમેશનનાં માધ્યમથી ડિજિટલ ક્રાંતિનો તબકકો જોવા મળે છે. વર્લ્ડ વાઈબ વેબ **(W.W.W)**ની શરૂઆત થતાં સંચાર અને ટેકનોલોજીમાં આમૂલ પરિવર્તન આવી ગયુ છે. કોરોના બાદ ટેકનોલોજી વિશ્વમાં શિક્ષણથી લઈને સંરક્ષણ ક્ષેત્રે છવાઈ ગઈ છે. ત્યારે સહકારી ક્ષેત્ર પાછળ રહી જાય તે પરવડે તેમ નથી.

કોવિડ-૧૯ની મહામારી અને આર્થિક મંદીનાં માહોલમાં તે સફળ પૂરવાર થઈ છે અને તેણે સાબિત કર્યુ છે કે સહકારી સંસ્થાઓ પણ વિવિધ સમસ્યાઓનાં ઉકેલ માટે જબરજસ્ત ક્ષમતા ધરાવે છે. પરંતુ તેમાં સહકારી સંસ્થાઓએ વહીવટી કાર્યકૃશળતાની ક્ષમતા વધારવા પર સૌથી વધુ ભાર મૂકવાની જરૂર છે. તે માટે નવીન વિચારો દ્વારા વ્યવસાયીકરણ અપનાવવું પડશે. સુસંચાલન-પ્રસાશન અપનાવી ટેકનોલોજીનાં ઉપયોગ દ્વારા સમગ્ર દેશને આ દિશામાં દોરવાનો છે.

ભારત પાસે દુનિયાની સૌથી વૈવિધ્યપૂર્ણ અને સૌથી મોટી સહકારી સંસ્થાઓ છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષા સુધી પહોંચેલાં સહકારી સાહસો દા.ત. એશિયાની સૌથી મોટી સહકારી ખાંડ મંડળી બારડોલી સુગર ફેકટરી તદુપરાંત સુમુલ ડેરી, આણંદ ડેરી, ક્રિભકો, ઈફકો, જિલ્લા સહકારી બેંકો , મલ્ટી સ્ટેટ શિડયુલ્ડ સહકારી બેંકો વિગેરે દુનિયાની ખ્યાતમાન સહકારી સંસ્થા છે. જે પ્રાથમિક રીતે સામાન્ય માણસને અધિકાર આપવાનું તથા સમાનતાની ખાતરી કરાવવાનું લક્ષ્ય રાખે છે. આ સંસ્થાઓ સહકારનાં મૂલ્યો અને સિધ્ધાંતો પર આધારિત રહી પ્રોફેશનાલિઝમ-કોર્પોરેટ ગવર્નન્સનાં ધોરણે સફળ બની છે. સભાસદલક્ષી અને ગ્રાહકલક્ષી અભિગમ અપનાવી કાર્યક્ષમ બની ઉત્કૃષ્ઠ, ઝડપી ગુણવત્તાયુકત અને વ્યાજબી સેવાઓ પુરી પાડી પોતાનો ધ્યેય સિધ્ધ કરે જ છે.

પ્રોફેશનલ થવા માટે સૌપ્રથમ જરૂર છે પરિવર્તનનો વિકાસક્રમ જોઈએ તો સદગુણ, પરિશ્રમ અને પ્રતિષ્ઠા છે. સહકારી સંસ્થાઓ પાસે સાત સદગુણરૂપી સિધ્ધાંતો છે. આગળ કહયું

તેમ સહકારી પ્રવૃતિની  પ્રતિષ્ઠા દેશમાં ૧૦૦ ટકા ગામડાં આવરી લે છે. અને ૩૫ કરોડ લોકો તેની સાથે સંકળાયેલાં છે. પરંતુ ખૂટે છે તો આયોજનપૂર્વકનો પરિશ્રમ અને ટેકનોલોજી.

## ૦૩. ટેલેન્ટ મેનેજમેન્ટ થકી જ સંસ્થાઓનું મેનેજમેન્ટ શકય છે.

કો-ઓપરેટીવ ક્ષેત્રમાં કર્મચારીઓની પસંદગી એ સૌથી મોટો મૂંઝવતો પ્રશ્ન બની રહે છે. કો-ઓપરેટીવ ક્ષેત્રમાં કોઈ પણ કર્મચારી ભરતીની પ્રક્રિયાને આજે પણ શંકાની નજરે જ જોવામા આવે છે. લોકોની એક ઈમેજ એવી બંધાય ગયેલી જોવા મળે છે. કારણ કે લોકો એ બાબતથી પૂરેપૂરા માહિતગાર છે અને તેનાં સંખ્યાબંધ ઉદાહારણો આપણી આજુબાજુમાંથી મળી રહે છે. આ એક પ્રકારની છાપ ઊભી થયેલી છે. તેમાંથી હવે બહાર નીકળવાનાં પ્રયત્નો થઈ રહ્યા છે. પરંતુ પૂરેપૂરો છૂટકારો  મેળવી શકાયો નથી.

કો-ઓપરેટીવ ક્ષેત્રમાં કર્મચારી કેવો પસંદ કરવો, કેમ પસંદ કર્મચારીમાં નોલેજ, ભણતર-અભ્યાસ, અનુભવ, તેનો એટિટયુડ વિગેરે ધ્યાનમાં રાખીને તેને જાળવી રાખવો કે ટકાવી રાખવો એ બાબતોમાં હવે ધીરે ધીરે કે પછી મોડી મોડી પણ ગંભીરતા તો આવી જ છે. બેન્કિંગ સેકટર હોય કે પછી ક્રેડિટ સેકટર હોય, કૃષિ સંસ્થા હોય કે પછી કન્ઝયુમર હોય, ડેરી ઉદ્યોગ હોય કે પછી સુગર ટેકનોલોજી હોય દરેક ક્ષેત્રમાં તીવ્ર હરિફાઈ ઊભી થઈ છે. નવી આર્થિક નીતિનાં અમલીકરણ બાદ હાલમાં ટેકનોલોજી જેવો નવો વિષય ઉમેરાંતા આજે સહકારી ક્ષેત્રએ પોતાનું આજનું માર્કેટ પણ જાળવી અને ટકાવી રાખવું મુશ્કેલ બની રહ્યુ છે.

સંચાલકીય મેનેજમેન્ટ કહે છે કે ધંધો-ઉદ્યોગ હોય કે પછી સહકારી સંસ્થા હોય મેનપાવર સૌથી અગત્યનો છે. સંસ્થાનાં હાથ પગ એ કર્મચારી છે. કર્મચારી જેટલો સક્ષમ જ્ઞાનવાળો, અનુભવવાળો તેટલો જ સરવાઈવલનો ચાન્સ વધે છે. તેમાંય વર્કરને કેમ પંસદ કરી સહકારી સંસ્થામાં સાચવી રાખવો અને તેની પ્રોડકિટવિટી કેમ જાળવી રાખવી, કેવી રીતે જાળવવી, કેવી રીતે વધારવી, કેવી રીતે વિકસાવવી તે એક ગંભીર વિષય છે. આથી જ આર્થિક જગતમાં વિદ્ધાનો, વિશેષજ્ઞો "ટેલેન્ટ મેનેજમેન્ટ" નાં નામથી ઓળખાય છે અને તે વિશેની માહિતી મેળવવી જરૂરી છે.

એક સામાન્ય અંદાજ મુજબ મોટાભાગનાં એચ.આર.પ્રોફેશનલ્સ માને છે કે સારી ટેલેન્ટ મેળવવી અને તેને જાળવી રાખવી એ એચ.આર.નું સૌથી જટિલ કાર્ય છે, પરંતુ આશ્ચર્ય એ વાતનું છે કે આજે પણ સહકારી સંસ્થાઓની પાસે પોતાની "ટેલેન્ટ મેનેજમેન્ટ" પોલિસી જ નથી. કેટલાંક અપવાદરૂપ કિસ્સાઓ સિવાય ટેલેન્ટ મેનેજમેન્ટ પોલિસી અમલી જ નથી અથવા તો એમ કહીએ કે મોટાભાગની સહકારી સંસ્થાઓ પણ આ પોલિસીથી માહિતગાર જ નથી. જોકે ઈન્ડસ્ટ્રીયલાઈઝેશન, પ્રાઈવેટાઈઝેશન, ટેકનોલોજી ડેવલપમેન્ટ, ઈન્ફોર્મેશન ટેકનોલોજી, માસ કોમ્યુનિકેશન જેવા  પરિબળોને કારણે કર્મચારી વર્ગમાં આમૂલ પરિવર્તન આવ્યુ છે. હવે સામાન્ય જ્ઞાનવાળા મીલ મજૂર, જોબર, ટર્નર, ફિટર કે પછી મશીન ઓપરેટરોની જગ્યાએ એન્જિનિયર, ટ્રેઈન્ડ પ્લાન્ટ ઓપરેટર ગોઠવાવા લાગ્યા છે. સાદા અભણ કર્મચારીઓની જગ્યાએ શિક્ષિણ વેલ એજયુકેટેડ હેલ્પર આવ્યા છે. સીધા સાદા મુનીમજીની જગ્યાએ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, કોસ્ટ એકાઉન્ટન્ટ કે પછી ટેક્ષેશનની સંપૂર્ણ જાણકારી ધરાવતાં અને પ્રેકટિસ

કરતાં કર્મચારીઓ ગોઠવાયા છે. કોમ્પ્યુટર ઓપરેટર, પ્લાનિંગ બજેટિંગ, પ્રોજેકટિંગ વિગેરેનાં કામો વિશ્લેષકો કરતાં થયા છે. આ નવી ઉભી થયેલી કેડરને નોલેજ વર્કર કે પછી ટેલેન્ટ વર્કરનાં નામે ઓળખવામાં આવે છે. જેની પાસે સ્કીલ છે તેવા કર્મચારીઓથી આજે માર્કેટ ઉભરાય રહ્યુ છે. હવેનાં સમયનાં બિઝનેસ-ધંધા મસલ્સ પાવરથી નહિં પરંતુ નોલેજ પાવર આધારિત થઈ ગયા છે. કારણ કે દરેક ધંધા માટેનાં કાયદાઓએ, ટેક્ષેશનનાં ગૂંચવાડાએ તથા આંતરરાજય કે પછી આંતરરાષ્ટ્રીય ગોઠવણોએ તકલીફો ઊભી કરી છે જેનાં કારણે કોપીરાઈટ્સ, પેટન્ટ રજિસ્ટ્રેશન, બ્રાન્ડ,ટ્રેડમાર્ક વિગેરેની પૂરેપૂરી સમજ અને જાણકારી હોવી જરૂરી છે.

આ માટેનું નોલેજ મેળવવું અને તેમાં વખતોવખત થતાં સુધારા-વધારા સાથેની લેટેસ્ટ સમજણ રાખવી તેને "નોલેજ મેનેજમેન્ટ" કહેવાય. આમ નોલેજને મેનેજ કરવું અત્યંત આવશ્યક છે. અલબત્ત આ દરેક વિષય પર નિષ્ણાંતોની સેવાઓ મળી રહે છે.

આજનો કર્મચારી જ્ઞાનધારી એટલે કે નોલેજ વર્કરથી ઓળખાય છે. જેની કેટલીક વિશિષ્ટ ખાસીયતોને સમજીએ તો નોલેજ વર્કરનુ કામ માપવું મુશ્કેલ છે. નોલેજ વર્કરનું જોબ સેટિસ્ફેક્શન જાણવું કઠિન છે.નોલેજ વર્કર ઘણો ખર્ચાળ હોય છે. નોલેજ વર્કરનું કામ વધુ સ્વતંત્રતા માંગી લે છે. તેઓનું કામ સતત સંશોધન માંગી લે છે, એટલે કે નવીનતાવાળું કામ હોય છે. આ માટે તેઓએ સતત નોલેજ માટે અપડેટ થતાં રહેવું પડે છે. સંસ્થાઓનો નોલેજ વર્કર માટેનો દ્રષ્ટ્રીકોણ ખર્ચને બદલે મૂડીરોકાણનો હોવો જોઈએ.

લિ.

આપનો સહકારી

**સતિષભાઈ ચૌધરી**

બોર્ડ સેક્રેટરીઃ

ભરૂચ ડિસ્ટ્રિકટ સેન્ટ્રલ કો-ઓ. બેંક લી.



## શ્રી નયન આર. કોઠારી

સી.એ

### સહકારી સંસ્થામાં અસરકારક ટીમ મેનેજમેન્ટ માટે ૨૫ મેનેજમેન્ટ ટીપ્સ

કાર્યસ્થળ પર હળવું વાતાવરણ રાખવાની હોડમાં શિસ્ત સાથે કોઈ બાંધછોડ ના કરવી જોઈએ.

કોઈપણ ધંધા-વ્યવસાય કંપની કે બિન નફાકારક સંસ્થા કે ટ્રસ્ટ હોય દરેકની સફળતાની ચાવી તેનું સુચારૂ અને અસરકારક સંચાલન અને મેનેજમેન્ટ જ હોય છે. વિશ્વાસ એ સફળ ટીમ મેનેજમેન્ટ માટે જરૂરી ઘટક છે. કોઈપણ સંબંધ પછી તે વ્યકિતગત હોય કે વ્યવસાયિક હોય વિશ્વાસની જરૂર હોય છે. અત્રે અસરકારક ટીમ મેનેજમેન્ટની નીચે મુજબ ૨૪ કેરેટ સોના જેવી શુધ્ધ અને મૂલ્યવાન ૨૫ વાતો ટીમ મેનેજમેન્ટ સામે મુકવી છે જે ૨૪ કલાક સક્રિય રહેશે અને સહકારી સંસ્થાનાં ગોલને સમર્પિત રહેશે.

**(૦૧) સંસ્થાના લક્ષ્યાંકો પર ધ્યાન કેન્દ્રિત કરો અને ટીમ પાસેથી અપેક્ષાઓ વિષે સ્પષ્ટતા રાખો:** સંસ્થાનાં લક્ષ્યાંકો શું છે તે કેટલા સમયમાં હાંસલ કરવાનાં છે અને ખાસ કરીને આ વર્ષમાં તેને લગતી કઈ પ્રવૃતિ કરવાની છે અને કઈ બાબતોનું ધ્યાન રાખવાનું છે આ વિષે સંસ્થા પોતે અને તેનાં ટીમ લીડર ખૂબ જ સ્પષ્ટ હોવા જોઈએ તો જ તેઓ તેની ચર્ચા તેમની જોડે કરીને તેમનાં સભ્યો પાસેથી શું અપેક્ષિત છે તેની ચર્ચા કરી શકશે અને તેમાં ટીમનાં દરેક સભ્યોની શું ભૂમિકા રહેશે તેની તેમને સમજ આપી શકશે.

**(૦૨) પોતે જ એક દ્રષ્ટાંત બનીને ટીમનું નેતૃત્વ કરો:** તમે તેમની પાસેથી અપેક્ષા રાખતાં હોય તેવાં મૂલ્યો, કાર્યની નૈતિકતા અને વર્તણુંકોને દર્શાવીને ટીમ માટે રોલમોડેલ બનો. તમારા ટીમનાં સભ્યો તમારું અનુકરણ જાણતા કે અજાણતાં કરતાં જ હોય છે, તેથી તમારું વર્તન અને કાર્યપ્રણાલી અતિ મહત્વનાં છે.

**(૦૩) અસરકારક કોમ્યૂનિકેશન સંચાર :** ટીમમાં કાર્યો, નિયત તારીખો અને ઉદેશ્યો વિશે સ્પષ્ટ સંચાર સફળતાની ખાતરી આપે છે. ટીમમાં એવું વાતાવરણ ઊભુ કરો કે દરેક વ્યકિત ભયમુકત થઈને પોતાની વાત મૂકી શકે અને તેની સાથે લીડરે એક સક્રિય શ્રોતા બનવુ

પડશે. દરેક બાબતને સાંભળીને તેનો જરૂરી અને રચનાત્મક પ્રતિસાદ આપવો પડશે અને તે શરૂ થયેલાં સંચારને વધુ અસરકારક બનાવશે.

**(૦૪) અસરકારક આયોજન:** અસરકારક આયોજન દ્વારા વિગતવાર પ્રોજેક્ટ યોજનાઓ, સીમાચિહ્નો અને મુખ્ય ડિલિવરેબલ્સ સાથે ટીમને ટ્રેક પર રાખો.

**(૦૫) હકારાત્મક અને પ્રોત્સાહક વાતાવરણ:** હકારાત્મક અને પ્રોત્સાહક વાતાવરણમાં કામ કરનાર ટીમનાં સભ્યો કે કર્મચારીગણ ચોક્કસપણે સારા પરિણામો આપશે અને તેને સતત પ્રોત્સાહન આપીને તેમનાં યોગદાનને જાહેરમાં બિરદાવીને સમાયંતરે પુરસ્કૃત પણ કરતાં રહેવું જોઈએ, જે તેમનું મનોબળ વધુ મજબૂત કરશે, તે પછી મહેનત, ઈમાનદારી કે પ્રમાણિકતાનું હોય. તેનાથી સમાજમાં સંસ્થાની છાપની પણ નોંધ લેવામાં આવશે જે સંસ્થા બિઝનેસ વધારવામાં સહાયરૂપ થશે.

**(૦૬) ટીમનાં સભ્યોની ક્ષમતા જાણીને તે પ્રમાણે કામ આપો:** કામની વહેંચણી કરવી એ એક મેનેજરની પરીક્ષા સમાન કાર્ય છે અને જો તે તેમાં પાસ થાય તો ચોકકસ તેની ટીમ એકજૂથ થઈને અનેક લક્ષ્યો સિધ્ધ કરી શકે. ટીમ મેનેજરે ઝીણવટભર્યો અભ્યાસ કરીને ટીમનાં સભ્યોને તેમની આવડત કે નબળાઈઓ અને રૂચિઓનાં આધારે કાર્યોને મેચ કરીને ખાતરી કરવી કે તેઓ જવાબદારીઓ માટે યોગ્ય છે કે નહીં અને તે પ્રમાણે કાર્ય સોંપવુ જોઈએ.

**(૦૭) વિશ્વાસ થકી સશકિતકરણ:** વિશ્વાસ એ સફળ ટીમ માટે જરૂરી ઘટક છે. કોઈ પણ સબંધ પછી તે વ્યકિતગત હોય કે વ્યવસાયિક હોય તેમાં વિશ્વાસ જરૂર હોય છે. પરિણામો સુધી પહોંચવા માટે તમારી ટીમ પર વિશ્વાસ કરો અને તેમને સોંપવામાં આવેલી જવાબદારીઓમાં નિર્ણય લેવા માટે સશકત કરો.

**(૦૮) અનુકૂલન ક્ષમતા અને સતત શીખતા રહેવાની વૃતિ:** તમારી ટીમનાં સભ્યોમાં દરેક પરિસ્થિતિમાં અનુરૂપ થઈને કામ કરવાની ક્ષમતા કેળવવી જોઈએ અને સાથે સાથે, સમાયાંતરે કે રોજિંદી કાર્યપ્રણાલીનાં ભાગરૂપે સતત શીખતા રહે તે પ્રમાણે તેમની તાલીમનું આયોજન થવું જોઈએ.

**(૦૯) સમયાંતરે ચેક ઈન અને ફીડબેક:** એક ખુલ્લી સંચારવ્યવસ્થા ટીમ લીડર અને ટીમનાં સભ્યો વચ્ચે કોમ્યુનિકેશન સતત ચાલુ રાખશે. તદુપરાંત ચર્ચા થયેલી બાબતો પર ફિડબેક-પ્રતિસાદની વ્યવસ્થા સ્થાપિત કરો જયાં ટીમનાં સભ્યો સૂચનો આપી શકે અને ટીમનાં મેનેજમેન્ટની પ્રક્રિયાા પણ સુધારાઓ સૂચવી શકે.

**(૧૦)ટાઈમ મેનેજમેન્ટ:** સમયનું સંચાલન કરવાની ટીમ મેનેજરની ક્ષમતા સમગ્ર ટીમની ઉત્પાદકતા અને કાર્યક્ષમતાને અસર કરે છે. તેઓએ કાર્યોને પ્રાધાન્ય આપવું જોઈએ. સમય મર્યાદા નકકી કરવી જોઈએ અને અસરકારક રીતે સંસાધનોની ફાળવણી કરવી જોઈએ.

**(૧૧) લક્ષ્યાંકો પ્રમાણે કાર્યોની પ્રાથમિકતા:** ટીમલીડર પાસે ટીમનાં લક્ષ્યાંકો અને સંસ્થા સ્તરે તેનું મહત્વ વિષે સ્પષ્ટ સમજ હોવી  જોઈએ કે જે તેની ટીમને સંચારિત કરી શકે અને તે પરિણામે તેઓ કયા કામને પ્રાથમિકતા આપવી તે નકકી કરીને સાથે લક્ષ્યાંકો તરફ આગળ વધી શકે.

**(૧૨) ટાઈમ બ્લોકિંગ તકનીકો અને ટાઈમ મેનેજમેન્ટ ટુલ્સ:** સમયની વિવિધ કાર્યો માટે અનામત રાખવાની કે ફાળવણીની તકનીકોનો ઉપયોગ કરીને મિટીંગ્સ, અગત્યનાં કાર્યો

અને વહીવટી કાર્યોનું શિડયુલ કરો. તે માટે ટીમ મેનેજમેન્ટનાં વિવિધ ટુલ્સ કે એપ્લિકેશન કે સોફ્ટવેરનો ઉપયોગ કરી શકે.

**(૧૩) સમય બગાડનારા તત્વોને ઓળખો અને દુર કરો:** એક મેનેજર તરીકે નાની બાબતો કે જે તમારા કામની કે સ્તરની નથી તેમને ઓળખીને તમારાં ટીમનાં સભ્યોને ફાળવીને તમારો સમય બચાવો. જો તમારો સ્ટાફ ખરેખર અગત્યનાં કામમાં રોકાયેલો હોય અને કામ ખૂબ અગત્યનું હોય તો તમે જાતે તે કાર્યમાં રૂચિ રાખી સભાસદને સંતોષકારક સેવા આપી તેમનાં સમયનો બચાવ કરો.

**(૧૪) સમજદારીપૂર્વક સંસાધનોની ફાળવણી કરો:** મેનેજરે સંસાધનોની યોગ્ય ફાળવણી કરીને કાર્યક્ષમતા વધારવી જેથી સમય અને બગાડ ઓછો થશે અને સભાસદનું કામ સમયસર થશે. જે તે કર્મચારીને તે જે કામમાં માહિર હોય તેને જ તે કામ સોંપવું તે સંસ્થા તથા સભાસદોનાં હિતમાં છે. વારંવાર સલાહ સુચન માટે આવીને તમારો સમય બગાડે તે સંસ્થાનાં હિતમાં નથી. આ માટે તમારા કર્મચારીને તમામ કાર્યો માટે એકટીવ રાખવા જોઈએ.

**(૧૫) વ્યુહાત્મક પસંદગી અને ભરતી:** ખાતરી કરો કે ટીમનાં નવા સભ્યો ટીમનાં ધ્યેયો અને મૂલ્યોને અનરૂપ છે અને તેઓ તેને લાગતું કૌશલ્ય ધરાવે છે કે નહિં.

(૧૬) પ્રતિભાની ઓળખ: ટીમનાં દરેક સભ્યની ક્ષમતાઓને ઓળખીને અને તેનું સવંર્ધન કરીને તેની ક્ષમતાને મહત્તમ કરતાં રહો.

**(૧૭) વિકાસલક્ષી તાલીમ:** તમારા કર્મચારીઓને અને કારોબારી સભ્યોને સંસ્થાની જરૂરીયાતો અને વર્તમાન પ્રવાહો અનુસાર પ્રશિક્ષિત રાખો જે થકી તેમનો અને તેમનાં થકી સંસ્થાનો વિકાસ થતો રહે. આ માટે જિલ્લા સહકારી સંઘ, જિલ્લા અને રાજય ફેડરેશન સમાયાંતરે સેમિનારોનું આયોજન કરે છે જેમાં તાલીમાર્થે મોકલવા જોઈએ.

**(૧૮) માર્ગદર્શન અને કોચિંગ:** ટીમનાં વરિષ્ઠ સભ્યો માર્ગદર્શક કોચની ભૂમિકા ભજવીને જુનિયરોને પ્રોત્સાહિત કરીને તેમને સતત નવી બાબતો તેમનાં અનુભવને આધારે શીખવાડતા રહે તેવી સંસ્કૃતિ વિકસાવો.

**(૧૯) વિવિધતાઓનો સમાવેશ:** દરેકને પોતાનાં વિચારો મૂકવાની છૂટ હશે તો વિવિધ પરિપ્રેક્ષ્યો અને વિચારોની આપ-લે થશે અને તેનો સમાવેશ કરીને વધુ સારી રીતે આગળ વધી શકાશે.

**(૨૦) કારકિર્દી ઘડતર:** સંસ્થામાં ટીમનાં સભ્યો તથા કર્મચારીઓ માટે સ્પષ્ટ કારકિર્દી માર્ગ બનાવો, તેમને લાંબા ગાળાનાં લક્ષ્યો નકકી કરવામાં મદદ કરો.

**(૨૧) પ્રદર્શનનું મૂલ્યાંકન:** ટીમનાં સભ્યો તથા કર્મચારીઓની કામગીરીની નિયમિત સમિક્ષા કરો અને તે પ્રમાણે તેમને સુચનો આપો અને તેમનાં વ્યકિતગત વિકાસ માટેનું આયોજન કરો. તેમણે કરેલ કામનું મૂલ્યાંકન કરી સમયાંતરે સારા કામ માટે તેમનું સન્માન કરો.

**(૨૨) કાર્ય અને વ્યકિતગત જિંદગી વચ્ચે સંતુલન:** કર્મચારીઓમાં કાર્યની વહેંચણી અને વ્યવસ્થા એવી રાખવી કે જેનાથી તેમને કોઈ દબાણ ન આવે અને તેઓ પોતાની અંગત જિંદગી પણ સારી રીતે જીવી શકે અને કુટુંબ માટે સમય ફાળવી શકે. આ માટે કર્મચારીઓને પણ એવી રીતે તૈયાર રાખવા પડશે કે અમુક કર્મચારીની ગેરહાજરીમાં સભાસદોનું કામ

અટકવું ન જોઈએ. આપણી સહકારી સંસ્થા એક ફેમિલી જ છે. અત્રે ફમિલી એટલે સભાસદો, કર્મચારીગણ અને કારોબારી સભ્યો. આ ફેમિલીમાં સર્વ પ્રથમ સભાસદ કેન્દ્ર સ્થાને છે.

**(૨૩) કાર્યસ્થળ પર શિસ્તઃ** કાર્યસ્થળ પર હળવું વાતાવરણ રાખવાની હોડમાં શિસ્ત સાથે કોઈ બાંધ છોડ ન કરવી જોઈએ અને તેનું અનુપાલન કરીને તેનું ઉદાહરણ પૂરૂ પાડવું જોઈએ. બધા સભાસદોને તમામ જાણકારી હોતી નથી. કોઈ બાબતે કોઈ સભાસદ સાથે રકઝક થાય તો તેની સાથે ડાયરેકટ દલીલ ન કરતાં ટીમ લીડર સાથે જરૂરી મસલત કરીને તેનો નિકાલ લાવવો જોઈએ. ઉંચા અવાજે કે અપશબ્દમાં તો વાત કરવી જ ન જોઈએ. જેથી એક ફેમિલીમાં શિસ્તનું વાતાવરણ જળવાય રહે.

**(૨૪) નિર્ણય પ્રક્રિયામાં કર્મચારીઓને સામેલ કરો :** ભવિષ્યમાં જયારે સંસ્થામાં કંઈ નવિન યોજના અમલમાં લાવો ત્યારે વ્યૂહાત્મક માળખું ઊભુ કરવાની કામગીરી ગણતરીનાં કર્મચારીને હવાલે ન કરી દેતા કામમાં પોતાનાં સત્તાવાર અને ખાસ કરીને જે કર્મચારી ગ્રાહકનાં સંપર્કમાં આવતાં હોય તેને પણ આ પ્રક્રિયામાં સામેલ કરો. સંસ્થાનાં ભવિષ્ય માટે સમજવા વિચારવા તેમને સાથે લાવીને યોજનાનો ભાગ બનાવો. સંસ્થા પોતાનાં લક્ષ્ય કઈ રીતે હાંસલ કરી શકે તે મુદ્દે તેમનાં મંતવ્યો લો. એ વાતની સંભાવના વધુ છે કે વ્યુહો બનાવવામાં મદદ કરનારા અગ્રિમ હરોળનાં કર્મચારી તે પછી વ્યૂહોને સારી રીતે અમલમાં પણ મૂકશે.

**(૨૫) જીતની ઉજવણી કરો:** જયારે પણ સંસ્થાની કોઈ યોજનાં સફળ થાય તો જીતની ઉજવણી કરો અને સાથે સાથે જયારે પણ કોઈ પણ કર્મચારી વ્યકિતગત ધ્યેય સિધ્ધ કરે કે તેમનાં ઘરની કોઈ વ્યકિત અંગત સિધ્ધિ મેળવે તેની પણ ટીમ સાથે ઉજવણી કરો જેથી આત્મિયતા વધશે.

લિ.

**નયન આર. કોઠારી**
સી. એ

આપણી બેંક નાગરિક બેંક
BNS BANK
THE BARDOLI NAGRIK SAHAKARI BANK LTD.



**ડૉ. શ્રી ચેતનભાઈ છોટુભાઈ પટેલ**
ડિરેક્ટરઃ બારડોલી નાગરિક સહકારી બેંક લિ.

# ડિજિટલ બેકિંગ–મિશન– કેશ લેસ ભારત

ઓનલાઈન બેંકિંગ, જેને ઈન્ટરનેટ બેંકિંગ, વર્ચ્યુઅલ બેંકિંગ, વેબ બેંકિંગ અથવા હોમ બેંકિંગ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે એક એવી સિસ્ટમ છે જે બેંક અથવા અન્ય નાણાંકીય સંસ્થાના ગ્રાહકોને નાણાંકીય સંસ્થાની વેબસાઈટ અથવા મોબાઈલ એપ દ્વારા શ્રેણીબદ્ધ નાણાંકીય વ્યવહારો કરવા સક્ષમ બનાવે છે. ૨૦૦૦ ના દાયકાની શરૂઆતથી ગ્રાહકો માટે તેમના બેંક ખાતાઓને એકસેસ કરવાની આ સૌથી સામાન્ય રીત બની ગઈ છે.

નોકસવિલ,ટેનેસીમાં મુખ્ય મથક ધરાવતી કોમ્યુનિટી બેંક, યુનાઈટેડ અમેરિકન બેંક દ્વારા ડિસેમ્બર ૧૯૮૦માં ગ્રાહકોને પ્રથમ હોમ બેંકિંગ સેવા ઓફર કરવામાં આવી હતી. યુનાઈટેડ અમેરિકને તેના TRS-80 કોમ્પ્યુટર માટે સુરક્ષિત કસ્ટમ મોડેમ બનાવવા માટે રેડિયો શેક સાથે ભાગીદારી કરી છે જે દ્વારા બેંક ગ્રાહકો તેમના ખાતાની માહિતી સુરક્ષિત રીતે એકસેસ કરી શકે છે. તેના પ્રથમ વર્ષોમાં ઉપલબ્ધ સેવાઓમાં બિલ પે, એકાઉન્ટ ચેક અને લોન એપ્લિકેશન્સ તેમજ ગેમ એકસેસ, બજેટ અને ટેકસ કેલ્કયુલેટર અને દૈનિક સમાચારપત્રોનો સમાવેશ થતો હતો. હજારો ગ્રાહકોએ સેવા માટે દર મહિને $25-30 ચૂકવ્યા હતા. ભારતમાં સૌપ્રથમ ICICI બેંકે ૧૯૯૮માં એમના ગ્રાહકો માટે ઈન્ટરનેટ બેંકિગની શરૂઆત કરી હતી. ડિજિટલ ઈન્ડિયા એ ભારત સરકારનો એક મુખ્ય કાર્યક્રમ છે જે ભારતને ડિજિટલી સશકત સમાજ અને જ્ઞાન અર્થતંત્રમાં પરિવર્તિત કરવાના વિઝન સાથે છે. આ કાર્યક્રમ ૧ લી જુલાઈ, ૨૦૧૫નાં રોજ આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરવામાં આવ્યો હતો. ડિજિટલ ભારતની વિભાવનાથી બેકિંગ ક્ષેત્ર પ્રભાવિત થયું છે અને માત્ર છ વર્ષના ગાળામાં, ભારત, મુખ્યત્વે રોકડ આધારિત અર્થતંત્ર, રીઅલ-ટાઈમ ડિજિટલ પેમેન્ટ્સમાં વિશ્વમાં અગ્રેસર

બન્યું છે, જે આવા તમામ વ્યવહારોમાં લગભગ ૪૦ ટકા હિસ્સો ધરાવે છે. આરબીઆઈના જણાવ્યા મુજબ, માર્ચ ૨૦૨૩ સુધીમાં સમગ્ર દેશમાં ડિજિટલ પેમેન્ટ્સમાં ૧૩.૨૪ % ની વૃદ્ધિ નોંધાઈ છે. **PhonePe** અને **Boston Consulting Group** દ્વારા તાજેતરના અહેવાલમાં તારણ કાઢ્યું છે કે ભારતનું ડિજિટલ પેમેન્ટ માર્કેટ ૨૦૨૬ સુધીમાં **$ 3** ટ્રિલિયનથી **$10** ટ્રિલિયન થઈ જશે.

ડિજિટલ ઈન્ડિયા પ્રોગ્રામ ભારત સરકારનો એક મુખ્ય કાર્યક્રમ છે જે ભારતને ડિજિટલી સશક્ત સમાજ અને જ્ઞાન અર્થતંત્રમાં પરિવર્તિત કરવાના વિઝન સાથે છે. ''ફેસલેસ, પેપરલેસ, કેશલેસ'' એ ડીજીટલ ઈન્ડિયાની એક ભૂમિકા છે.

કેશલેસ ટ્રાન્ઝેકશનને પ્રોત્સાહન આપવા અને ભારતને ઓછી રોકડ સમાજમાં રૂપાંતરિત કરવાના ભાગરૂપે, ડિજિટલ પેમેન્ટના વિવિધ પ્રકારો ઉપલબ્ધ છે.

**૧. બેંકિંગ કાર્ડ (ડેબિટ/ક્રેડિટ/કેશ/ટ્રાવેલ/અન્ય)**

બેંકિંગ કાર્ડ ગ્રાહકોને કોઈપણ અન્ય ચુકવણી પદ્ધતિ કરતાં વધુ સુરક્ષા, સુવિધા અને નિયંત્રણ પ્રદાન કરે છે. ક્રેડિટ, ડેબિટ અને પ્રીપેડ સહિત- ઉપલબ્ધ કાર્ડ્સની વિશાળ વિવિધતા પણ પ્રચંડ સુગમતા પ્રદાન કરે છે. આ કાર્ડ્સ સુરક્ષિત ચુકવણીઓ માટે **Two Factor Authentication** પ્રદાન કરે છે જેમ કે સુરક્ષિત **PIN** અને **OTP, RuPay, visa, MasterCard** એ કાર્ડ પેમેન્ટ સિસ્ટમના કેટલાક ઉદાહરણ છે. પેમેન્ટ કાર્ડ લોકોને સ્ટોર્સમાં, ઈન્ટરનેટ પર, મેઈલ-ઓર્ડર કેટલોગ દ્વારા અને ટેલિફોન દ્વારા વસ્તુઓ ખરીદવાની શકિત આપે છે. તેઓ ગ્રાહકો અને વેપારીઓ બંનેનો સમય અને નાણાં બચાવે છે અને આ રીતે તેમને વ્યવહારમાં સરળતા માટે સક્ષમ બનાવે છે..

**૨. અનસ્ટ્રકચર્ડ સપ્લીમેન્ટરી સર્વિસ ડેટા** (gtwyumtyumtze)

નવીન ચુકવણી સેવા ***99#** અનસ્ટ્રકચર્ડ સપ્લીમેન્ટરી સર્વિસ ડેટા **(USSD)** ચેનલ પર કામ રે છે. આ સેવા મૂળભૂત સુવિધાવાળા મોબાઈલ ફોનનો ઉપયોગ કરીને મોબાઈલ બેંકિંગ વ્યવહારોને મંજુરી આપે છે, યુએસએસડી આધારિત મોબાઈલ બેંકિંગનો ઉપયોગ કરવા માટે મોબાઈલ ઈન્ટરનેટ ડેટા સુવિધા હોવી જરૂરી નથી.

સમગ્ર દેશમાં દરેક સામાન્ય માણસ સુધી બેંકિંગ સેવાઓ પહોંચાડવા માટે ***99#** સેવા શરૂ કરવામાં આવી છે. બેંકિંગ ગ્રાહકો તેમના મોબાઈલ ફોન પર ''તમામ ટેલિકોમ સેવા પ્રદાતાઓ **(TSPs)** પર એક સામાન્ય નંબર'' ***99#** ડાયલ કરીને આ સેવાનો લાભ લઈ શકે છે અને મોબાઈલ સ્ક્રીન પર પ્રદર્શિત ઈન્ટરેકિટવ મેનૂ દ્વારા વ્યવહાર કરી શકે છે. ***99#** સેવા હેઠળ ઓફર કરવામાં આવતી મુખ્ય સેવાઓમાં ઈન્ટરબેંક એકાઉન્ટથી એકાઉન્ટ ફંડ ટ્રાન્સફર, બેલેન્સ પૂછપરછ, મિની સ્ટેટમેન્ટ ઉપરાંત અન્ય સેવાઓનો સમાવેશ થાય છે. ***99#** સેવા હાલમાં ૫૧ અગ્રણી બેંકો અને તમામ **GSM** સેવા પ્રદાતાઓ દ્વારા ઓફર કરવામાં થાય છે અને ૩૦.૧૧.૨૦૧૬ સુધી હિન્દી અને અંગ્રેજી સહિત ૧૨ વિવિધ ભાષાઓમાં એકસેસ કરી શકાતું હતું.

### ૩. યુનિફાઇડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (UPI)

યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ, જેને સામાન્ય રીતે UPI તરીકે ઓળખવામાં આવે છે, તે ૨૦૧૬માં નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) દ્વારા વિકસાવવામાં આવેલી ભારતીય ઈન્સ્ટન્ટ પેમેન્ટ સિસ્ટમ છે. હાલમાં UPI સ્કેન એન્ડ પે દ્વારા ડીજીટલ બેંકિંગમાં સૌથી વધુ પ્રચલિત થયું છે. તેનો ઉપયોગ મોબાઈલ ઉપકરણો પર બે બેંક ખાતાઓ વચ્ચે તરત જ ભંડોળ ટ્રાન્સફર કરવા માટે થાય છે. પૈસા ટ્રાન્સફર કરવા માટે પ્રાપ્તકર્તાના UPI ID નો ઉપયોગ કરી શકાય છે. ગૂગલ પે, ભારત પે, વોટ્સએપ બેંકિંગ વગેરેમાં UPI ના પ્રચલિત એપ્લિકેશનનો ઉપયોગ સવિશેષ જોવા મળે છે.

### ૪. મોબાઈલ વોલેટ

મોબાઈલ વોલેટ એ ડિજિટલ ફોર્મેટમાં રોકડ લઈ જવાનો એક માર્ગ છે. તમે મોબાઈલ ઉપકરણમાં તમારા ક્રેડિટ કાર્ડ અથવા ડેબિટ કાર્ડની માહિતીને મોબાઈલ વોલેટ એપ્લિકેશન સાથે લિંક કરી શકો છો અથવા તમે મોબાઈલ વોલેટમાં ઓનલાઈન નાણાં ટ્રાન્સફર કરી શકો છો. ખરીદી કરવા માટે તમારા ભૌતિક પ્લાસ્ટિક કાર્ડનો ઉપયોગ કરવાને બદલે, તમે તમારા સ્માર્ટફોન, ટેબ્લેટ અથવા સ્માર્ટ ઘડિયાળ વડે ચૂકવણી કરી શકો છો. તેમાં નાણાં જમા કરવા માટે વ્યકિતના ખાતાને ડિજિટલ વોલેટ સાથે લિંક કરવું જરૂરી છે. મોટાભાગની બેંકો પાસે તેમના ઈ-વૉલેટ છે અને કેટલીક ખાનગી કંપનીઓ મોબાઈલ વોલેટની સગવડ આપે છે. દા.ત. **Paytm, Freecharge, Mobikwik, Oxigen, mRuppee, Airtel Money, Jio Money, SBI Buddy, Vodafone M-Pesa, Axis Bank Lime, ICIC Pockets, Speepay** વગેરે.

### ૫. ઈન્ટરનેટ બેન્કિંગ

ઈન્ટરનેટ બેન્કિંગ, જેને ઓનલાઈન બેન્કિંગ, ઈ-બેન્કિંગ અથવા વર્ચ્યુઅલ બેન્કિંગ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે એક ઈલેકટ્રોનિક પેમેન્ટ સિસ્ટમ છે જે બેન્ક અથવા અન્ય નાણાકીય સંસ્થાના ગ્રાહકોને નાણાકીય સંસ્થાની વેબસાઈટ દ્વારા શ્રેણીબદ્ધ નાણાકીય વ્યવહારો કરવા સક્ષમ બનાવે છે.

ઓનલાઈન નાણાકીય વ્યવહારોના વિવિધ પ્રકારો છે:

૧. **NEFT** (નેશનલ ઈલેકટ્રોનિક ફંડ ટ્રાન્સફર) : એક ખાતામાંથી બીજા ખાતામાં પૈસા ટ્રાન્સફર કરવા માટે **NEFT** નો ઉપયોગ થાય છે. **NEFT** માં પૈસા ટ્રાન્સફર ઓછામાં ઓછી કે વધુ રકમની કોઈ લિમિટ હોતી નથી. **NEFT** સિસ્ટમ આખા વર્ષ દરમિયાન ચોવીસ કલાક બધા દિવસો (24x7x365) પર ઉપલબ્ધ છે. ભંડોળ બેચમાં ટ્રાન્સફર કરવામાં આવે છે જે સમગ્ર દિવસ દરમિયાન ૪૮ અડધા કલાકના સમય સ્લોટમાં સ્થાયી થાય છે.

૨. **RTGS** (રીઅલ ટાઈમ ગ્રોસ સેટલમેન્ટ): વ્યવસાય/ધંધાના માલિકો/બેંકો જયારે તેમને તાત્કાલિક મોટી રકમ ટ્રાન્સફર કરવાની જરૂર હોય ત્યારે **RTGS** નો ઉપયોગ સવિશેષ કરે છે. અન્ય પદ્ધતિઓ કરતાં **RTGS** નો એક ફાયદો છે ટ્રાન્ઝેકશન સ્પીડ, કારણ કે સમગ્ર રકમ વાસ્તવિક સમયમાં ટ્રાન્સફર થાય છે.

૩. ECS (ઈલેક્ટ્રોનિક કિલયરિંગ સિસ્ટમ)

ECS એ યુટિલિટી-બિલ-ચુકવણીઓ જેવા કે ટેલિફોન બિલ, વીજળી બિલ, વીમા પ્રિમિયમ, કાર્ડ પેમેન્ટ્સ અને લોન રિપેમેન્ટ્સ વગેરેના સંદર્ભમાં ચુકવણી કરવા માટેની વૈકલ્પિક પદ્ધતિ છે. ECS કરવાની કોઈપણ પેમેન્ટ ડ્યુ તારીખ પહેલા ચૂકવણી કરી શકાય છે દંડનીય રકમ ચૂકવવાની નોબત આવતી નથી. બેંકો/કંપનીઓ/કોર્પોરેશનો/સરકારી વિભાગો વગેરે દ્વારા ચૂકવણીઓ એકત્ર કરવા/પ્રાપ્ત ESC ની સુવિધા પોતાના ગ્રાહકને આપે છે.

૪. IMPS (Immediate Payment Service)

IMPS એ બીજી રીઅલ-ટાઈમ ચુકવણી સેવા છે, પરંતુ વિશિષ્ટ પરિબળ એ છે કે IMPS 24/7 ઉપલબ્ધ છે અને બેંકની રજાઓમાં પણ સેવાનો લાભ લઈ શકો છો. ખ્જા નો ઉપયોગ કરીને રૂ. ૨,૦૦,૦૦૦ સુધીની રકમ તાત્કાલિક એક ખાતામાંથી બીજા ખાતામાં ટ્રાન્સફર કરી શકાય છે.

૫. મોબાઈલ બેંકિંગ

મોબાઈલ બેંકિંગ એ બેંક અથવા અન્ય નાણાકીય સંસ્થા દ્વારા પૂરી પાડવામાં આવતી સેવા છે જે તેના ગ્રાહકોને મોબાઈલ ફોન અથવા ટેબ્લેટ જેવા મોબાઈલ ઉપકરણનો ઉપયોગ કરીને દૂરસ્થ રીતે વિવિધ પ્રકારના નાણાકીય વ્યવહારો કરવા દે છે. તે આ હેતુ માટે બેંકો અથવા નાણાકીય સંસ્થા દ્વારા પ્રદાન કરવામાં આવેલ સોફ્ટવેરનો ઉપયોગ કરે છે, જેને સામાન્ય રીતે એપ્લિકેશન કહેવામાં આવે છે. દરેક બેંક એન્ડ્રોઈડ અને ios મોબાઈલ પ્લેટફોર્મ માટે તેની પોતાની મોબાઈલ બેંકિંગ એપ્લિકેશન પ્રદાન કરે છે.

૬. MICRO ATMS

માઈક્રો એટીમએમનો મતલબ એક એવું ઉપકરણ છે જેનો ઉપયોગ નાણા ડિપોઝીટ કરવા, ઉપાડવા, ફંડ ટાન્સફર, અને બેલેન્સ પૂછપરછ કરી શકાય છે. માઈક્રો એટીએમ સ્થાનિક વેપારી, જેમકે કિરાણા દુકાનના માલિક, કોઈ પેટ્રોલ પંપના માલિક વગેરે રાખી શકે છે. અને નાની રકમના વ્યવહાર કરી શકે છે.

૮ નવેમ્બર, ૨૦૧૬ ના રોજ સાંજે, 8 P.M. ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતમાં ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની નોટોને બંધ કરવાની જાહેરાત કરી. એ ઐતિહાસિક નિર્ણય પાછળ ઘણાં કારણો હતાં. એક કારણ કેશલેસ ભારતના સ્વપ્ન તરફ એક કદમ મૂકયું હતું. તો આજે આપણે પણ ડિજિટલ બેંકિંગ સેવા અપનાવી આપણા દેશના અર્થતંત્રને વધુ મજબૂત બનાવવામાં યોગદાન આપીએ.

લિ.
આપનો સહકારી
ડૉ. શ્રી ચેતનભાઈ છોટુભાઈ પટેલ
ડિરેક્ટર
બારડોલી નાગરિક સહકારી બેંક લિ.



મેનેજર

**શ્રી દિનેશચંદ્ર ડી. પ્રજાપતિ**

# સહકારી સંસ્થાઓ અને સાયબર સુરક્ષા

## સાઈબર સુરક્ષા માટે સહકારી સંસ્થાઓ તથા સામાન્ય વ્યકિતએ ધ્યાનમાં આખવાની બાબતો

આજનાં કોમ્પ્યુટર અને ઈન્ટરનેટનાં યુગમાં યુઝર્સ વધવાથી હેકિંગનો ખતરો પણ વધ્યો છે. AI ની ટેકનોલોજીનો ઉપયોગ કરીને સાઈબર છેતરપિંડી વધી રહી છે. દેશમાં ઓનલાઈન ટ્રાન્ઝેકશન વધતાં સાઈબર ક્રાઈમની સંખ્યામાં પણ ઘણો વધારો થયો છે. છેલ્લાં બે વર્ષમાં દેશમાં ઓનલાઈન આર્થિક છેતરપિંડીનું પ્રમાણ પચાસ ટકા વધી ગયુ છે. ભારતમાં UPI અને ઈ-બેંકિંગનાં આધારે છેતરપિંડીનાં કિસ્સાઓમાં ચિંતાજનક વધારો થયો છે. હું લખુ છું ત્યારે સોશિયલ મિડીયામાં લીંક મોકલીને કે વિડીયો કોલથી આચરાતાં ફ્રોડમાં બાર ટકાનો વધારો તો ફકત બે વર્ષમાં થયો છે, આજે દુનિયાભરનાં હેકર્સ ભારતીય યુઝર્સને નિશાન બનાવી રહ્યા ત્યારે આ અંકમાં સાઈબર ક્રાઈમ કેવી રીતે થાય છે તેમનાં દ્વારા સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતી મોડ્સ ઓપરેન્ડી વિષે તથા તેનાંથી બચવા શું કરી શકાય તેની ચર્ચા કરીએ.

(૧) વન ટાઈમ પાસવર્ડ (OTP) : OTP મોબાઈલમાં કે ઈ-મેઈલમાં આવે છે. સ્કેમર્સ ટ્રિક કરીને યુઝર્સ પાસેથી OTP મેળવી લે છે. સામાન્ય રીતે બેંકનાં કર્મચારી તરીકે કે ટેક્ષ એજન્ટ અથવા વીમા કંપનીનાં કર્મચારી તરીકે ઓળખ આપીને સ્કેમર્સ ફોન કરે છે. તેની પાસે આપણાં બેંક ખાતાની વિગતો જેવી કે એકાઉન્ટ નંબર, IFS કોડ વિગેરે તમામ વિગતો હોય છે. એટલે રકમનાં ટ્રાન્ઝેકશન માટે ફકત OTP ની જ જરૂર પડે છે. અને આ OTP રજિસ્ટર મોબાઈલ નંબરમાં જ આવે છે. એજન્ટ કે કર્મચારી બની સ્કેમર OTP મેળવે એટલે તેનું કામ પુરૂ. ટુંકમાં અજાણ્યા શખ્શને OTP આપવું સલાહભર્યું નથી.

વર્ષોથી સાઈબર ગુનેગારો દ્વારા આ સામાન્ય રીતે સૌથી વધુ ઉપયોગમાં લેવામાં આવતી મોડસ ઓપરેન્ડી છે. આ હેઠળ વ્યકિતને સામાન્ય રીતે મેઈલ પર ઓફર્સ અને ઈનામોની લિન્કનો સંદેશ મળે છે. વ્યકિતને લિન્ક ખોલવા અને પૈસા મેળવવાની પ્રક્રિયાને અનુસરવાનું કહેવામાં આવે છે. અને ઘણાં આમાં ફસાઈ જાય છે. છેતરપિંડી કરનારાઓ કુરિયર વિશે સંદેશ પણ મોકલે છે અને સંભવિત લક્ષ્યાંકને તેમનાં દ્વારા શેર કરેલાં એકાઉન્ટ નંબરમાં નાણાં જમા કરાવવા માટે કહે છે.

(૨) **UPI** રિકવેસ્ટ : સ્કેમર્સ **UPI** પેમેન્ટ રિકવેસ્ટ મોકલે અને એવું કહેવામાં આવે કે તમે અમુક સ્પર્ધા જીત્યા છો. આપણે લાલચમાં આવી એનું પેમેન્ટ કરીએ છીએ. આવેલી લિંકને માન્યતા આપો એટલે આપણાં એકાઉન્ટમાં રકમ જમાં થઈ જશે. અથવા તો કોઈ ચીજ વસ્તુ તમે ઓન લાઈન પ્લેટફોર્મથી ખરીદવા-વેચવા ઈચ્છો છો તો એનાં પેમેન્ટ માટે કહેવામાં આવે છે. પરંતુ આવી થર્ડ પાર્ટી પ્લેટફોર્મ પરથી આવતી રિકવેસ્ટને સ્વીકારવી ન જોઈએ. ઈ-મેઈલ કે મેસેન્જર એપમાં આવતી આવી **UPI** રિકવેસ્ટ તરફ ધ્યાન દોરવું હિતાવહ નથી.. ઉદાહરણ તરીકે જોઈએ તો...

એક મહિલાને ઘણી બાબતો સોશિયલ મીડિયામાં શેર કરવાની આદત હતી. આ મહિલાએ ભૂજ જવા માટે આઈઆરસીટીસીની વેબસાઈટ ઉપર ત્રણ ટિકીટ બુક કરવી હતી. તેમની મુસાફરીની તારીખે અને તેમને જોઈતી ટ્રેનમાં બધી ટિકીટો બુક હતી. આથી આ મહિલાને “આર.એ.સી.” એટલે કે રિઝર્વેશન અગેઈન્સ્ટ કેન્સલેશન પ્રકારની સીટ મળી. મુસાફરી પહેલાં “આર.એ.સી.” ટિકીટ કન્ફર્મ થઈ કે નહીં તે જાણવા માટે એકસ (ટ્વીટર) પર આઈ.આર.સી.ટી.સી.નો સંપર્ક કરવાની કોશિશ કરતાં પોતાનો મોબાઈલ નંબર, ટિકીટનો ફોટોગ્રાફ શેર કરતાં જ ફોન આવ્યો અને કહેવામાં આવ્યું કે તેમને આરએસી ટિકીટ કન્ફર્મ કરવામાં મદદ કરશે. આ ફોન આ મહિલાંના દિકરાએ રીસિવ કર્યો. તેમાં સામેથી કહેવામાં આવ્યુ કે તે એક લીંક મોકલી રહ્યો છે. જેમાં કટલીક વિગતો ભરીને કન્ફર્મ ફી પેટે માત્ર બે રૂપિયાનું પેમેન્ટ કરવાનું છ, મા દીકરાને એવું લાગ્યુ કે કંપનીની સર્વિસ સુધરી ગઈ છે. ફોનમાં પેલી લિંક ઓપન કરી અને જણાવેલી વિગતો ભરી બે રૂપિયા પેમેન્ટ કરી દીધું. પછીની થોડીક ક્ષણોમાં તેમનાં મોબાઈલમાં બેંક તરફથી ટ્રાન્ઝેકશનનાં એલર્ટસ આવ્યા. અને જોયુ તો રૂ. ૬૪૦૧૧/- જેટલી રકમ ઉપડી ગઈ હતી.

ટૂંકમાં આ કિસ્સામાં જોઈએ તો આઈઆરસીટીસી, વિવિધ બેંક, કંપનીઓ, મ્યુચ્યુઅલ ફંડ કંપનીઓ, પેમેન્ટ ગેટવે વિગેરે પ્રકારની કંપનીઓનાં ઓફિશયલ સોશિયલ મીડિયા એકાઉન્ટ પર જે તે કંપનીનાં અધિકારીઓ ઉપરાંત ઠગ ટોળકીઓ પણ બાજ નજર રાખતી હોય છે. ટૂંકમાં જરૂર કરતાં વધારે માહિતી શેર કરવાથી આવી ઠગ ટોળકીઓ  રીતસર બાજની જેમ પોતાનાં શિકાર પર ત્રાટકે છે.

(૩) **KYC** અપડેટ : બેંક એકાઉન્ટસ, કાર-બાઈક પોલિસી અને વિમા પોલિસીમાં અમુક દસ્તાવેજો ખૂટે છે. **KYC** અપડેટ કરાવવું પડશે એવો ફોન આવે છે. એમાં જો ફસાયા તો સ્કેમર્સ ફાવી જાય છે. ડોકયુમેન્ટસ  ઉપરાંત **KYC** માટે અમુક **OTP** આવશે અને શેર કરવાનું કહેવામાં આવે છે. જેવો **OTP** શેર થાય તે એકાઉન્ટમાંથી તરત જ પૈસા ટ્રાન્સફર થઈ જાય. એકમાથી

બીજામાં અને બીજામાંથી ત્રીજામાં એમ ફટાફટ ટ્રાન્સફર થવાથી પોલિસ ફરિયાદ પછી પણ આ પૈસા રિટર્ન આવવાની ગેરંટી ઓછી રહે છે.

(૪) બેંક એકાઉન્ટ ડિએક્ટીવેટ: ઘણી વખત એકદમ ઓથેન્ટીક લાગે એવાં નંબર પરથી કોલ આવે છે કે તમારૂં બેંક એકાઉન્ટ અમુક કારણોથી બંધ થઈ રહ્યુ છે. જો તમે એકાઉન્ટ સક્રિય રાખવા ઈચ્છતાં હોય તો તમારી વિગતો આપો. ખાસ તો મોબાઈલ નંબર, નામ, એકાઉન્ટ નંબર વિગેરે... એકાઉન્ટધારકને ચિંતા થાય એટલે આ તમામ વિગતો શેર કરી દે છે. સ્કેમર્સ નકલી લિંક મોકલે છે અને તેમાં એક પછી એક વિગતો ભરીને ઓકે કરવાનું જણાવે છે. બરાબર એજ સમય ગાળામાં બેંકમાંથી પેમેન્ટ કરવાની સહમતિ મેળવી લે છે.. આવી જ રીતે લાઈટબિલ, ક્રેડિટ કાર્ડ બિલ, મોબાઈલ બિલ, ગેસ બિલ વિગેરેનાં નામે ફોન, મેસેજ કે ઈ-મેઈલ આવે છે ને જરાક સાવધાની હટી કે એકાઉન્ટ ખાલી થઈ જાય છે. આવું ન થાય તે માટે ડિજીટલ અવેરનેસ જરૂરી છે.

(૫) એપ્સ અને સોફ્ટવેર અપડેટ : મોબાઈલ કંપની સિક્યુરીટી અપડેટ આપે છે. ત્યારે તેની અવગણનાં ના કરો. નવા થ્રેટને ધ્યાનમાં રાખીને એમાં મજબૂત સુરક્ષા આપવામાં આવે છે. મોબાઈલને હંમેશા અપડેટ રાખો. તે ઉપરાંત એપ્સનાં અપડેટ પણ અમુક સમયે કરતાં રહો. એપ્સ ડેવલપર્સ એરર પ્રમાણે સુધારા-વધારા સાથેનું વર્ઝન આપે છે. તેનાંથી સાઈબર ફ્રોડનો ખતરો ઘટે છે.

(૬) બિનજરૂરી અનઈન્સટોલ કરો : ઘણી એપ્સ નવો મોબાઈલ હોય ત્યારે એમાં ઈન્સ્ટોલ થયેલી હોય જ છે. તો ઘણી આપણે બીજા કોઈ હેતુથી ઈન્સ્ટોલ કરીએ છીએ. એ કામ પુરૂ થઈ જાય પછી મહિનાઓ સુધી એનો ઉપયોગ થતો નથી. મોબાઈલમાં પડયા પડયા આવી એપ્સ માહિતીઓ સ્ટોર કરે છે. જો એને હેકર્સ નિશાન બનાવે તો ડેટા તફડંચીનો ખતરો રહે છે. એનાં કરતાં બિનજરૂરી એપ્સ દુર કરવી હિતાવહ છે. તેનાથી મોબાઈલમાં ખોટી જગ્યા રોકશે નહીં અને પરફોર્મન્સ પણ સુધરશે.

(૭) અજાણી વેબસાઈટથી દુર રહો : અધિકૃત ન હોય એવી વેબસાઈટ ન ખોલવી કે એમાં આપેલી વિગતો પણ ન ભરવી. વેબસાઈટનું ડોમેઈન ચેક કરવું અને કંઈક ગરબડ લાગે તો તુરંત વેબપેજ છોડી દેવું. અજાણ્યા નંબર ઉપરથી આવતાં ફોન, મેસેજથી સાવધાન રહેવું. ખાસ તો એક પણ બાબત માટે **OTP** કયારેય શેર ન કરવો. ઈ-મેઈલમાં ગમે તેટલી લોભામણી જાહેરાત હોય કે ઈનામ જીતવાનો દાવો હોય, ઈ-મેઈલ એડ્રેસ અજાણ્યુ લાગ્યુ કે તરત જ લિંક પર કિલક કરવાથી બચવું કેર્ડિટ કાર્ડનો **OTP** ડેબિટ કાર્ડના પીન, યુપીઆઈ પીન કયારેય અજાણી વ્યકિતને ફોનમાં શેર ન કરવો. મોબાઈલ હેકિંગનો ખતરો હોય તો તુરંત સાવધાન થઈને એકસપર્ટ પાસે ચેક કરાવવો. સાવધાની જ સલામતિ છે.

(૮) નકલી **TRAI** (ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા) અથવા **FedEx** (કુરિયર) કંપની કોલર્સ : આ મોડસ ઓપરેન્ડી હેઠળ કોઈ વ્યકિતને અજાણ્યા નંબર ઉપરથી રેકોર્ડેડ કોલ આવે છે અને કોલર દ્વારા કહેવામાં આવે છે કે તેમનો નંબર ટુંક સમયમાં રદ કરવામાં આવશે. ત્યાર બાદ કોલર તે વ્યકિતને ૯ નંબર દબાવવાનું કહે છે, જે છેતરપીંડી કરનારાઓ દ્વારા સેટ કરેલાં નકલી કોલ સેન્ટર સાથે લિંક કરેલ હોય છે. સંભવિત પીડિતને

પછી કહેવામાં આવે છે કે મોબાઈલ નંબર પર આંતકવાદી લિંકસ હોવાનું જાણવા મળ્યુ છે અને હવાલા ઓપરેટરો દ્વારા વ્યકિતનાં ખાતામાં કેટલાંક પૈસા જમા કરાવવામાં આવ્યા છે. જયારે ઓથોરાઈઝેશન માટે પૂછપરછ કરાવવામાં આવે છે ત્યારે કોલર વ્યકિતને સ્કાયપે કોલ પર આવવાનું કહે છે અને માહિતી આપે છે કે તેમની ડિજિટલી ધરપકડ કરવામાં આવશે. તરત જ વ્યકિતને સીબીસાઈ અને ઈન્કમટેક્ષ જેવી સુરક્ષા એજન્સીઓ તરફથી નકલી નોટીસ મળે છે. ત્યાર બાદ છેતરપિંડી કરનારાઓ પોતાનાં ટાર્ગેટ પ્રત્યે સહાનુભુતિ દર્શાવે છે અને મદદનું વચન આપે છે. જો ભોગ બનનાર વ્યકિત તેમની મદદ માંગે તો તેઓ વેરિફિકેસનની આડમાં બેંકની વિગતો મોકલે છે અને વ્યકિતને બે-ત્રણ દિવસમાં રકમ પરત કરવાનાં વચન સાથે તેમનાં દ્વારા શેર કરાયેલ નકલી સરકારી એકાઉન્ટ નંબરમાં કેટલાંક પૈસા મૂકવા માટે કહે છે. પોલિસનાં જણાવ્યા અનુસાર **FedEx** કુરિયર કંપનીનાં એજન્ટ તરીકે છેતરપીંડી કરનારાઓ દ્વારા સમાન મોડ્સ ઓપરેન્ડીનો ઉપયોગ કરવામાં આવે છે. એક અધિકારીએ જણાવ્યું હતું કે કેટલાંક સમયથી આ પ્રકારનાં છેતરપીંડીનાં કિસ્સાઓ નોંધાઈ રહ્યા છે. આ કિસ્સામાં નકલી કુરિયર કંપની એજન્ટ સામાન્ય રીતે પોતાનાં સંભવિત ટાર્ગેટને કહે છે કે તેમને મોકલવામાં આવેલ પાર્સલમાં દવાઓ છે. એજન્ટ પછી વ્યકિતને સુરક્ષા એજન્સી દ્વારા કોઈ પણ સંભવિત કાર્યવાહીથી બચવા અને પૈસા લેવા માટે મદદની ઓફર કરે છે.

(૯) ઘર બેઠાં નોકરી અથવા ટેલિગ્રામ છેતરપિંડી : આમાં સંભવિત ટાર્ગેટને તેમનાં વોટ્સએપ નંબર પર પાર્ટ ટાઇમ જોબ ઓફર સાથેનો સંદેશ મળશે. વ્યકિતને ટેલિગ્રામમાં ખાતુ ખોલવાનું કહેવામાં આવશે. સંમતિ આપ્યા બાદ તેમનો નંબર ગૃપમાં એડ કરવામાં આવે છે. ગૃપ એડમીન પછી કેટલાંક કામ આપે છે. સામાન્ય રીતે અમુક સોશિયલ મીડિયા એકાઉન્ટસને અનુસરવા અથવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વિડિયો લાઈક કરવાનું કહેવામાં આવે છે. સંભવિત ટાર્ગેટને એક દિવસનાં કામ માટે હજારો રૂપિયાનું વચન આપવામાં આવે છે. શરૂઆતમાં વ્યકિતને માત્ર કિલક કરવા માટે રૂ.૧૫૦ થી લઈ રૂ. ૩૦૦ સુધીનાં પૈસા મળે છે. એકવાર કોઈ વ્યકિત રોજિંદા ધોરણે કામ કરવાનું શરૂ કરે છે તો તેને અમુક પૈસા જમા કરાવવાનું કહેવામાં આવે છે. જો કે શરૂઆતમાં કોઈ વ્યકિતને થોડું ઓછું રિફંડ મળે છે. આ પદ્ધતિ અંગે એક અધિકારીએ જણાવ્યું હતુ કે તે ગૃપનાં અન્ય સભ્યો સામાન્ય રીતે સંભવિત ટાર્ગેટને વધુ રોકણ કરવા માટે પ્રોત્સાહિત કરે છે કે તેઓ પહેલેથી જ આમ કરી ચુકયા છે. અધિકારીઓનાં જણાવ્યા અનુસાર ગૃપનાં અન્ય સભ્યોનાં એકાઉન્ટ વાસ્તવમાં એક વ્યકિત દ્વારા હેન્ડલ કરવામાં આવે છે.

(૧૦) સેકસટોર્શન : આ મોડ્સ ઓપરેન્ડી હેઠળ સબંધિત ટાર્ગેટને મોબાઈલ ફોન પર રેન્ડમ વિડિયો કોલ મળે છે. જયારે વ્યકિત વિડિયો કોલ એટેન્ડ કરે છે ત્યારે તેને એક મહિલા અશ્લીલ કૃત્ય કરતી જોવા મળે છે. જયારે વ્યકિત કોલ ડિસ્કનેકટ કરે છે ત્યારે છેતરપીંડી કરનારાઓ કાં તો વિડિયો રકોર્ડ કરે છે અથવા વિડિયો ચેટનો સ્ક્રીન શોટ લઈ લે છે. ત્યાર પછી ટાર્ગેટ વ્યકિતને પોલીસ ઓફિસર તરીકે દેખાતી વ્યકિતનો ફોન કોલ આવે છે અને જાણ કરવામાં આવે છે કે કોલ કરનાર મહિલાએ તેની વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલિસ અધિકારી તરીકે પેલી વ્યકિત વિડિયો ચેટનો સ્ક્રીન શોટ ટાર્ગેટને મોકલે છે. અને મામલો પતાવવાની

આડમાં તેની પાસેથી પૈસા પડાવી લે છે. મોટી સંખ્યામાં લોકો સેકસટોર્શનનો ભોગ બની ચૂકયા છે. તાજેતરમાં જ ગુજરાતનાં ગૃહમંત્રીએ એવી ખાતરી આપી હતી કે આ પ્રકારનાં કોલ દ્વાર કોઇ પણ ફસાવવાના પ્રયત્ન કરે તો બેધડક પોલિસને જાણ કરવી. પોલિસ તમને અવશ્ય મદદ કરશે.

(૧૧) બનાવટી કુટુંબનાં સભ્ય અથવા મિત્ર મુશ્કેલીમાં છે એવું બહાનું : આ પધ્ધતિમાં ભોગ બનનાર વ્યકિતને એક અનામી નંબર પરથી કોલ મળે છે. કોલર જુના મિત્ર અથવા સબંધી હોવાનો દાવો કરે છે. છેતરપિંડી કરનારાઓ છેંનો ઉપયોગ વ્યકિતનાં પરિચિત વ્યકિતનાં અવાજનું અનુકરણ કરવા માટે પણ કરી શકે છે. કોલ કરનાર સામેની વ્યકિતને કહેશે કે તે તકલીફમાં છે અને તેને પૈસાની જરૂર છે. કોલ કરનાર ટાર્ગેટને તેનાં ખાતામાં પૈસા મોકલવા માટે કહેશે. પરંતુ મોકલનારને પછીથી ખબર પડશે કે કોલર જૂઠું બોલી રહ્યો હતો. આ કેટેગરીમાં છેતરપિંડી કરનારાઓ મેટ્રિમોનિયલ વેબસાઈટ્સ પર પ્રોફાઈલ બનાવીને મહિલાઓને છેતરે છે અને તે એક વાર મહિલાનો વિશ્વાસ મેળવી લે છે અને તેઓ કોઈ ને કોઈ બહાને પૈસા જમા કરવાનું કહે છે. પૈસા મળ્યા બાદ છેતરપિંડી કરનારાઓ કોલ લેવાનું બંધ કરી દે છે. ઈન્સ્ટાગ્રામ કે અન્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પણ પરિચિતનું એકાઉન્ટ હેક કરીને અથવા તો તેમનાં જેવું અન્ય ખાતુ બનાવીને મિત્રો, સબંધીઓ પાસે મદદ કરવાનાં બહાને પૈસા મંગાવવામાં આવે છે.

સાયબર સિકયુરીટી એ ડિજીટલ હુમલાઓથી, સિસ્ટમ્સ, નેટવર્કસ અને કાર્યક્રમોનું રક્ષણ કરવાની પ્રથા છે. સામાન્ય રીતે સાયબર હુમલાનો ઉપયોગ સંવેદનશીલ માહિતીને એકસેસ કરવા, બદલાવવા અથવા નાશ કરવા માટે થાય છે. આ ઉપરાંત મહત્વનું પાસું વપરાશકર્તાઓ પાસેથી નાણાં માંગવા, ડેટા નાશ કરવાની ધમકી આપવી અને સામાન્ય ધંધાકીય પ્રવૃતિઓ અટકાવવી એ પણ છે. આ માટે હેકરો નબળાઈઓ શોધે છે. અન્ય વપરાશકર્તાઓને નાણાંની કમાણી માટે આવા ડેટા વેચવામાં આવે છે, જે તે સંસ્થાને, દેશને, આર્થિક સરંક્ષણ અને સંદેશાવ્યવહાર ક્ષેત્રે નબળી પાડવાનો ઈરાદો હોય છે. દિવસે દિવસે સાયબર એટેકની ઘટનાઓમાં વધારો થયો છે. અને સાયબર એટેકની ઘટનાઓની લીધે ખર્ચ પણ વધ્યો છે. સહકારી મંડળીઓનાં સંદર્ભે સંવેદનશીલ માહિતી જોઈએ તો વ્યવસ્થાપક સમિતી અને સાધારણ સભાનાં ઠરાવો, સભાસદોને લગતી માહિતી, કર્મચારીઓને લગતી માહિતી, સભાસદોની ડિપોઝીટ તથા ધિરાણને લગતી માહિતી, નોમિનેશન તથા અન્ય કોમ્પ્યુટરમાં સ્ટોર કરવામાં આવેલી માહિતી પણ આવા ગુનેગારોનાં હાથમાં આવી શકે છે.

ઉપરોકત બાબતો જોતા સહકારી સંસ્થાઓએ પણ સાયબર એટેક સામે સજાગ થવાની જરૂર છે. આજનાં જમાનામાં સાયબર હુમલાઓ વધતાં જાય છે ત્યારે સહકારી સંસ્થાઓએ આ બાબતે સજાગ થઈ એનાં માટે અસરકારક સુરક્ષા પધ્ધતિ વિકસાવવી અતિ આવશ્યક છે. કોઈ એક સાયબર સુરક્ષા ટેકનોલોજી આવા હુમલાં અટકાવી શકતી નથી. તેના બદલે અનેક સ્તરીય સુરક્ષા વ્યવસ્થા કાર્યરત કરવી જોઈએ. જયારે પણ આવા હુમલા થાય ત્યારે તેની અસર ઘટાડવી જોઈએ. નેટવર્ક સિકયોરીટી તકનીકોનો અમલ થવો જોઈએ. તેમાં ઈ-મેઈલ અને વેબ સુરક્ષા, માલવેર સુરક્ષા, વપરાશકર્તા વર્તન નિરીક્ષણ અને એકસેસ નિયંત્રણનો

સમાવેશ થાય છે. વિગતવાર માહિતી નીચે મુજબ છે.

**ઓપરેટીંગ સિસ્ટમ અને સોફ્ટવેર અપડેટ્સ:** કેટલીકવાર ઓપરેટીંગ સિસ્ટમ (OS) (દા.ત. વિન્ડોઝ XP, વિન્ડોઝ વિસ્ટા) અને સોફ્ટવેર પ્રોગ્રામ્સ (દા.ત. માઈક્રોસોફ્ટ ઓફિસ એપ્લિકેશન) સાથે સમસ્યાઓ સર્જાય છે. મોટાભાગની નવી એપ સિસ્ટમ ડિફોલ્ટરૂપે અપડેટ્સ ડાઉનલોડ કરવા માટે સેટ છે. અપડેટ્સ ડાઉનલોડ કર્યા પછી જયારે ઈન્સ્ટોલ કરવા માટે કહેવામાં આવે ત્યારે દ્રીજ Click કરવું જોઈએ. અપડેટ્સ ઈન્સ્ટોલ થયા પછી કોમ્પ્યુટરને ફરીથી રીસ્ટાર્ટ કરી ખાતરી કરો. અને હા ખાસ મહેરબાની કરીને પાયોરેટેડ કે અવિશ્વનિય સોફ્ટવેરનાં ઉપયોગથી દુર રહો.

(A) **એન્ટિ-વાયરસ/એન્ટિ-સ્પાયવેર સોફ્ટવેર:** વાયરસ દ્વારા થતી કોમ્પ્યુટર સમસ્યાઓથી બચવા માટે, એન્ટિ-વાયરસ પ્રોગ્રામ ઈન્સ્ટોલ કરો અને ચલાવો. સમયાંતરે એન્ટિ-વાયરસ પ્રોગ્રામ દ્વારા એન્ટિ-વાયરસ અદ્યતન છે કે નહીં તે જોવા માટે તપાસો અને છેલ્લી અપડેટ કરેલ તારીખની ખાતરી કરો. એન્ટિ-વાયરસ સોફ્ટવેર અમુક પ્રકારનાં માલવેર શોધે છે અને કોઈપણ નુકશાન થાય તે પહેલાં તેનો નાશ કરી શકે છે. એન્ટિ-વાયરસ અને એન્ટિ-સ્પાયવેર સોફ્ટવેરને ઈન્સ્ટોલ કરો અને જાળવો. જરૂર જણાય તો પ્રોફેશનલનો સંપર્ક કરો.

(B) **ગુપ્ત માહિતીની સુરક્ષા:** એકાઉન્ટ નંબર્સ, સોશિયલ સિક્યુરીટી નંબર્સ, આધાર તથા પાન કાર્ડ નંબર્સ અથવા અન્ય રીતે ઓળખ પ્રસ્થાપિત થાય તેવી માહિતી આપશો નહિં. સિવાય કે તમે જાણો છો કે આ માહિતી કોણ માંગે છે ! મંડળીને, બેંકને, સભાસદોની કે ગ્રાહકોની મળેલી માહિતીને સુરક્ષિત કરવી જોઈએ. ઈ-મેઈલ અથવા ઈન્સ્ટન્ટ મેસેજીસ દ્વારા ગોપનીય માહિતી મોકલવી નહીં.

(C) **સાયબર સુરક્ષા ટિપ્સ:** સાયબર હુમલો કોઈ પણ કરી શકે છે જેથી તે મારા પર નહીં થાય તેવી માન્યતા કાઢી નાંખવી જોઈએ. નીચે મુજબની ટીપ્સ ધ્યાનમાં રાખો.

**૦૧.** હંમેશા સારા પાસવર્ડ મેનેજમેન્ટનો ઉપયોગ કરવો જોઈએ.

**૦૨.** અક્ષરોનાં મજબૂત મિશ્રણનો ઉપયોગ કરવો જોઈએ.

**૦૩.** એક કરતાં વધારે સાઈટ્સ માટે એક સમાન પાસવર્ડનો ઉપયોગ કરશો નહીં.

**૦૪.** તમારો પાસવર્ડ અન્ય લોકો સાથે શેર કરવો નહીં, તમારા ઉચ્ચ અધિકારી સાથે પણ નહીં.

**૦૫.** પાસવર્ડસને કયાંય લખશો નહી, મોનીટર ઉપર કે મોબાઈલમાં પણ નહીં.

**૦૬.** તમારો લેપટોપ, મોબાઈલ કે અન્ય ઉપકરણોને ગમે તે જગ્યાએ મુકી દેવાની આદત બદલો.

**૦૭.** જો તમને કોઈ પણ સમય માટે, કોઈ પણ કારણસર તમારા કોમ્પ્યુટર, મોબાઈલ અથવા લેપટોપ કે ટેબલેટ છોડવાની જરૂર પડે તો તેને હંમેશા બંધ કરીને જાવ.

**૦૮.** જો તમે ફલેશ ડ્રાઈવ અથવા બાહ્ય હાર્ડ ડ્રાઈવ પર સંવેદનશીલ માહિતી રાખો છો તો તેને પણ પ્રોટેકટ કરો.

**૦૯.** ઈ-મેઈલમાં જોડાણો અથવા લિંકસ પર કિલક કરતી વખતે હંમેશા સાવચેત રહવું જોઈએ. જો કોઈ કારણસર અનપેક્ષિત અથવા શંકાસ્પદ હોય તો તેનાં પર કિલક કરશો નહીં.

તમારા માટે લિંકનું URL બે વાર તપાસો. હેકર્સ ડોમેનનો લાભ લેશે અને છેતરવાની કોશીશ કરશે. નકલી વેબસાઈડ શોધવું ખૂબ મુશ્કેલ છે.

**૧૦.** સંવેદનશીલ બ્રાઉઝિંગ જેમકે બેકિંગ અથવા શોપીંગ ફક્ત તેજ ઉપકરણ પર કરવું જોઈએ જે તમારા માટે છે. તમે જે નેટવર્ક ઉપર વિશ્વાસ કરો તેનો જ ઉપયોગ કરો. અન્ય ઉપકરણ ભલે તે મિત્રનો મોબાઈલ, પબ્લિક કોમ્પ્યુટર કે સાયબર કેફેનું મફત વાઈફાઈ હોય તમારા ડેટા ચોરાઈ શકે.

**૧૧.** તમારા ડેટાનો નિયમિતપણે બેકઅપ લો. કોઈપણ જાતનાં માલવેર-ઈફેકટ ડ્રાઈવ્સ, બાહ્ય હાર્ડ ડ્રાઈવ્સ અને સ્માર્ટફોનનો ઉપયોગ ન કરો.

**૧૨.** સામાજિક નેટવર્કસ પર સંસ્થાની ખાનગી કે વ્યાવસાયિક માહિતી શેર કરવાનું ટાળો. કારણ કે તમે શું શેર કરી રહ્યા છો તે હેકર્સ પણ જોશે અને તમને મિત્ર બનાવીને તમારી પાસે ઘણી માહિતી મેળવી લેશે. -તમે કયાં છો ? કયાં જાઓ છો ? તમે કયાં કામ કરો છો ? તમે વેકેશન પર છો? -જેનાથી તેમને એકસેસ કરવા માટે વધુ મૂલ્યવાન માહિતી મળી શકે છે.

**૧૩.**ગમે તેની ફ્રેન્ડ રિકવેસ્ટ ના સ્વીકારો અને અજાણ્યાનાં મિત્ર ન બનો.

**૧૪.** જો તમે ઓફ લાઈન હો ત્યારે પણ કોઈ વ્યકિત મેનિપ્યુલેશન દ્વારા માહિતી મેળવવાનો પ્રયાસ કરશે. જો કોઈ સંવેદનશીલ માહિતી માંગવા માટે કોઈ કોલ અથવા ઈ-મેઈલ મળે તો પ્રેમથી તેને ઈગ્નોર કરો. તમે કોઈ પણ માહિતી આપતાં પહેલા સચોટતા ચકાસવા માટે હંમેશા કંપનીને કોલ કરી શકો છો. કોઈ પણ શંકાસ્પદ પ્રવૃતિ માટે તમારા એકાઉન્ટસનું નિરીક્ષણ કરો. જો તમને કંઈ અજુગતુ લાગે તો એક સંકેત હોઈ શકે કે તમારા એકાઉન્ટ સાથે ચેડા થયા છે, જેથી કોઈ પણ જાતનાં વિલંબ વિના નિવારક પગલા લો.

(D) **ફાયર વોલઃ** ફાયરવોલ નેટવર્ક સુરક્ષા ઉપકરણ છે. જે ઈનકમિંગ અને આઉટગોઈંગ નેટવર્ક ટ્રાફિકનું નિરીક્ષણ કરે છે અને નકકી કરે છે કે સુરક્ષા ટર્મ્સનાં નિર્ધારિત ટ્રાફિકને મંજૂરી આપવી કે અવરોધિત કરવી. ફાયરવોલ્સને ઘણાં લાંબા સમયની નેટવર્ક સુરક્ષામાં સંરક્ષણની પ્રથમ હરોળમાં સ્થાન મળ્યુ છે. ફાયરવોલ દ્વારા સલામત અને નિયંત્રિત આંતરિક નેટવર્ક વચ્ચે અવરોધ પ્રસ્થાપિત થાય છે જે વિશ્વસનીય અને અવિશ્વસનીય બહારનાં નેટવર્ક જેમકે ઈન્ટરનેટ હોઈ શકે છે. ફાયરવોલ હાર્ડવેર, સોફટવેર અથવા બંને હોઈ શકે છે.

**૦૧. પ્રોકસી ફાયર વોલઃ** પ્રારંભિક પ્રકારનું ફાયરવોલ ઉપકરણ, પ્રોકસી ફાયરવોલ એક નેટવર્કથી બીજા નેટવર્કનાં ગેટવે તરીકે કામ કરે છે. પ્રોકસી સર્વરને વધારાની કાર્યક્ષમતા પ્રદાન કરી શકે છે. આઉટ સાઈડ નેટવર્કને રોકે છે.

**૦૨. સ્ટેટફુલ ઈન્સ્પેકશન ફાયરવોલઃ** પરંપરાગત ફાયરવોલને બદલે આ એક સ્ટેટફુલ નિરીક્ષણ ફાયરલોલ છે. જે રાજય, પોર્ટ અને પ્રોટોકોલ પર આધારિત ટ્રાફિકને આવવા અથવા બંધ કરવાની મંજૂરી આપે છે. તે કનેકશનની કામગીરીની શરૂઆતથી અંત સુધીની તમામ પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કરે છે. ફિલ્ટરિંગ નિર્ણયો એજમિન કે નિર્ધારિત નિયમો અને સંદર્ભ બંને પર બનેલા છે તેનું ધ્યાન રાખે છે. અગાઉનાં કનેકશન્સનાં ઉપયોગની માહિતી પણ આપે છે.

**૦૩. યુનિફાઈડ થેટ મેનેજમેન્ટ (યુટીએમ) ફાયરવોલઃ** એક યુટીએમ (UTM) ઉપકરણ એન્ટિવાયરસ સાથે સ્ટેટફુલ ઈન્સ્પેકશન ફાયરવોલનાં કાર્યોને મજબૂત બનાવે છે.

જેમાં વધારાની સેવાઓ અને ઘણીવાર કલાઉડ મેનેજમેન્ટ પણ સામેલ હોઈ શકે છે. યુટીએમ ઉપયોગમાં સરળતા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

**૦૪. નેકસ્ટ જનરેશન ફાયરવોલ (NGFW) :** મોટભાગની કંપનીઓ હવે અદ્યતન માલવેર અને એપ્લિકેશન સ્તર પર હુમલા અને આધુનિક ધમકીઓને અવરોધિત કરવા માટે નેકસ્ટ જનરેશન ફાયરવોલનો ઉપયોગ કરી રહી છે. જેમાં આ મુજબની ક્ષમતાઓ હોવી જોઈએ. સ્ટેટફુલ ઈન્સ્પેકશન જેવી ઈન્ટિગ્રેટેડ ઘૂસણખોર નિવારણ, એપ્લિકેશન જાગૃતિ, નિયંત્રણ અને જોખમી એપ્લિકેશનને અટકાવવી, ધમકીઓ સુરક્ષા વિકસાવવા માટેની તકનીકો અપનાવવી, **"Prevention is better than cure"** એવું આપણે વારંવાર કહીએ છીએ પણ એને ફકત શબ્દો સ્વરૂપ ન રહેવા દેતાં સંસ્થાની તમામ માહિતી અને ઉપકરણો સુરક્ષિત રહે તે માટે જાગૃત બનીએ અને સભાસદો તથા ગ્રાહકોનાં ડેટા સુરક્ષિત રાખવા માટે બનતા તમામ પ્રયત્નો કરીએ.

લિ.
આપનો સહકારી
**દિનેશચંદ્ર ડી. પ્રજાપતિ**
મેનેજર
બારડોલી જનતા કો-ઓ.ક્રેડિટ સો.લિ.



કા. સભ્યશ્રી

**શ્રી આનંદભાઈ એસ. ટેલર**

# પ્લાસ્ટિક મની તથા ઓનલાઇન ફ્રોડ - છેતરપીંડીથી બચો

**સરકારનાં પગલાં પણ અસરહીન સાબિત થઈ રહ્યા છે.**

ક્રેડિટ કાર્ડનાં ઉપયોગ દ્વારા લાખો રૂપિયાની છેતરપિંડી થઈ હોવાનાં કિસ્સાઓનાં અનેક અહેવાલો તાજેતરમાં બહાર આવ્યા છે. ક્રેડિટ કાર્ડનાં દુરૂપયોગમાં સંકળાયેલી રકમ અથવા કાર્ડધારકોએ કરેલી પોલિસ ફરીયાદનાં કારણે બેંકો તપાસ આદરીને આવા કેશોનો નિકાલ કરે છે, પરંતુ એવા તો કેટલાયે કિસ્સાઓ છે, જેમાં મામુલી રકમની ઠગાઈ અથવા સેકસ રેકટમાં થઈ હોવાને કારણે એની પોલીસ ફરીયાદ કરાતી નથી. આનો સરવાળો મોટો થવા જાય છે જે ચિંતાની બાબત છે.

ઘણીવાર ગ્રાહક દ્વારા વારંવારની ફરીયાદ અને એ પછી અવાર-નવાર ધકકા ખાવા કે લખાણપટ્ટી કરવા છતાં બેંકો માનવા તૈયાર થતી કે ટ્રાન્ઝેકશન કપટભર્યુ છે કે ઠગાઈ છે. આવા કિસ્સાઓમાં કાર્ડધારક પાસે વિવાદગ્રસ્ત ટ્રાન્ઝેકશન સ્વીકારી લેવા સિવાય બીજો કોઈ વિકલ્પ બચતો નથી. જો એ એમ ન કરે તો કાર્ડ કેન્સલ થઈ જાય છે અને પાછળથી ફરી કાર્ડ ખરીદવાનું મુશ્કેલ બને છે, કારણ કે બેંકો હવે ક્રેડિટ બ્યુરો દ્વારા ગ્રાહકોની વર્તણુંક અંગેની માહિતીની અંદરો-અંદર આપ-લે કરે છે.

જો તમારા ક્રેડિટ કાર્ડનો દુરૂપયોગ થયો હોય તો નિયમ મુજબ જયાં સુધી કાર્ડ બ્લોક ના કરાવો ત્યાં સુધી થયેલાં ટ્રાન્ઝેકશન માટે કાર્ડધારક તરીકે તમે પોતે જવાબદાર ગણાવ. તેથી તમને તમારા કાર્ડ સામે છેતરપિંડી થઈ હોવાની જાણ થાય ત્યારે તમારે પહેલું કામ કાર્ડ બ્લોક કરાવવાનું છે, અને બેંકને એ ટ્રાન્ઝેકશનની જાણ કરવાની છે. ત્યાર બાદ તમારે બેંકમાં જઈને ટ્રાન્ઝેકશન 'ડિસ્પ્યુટેડ' તરીકે રજિસ્ટર કરાવવું જોઈએ. આ સંજોગોમાં બેંક તમને ટ્રાન્ઝેકશન

સેટલ કરવા અને ઠગાઈ છે કે છેતરપિંડી પુરવાર થાય તો રિફંડ માટે રાહ જોવાનાં વિકલ્પ આપશે. આવું ટ્રાન્ઝેકશન ફ્રોડ પુરવાર કરવાનું કામ ખુબ જ મુશ્કેલ છે. કાર્ડ ધારક પાસે બીજો વિકલ્પ બેંક દ્વારા તપાસ પૂરી થાય એની રાહ જોવાનો છે, પરંતુ ટ્રાન્ઝેકશન જો સાચુ જણાય તો કાર્ડધારકે વ્યાજ સાથે પૂરી રકમ ચુકવવી પડે છે. એ પછી ભલે ન્યાયનાં સિધ્ધાંતની વિરૂધ્ધ લાગે, પણ આવા કિસ્સામાં તો જયાં સુધી 'નિર્દોષ' પુરવાર ન થાય ત્યાં સુધી કાર્ડ ધારકને જ ગુનેગાર માનવામાં આવે છે. દરિયાપારનાં દેશોમાં નાણાકીય વ્યવહારોમાં કાર્ડનો ઉપયોગ થયો હોય એવા કેટલાય કિસ્સાઓ બહાર આવ્યા છે. આવા ફ્રોડની તપાસ માટે બેંકો લાંબો સમય લેતી હોય છે. કાર્ડનો જયારે દુરૂપયોગ થયો ત્યારે પોતે બીજા શહેરમાં હતા એવા કાર્ડ ધારક પાસે દર્શાવી-આપી શકાય એવા ફિઝિકલ પુરાવા હોય તો તેણે બેંકને બતાવવા જોઈએ.

ઓનલાઈન છેતરપિંડી ડામવા માટે સરકાર હવે યુપીઆઈ પર થતાં ટ્રાન્ઝેકશનને ચાર કલાકની વિન્ડો હેઠળ લાવવા માંગે છે. મુદ્દો એ છે કે આવી વ્યવસ્થા ઉભી કરવાની કંઈ આભજમીનનો ફર્ક પડી જવાનો નથી. સાયબર ચોરોની સિસ્ટમમાં શિલ્ડયુલ્ડ બેંકમા પૈસા જમા થાય તે જ મુખ્ય વાત છે. પૈસા જમા થાય એટલે ચોર અદ્રશ્ય થઈ જાય છે. ચોર પોતાનાં શિકારને ખુદનો ખાતા નંબર અને બેંકનો કોડ નંબર વિગેરે આપે છે. દરેક બેંક પાસે તેનાં ખાતેદારની વિગતો, ફોટા, ઓળખ માટેનાં પ્રમાણપત્રો વિગેરે હોય છે. નવુ ખાતુ ખોલવા માટે એડ્રેસ પ્રૂફ માંગવામાં આવે છે. તે માટે લાઈટ બિલ , રેશન કાર્ડ, કે ભાડાનું ઘર હોય તો ભાડા કરારની નકલ માંગવામાં આવે છે. સાયબર પોલિસ કહે છે કે આવા ફ્રોડ એકાઉન્ટ્સ બીજાનાં નામે હોય છે, અને આ એકાઉન્ટ કોઈ બીજુ ઓપરેટ કરતુ હોય છે.

ભારતમાં જયારે એક વ્યકિત ૩૦૦૦ સિમ કાર્ડ મેળવી શકતી હોય તો બીજુ શું ન કરી શકે ? તાજેતરમાં સરકારે હજારો મોબાઈલ નંબર રદ કર્યા, પરંતુ આ મોબાઈલ નંબર કયા ગુનામાં વપરાતાં હતા તેનો કોઈ ઉલ્લેખ પણ નથી કર્યો. ઓનલાઈન ગુનેગારોનાં નેટવર્ક શોધવામાં મોબાઈલ નંબર ખૂબ ઉપયોગી નિવડે છે. ડિજીટલ ટ્રાન્ઝેકશનમાં સિમ કાર્ડસ સૌથી મહત્વનાં છે. કૌભાડીઓ તેનો જ ઉપયોગ કરે છે. તેથી તેમનાં મોબાઈલ ફોન અને સિમકાર્ડ પરથી તેમનાં નેટવર્ક અને ગુનો કરવાની પધ્ધતિ નજરે પડે છે.

પોલિસ કહે છે કે અસલી બેંક એકાઉન્ટ હોલ્ડરનું પગેરૂ મળતુ નથી. આ વાત માની શકાય એમ નથી. જેનાં એકાઉન્ટમાં પૈસા જમા થયા હોય તેને શુ પૂછી ન શકાય કે તારૂ એકાઉન્ટ કોણ ઓપરેટ કરે છે? તેનાં ખાતામાં કયાંથી પૈસા જમા થાય છે? તે સ્થાનિક પોલિસ માટે આવી વિગતો મેળવવી એકદમ આસાન હોવી જોઈએ. હકીકત એ છે કે બેંકનું એકાઉન્ટ ધરાવનાર ખુદ સાયબર ચોર નથી હોતો, એટલે પોલિસ હાથ ઊંચા કરીને બેસી જાય છે. પરંતુ આ ખાતામાંથી જે ખાતામાં નાણાં ટ્રાન્સફર થતાં હોય તેનાં પર તો પોલિસ નજર રાખી જ શકે છે, જો એ ઈચ્છે તો..........

સાયબર ચોરો, સાયબર નિષ્ણાતો અને સાયબર પોલિસ ખૂબ સંતાકૂકડી રમાડે છે. તપાસ એજન્સીઓએ સાયબર ચોરો ક્રિમિનલ માઈન્ડસેટ અને કાર્ય પધ્ધતિ વિશે ખાસ કરીને પોલિસ ડિપાર્ટમેન્ટને વિશેષ તાલીમ આપવી જોઈએ. ધારો કે દિલ્હી કે ઇંદોરનો કોઈ ઠગ એક ગ્રાહકને ફોસલાવીને બેંક એકાઉન્ટમાં પૈસા ભરાવે છે, તો ગ્રાહક પાસે પૈસા જમા કરાવ્યાની

ટ્રાન્ઝેકશન સ્લીપ તો હોવાની જ. હવે જોવાનું એ છે કે તે પૈસા કયા ખાતામાં જમા થયા? ત્યાંથી કયાં ટ્રાન્સફર થયા ? કઈ બેંકનાં કયા ખાતામાં ? આનું પગેરૂ મેળવવાની જવાબદારી જે તે બેંકની હોવી જોઈએ. મોટાભાગનાં લોકો કોઈ બેંક એકાઉન્ટમાં પૈસા ભરવાનું કહીને જ છેતરવામાં આવે છે. પૈસા ભરનારને એ વાતનો ભરોસો હોય છે કે મારી વિશ્વસશીય બેંકમાં પૈસા ભર્યા છે. પરંતુ અહીં તો વાડ ચીભડા ગળે એવી સ્થિતિ મળે છે.

અમુક બેંકો શ્રમજીવીઓનાં નામે બિહાર કે ઉત્તર પ્રદેશથી આવેલાંને સિક્યોરટીની જોબ કરતાં કર્મચારીઓનાં નામે ખાતા ખોલી નાંખે છે. ઉપરાંત ડેબિટ કાર્ડ ઈવન ચેકબુક સહી કરાવીને પોતાની પાસે રાખી લે છે. ફ્રોડ કરનારઓ બેંકનાં અધિકારીઓ સાથે સેટીંગ ધરાવતા હોય છે. અમુક ચોકકસ ખાતાની ઈન્કવાયરી થાય ત્યારે ફ્રોડ કરનાર વિશે માહિતી મળે છે. શ્રમજીવીનાં એકાઉન્ટમાં રૂ. ૧૦૦૦૦ થી વધુ રકમ આવે એટલે બેંક એલર્ટ થઈને પોલીસને જાણ કરી દે એવી સિસ્ટમ ઉભી કરવાની જરૂર છે. શ્રમજીવીનાં ખાતામાં પાંચ આંકડાનું ટ્રાન્ઝેકશન થાય તો તેને શંકાસ્પદ ગણવુ જોઈએ. પરંતુ બેંકોને આની કશી પડી હોતી નથી. બેંક પોતાનામાં મસ્ત હોય છે. બેંકને કેટલાં ખાતાં ખુલ્યા તેમાં જ રસ હોય છે. આવા ખુલેલાં કેટલા ખાતામાં ફ્રોડ થયો તેમાં રસ નથી.

સરકાર નવી વ્યવસ્થામાં યુપીઆઈ ટ્રાન્ઝેકશનને ચાર કલાકમાં રિવર્સ કરવાની જોગવાઈ ઊભી કરવા માંગે છે. એટલે કે મોકલેલી રકમને ચાર કલારની અંદર પાછી મેળવી શકશે. ઓન લાઈન ફ્રોડ ડામવા સરકાર પગલા લઈ રહી છે તે પ્રશંસનીય બાબત છે, પરતું તેનાથી સમગ્રપણે ફ્રોડ્સ કેટલા અટકે છે તે જોવાનું રહ્યું. ટૂંકમાં સરકારે સિમકાર્ડ સિસ્ટમને વધારે કડક બનાવવાની જરૂર છે. થોડા ઉદાહરણો જોઈએ........

(૧) સુરત જિલ્લામાં રહેતાં ૪૫ વર્ષનાં એક વ્યકિતને એકવાર પોતાનાં મોબાઈલમાં પાર્ટટાઈમ જોબ ઓફર કરતો મેસેજ મળ્યો. આ ભાઈ કોઈ કામ ધંધો કરતો નહીં એટલે એમને વાતમાં રસ પડયો અને વધુ વિગતો માંગતો વળતો મેસેજ કર્યો. તેમને એક ચેટ એપ પર ગ્રૃપમાં જોડાવવાનું આમંત્રણ આવ્યુ. આ ભાઈ સાહેબ ગ્રૃપમાં જોડાયા એટલે તેમને રૂ. ૧૦,૦૦૦/- નું વેલકમ બોનસ આપવામાં આવ્યુ. ત્યાર બાદ તેમને વારાફરતી પ્રી-પેઈડ ટાસ્ક સોંપવામાં આવ્યા, જેમાં તેઓ પહેલાં રૂપિયા ચુકવે એ પછી કોઈ ટ્રાવેલ એજેન્સીનું ઓનલાઈન રેટીંગ કરવાનું ટાસ્ક સોંપવામાં આવતુ હતુ. પહેલા તેમને રૂ. ૨૨,૦૦૦/- જેટલી રકમ ચૂકવવાનું કહેવામાં આવ્યુ અને ટાસ્ક પૂરો કરતાં તેમને રૂ. ૨૫,૦૦૦/- જેટલી રકમ મોકલવામાં આવી. બીજી વાર રૂ. ૮૦,૦૦૦/- નાં પેમેન્ટનાં બદલામાં ટાસ્ક પુરો કરતાં રૂ. ૯૫,૦૦૦/- જેટલી રકમ ચૂકવવામાં આવી. એ પછી પેમેન્ટની રકમ વધતી ગઈ પરંતુ પેમેન્ટ મળ્યું નહી. આ લાલચુભાઈ સાહેબ ૬૦ જેટલાં ટ્રાન્ઝેકશનમાં કુલ રૂ. ૧,૦૦,૦૦૦/- જેટલી રકમ ચૂકવી પણ સામેથી કોઈ પેમેન્ટ આવ્યુ નહીં અને સંપર્ક કપાઈ ગયો.

(૨) બારડોલીમાં તા.૦૯-૧૨-૨૦૨૩ નાં રોજ એક અજાણ્યા નંબરથી ફૈઝલ કલ્લુ પઠાણ નામનાં એક શાકભાજી વિક્રેતાનાં મોબાઈલ નંબર ઉપર ફોન આવ્યો. અને તેમને લાઈફ ફ્રી

ક્રેડિટ કાર્ડની ઓફર કરી. ફૈઝલે ક્રેડિટ કાર્ડની તૈયારી બતાવતાં સામે વાળા વ્યકિતએ વોટ્સપ પર એક લિંક મોકલી અને આ લિંક ઉપર પ્રોસેસ કરવા જણાવ્યુ. પરંતુ આઈફોનમાં લિંક ખુલતી ન હોય લોભામણી લાલચમાં આવી ગયેલા ફૈઝલે તેનો સીમ પોતાની બહેનનાં ફોનમાં નાંખી ફરી લિંક મંગાવી. આ લિંક ઉપર કિલક કરતાં આઈ.સી.આઈ.સી.આઈ. બેંકની એપ ખુલી જેમાં જરૂરી પ્રોસેસ બાદ સામે વાળી વ્યકિતએ તેનો ખાતા નંબર, ડેબિટ કાર્ડ નંબર અને સીવીવી નંબર માંગ્યો જે આપતાં જ એપ આપો આપ પ્રોસેસ થવા લાગતાં ફૈઝલને શંકા ગઈ. અને તરત જ પોતાનો સીમકાર્ડ પોતાની બહેનનાં ફોનમાંથી કાઢી પોતાનાં આઈફોનમાં નાંખી દીધો. સિમકાર્ડ નાંખતાની સાથે જ પોતાનાં બેંકખાતામાંથી પહેલાં રૂ. ૩૦,૦૦૦/- અને ત્યાર બાદ રૂ. ૧૪,૯૪૩/- કપાયા હોવાનો મેસેજ આવ્યો. આ કુલ રૂ. ૪૪,૭૪૩/- કપાય જતાં તેણે તાત્કાલિક સાઈબર ફ્રોડ હેલ્પ લાઈનનો સંપર્ક કર્યા બાદ બારડોલી ટાઉન પોલિસમાં ફરિયાદ નોંધાવી હતી.

(૩) ત્રીજું ઉદાહરણ બીજા કોઈનું નથી પણ સુરત જિલ્લા સહકારી સંઘનાં એકિઝકયુટીવ ઓફિસર ભાવેશભાઈ પટેલનું જ છે. તા.૦૮-૧૧-૨૦૨૩નાં રોજ મોબાઈલ નંબર +૯૧૭૦૦૧૫૨૭૭૦૨ ઉપરથી ભાવેશભાઈ પટેલનાં મોબાઈલ ઉપર એક ફોન આવ્યો કે મે તમારા ખાતામાં રૂ. ૨૦,૦૦૦/- જમા કર્યા છે. હું નંબર આપુ તે ખાતામાં તમે ટ્રાન્સફર કરી દેજો. ભાવેશભાઈએ મેસેજ વાંચ્યો કે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાનાં ખાતામાં રૂ. ૨૦,૦૦૦/- જમા થયા છે. એટલે ભાવેશભાઈ કહ્યુ કે જો તમારી પાસે ખાતા નંબર હોય તો તમે મારા ખાતામાં પૈસા કેમ ટ્રાન્સફર કર્યા ? એટલે સામેવાળી વ્યકિતએ ફોન મૂકી દીધો. ભાવેશભાઈનું સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં ખાતુ જ ન હતું ઓછુ ભણેલાં ઘણા માણસો આનો શિકાર બની જાય છે.

(૪) ગયા વર્ષે દિલ્હીમાં રહેતી એક યુવતીને તેનાં ઈન્સ્ટ્રાગ્રામમાં જોવા મળેલી એક એડમાં રસ પડયો. આ એડ એક પ્રાઈવેટ એરલાઈન્સમાં જોબ સંબધિત હતી. એ યુવતીએ એડ કિલક કરી, એક પેજ ખૂલ્યુ. તેમાં પૂછવામાં આવેલી તમામ વિગતો તેણે ભરી. જે વિગતો માંગવામાં આવી હતી એમાં ખાસ કાંઈ શંકાસ્પદ ન હતું. ઉપરાંત એરલાઈન ખાસ્સી જાણીતી હતી. આ વિગતો આપ્યા પછી યુવતિને એક કોલ આવ્યો અને રૂ. ૭૫૦/- રજિસ્ટ્રેશત ફી ભરવાનું કહેવામાં આવ્યું. તેણે રકમ તરત ભરી દીધી. એ પછી તેને એરપોર્ટનાં ગેટ પાસ, ઈન્સ્યોરન્સ, સિકયોરીટી વિગેરે જુદા જુદા નામે વધુ ડિપોઝીટ કરવાનું કહેવામાં આવ્યું પેલી યુવતિએ ધીમે ધીમે રૂ. ૮,૬૦,૦૦૦/- જેટલી રકમ ટ્રાન્સફર કરી આપી. એ પછી પણ રકમની માંગણી ચાલુ રહેતાં તેને છેતરપિંડી થતી હોવાની શંકા ગઈ અને યુવતીનાં પતિએ પોલિસ ફરિયાદ નોધાવી. પોલિસે આરોપીને ઝડપી લીધો અને તેણે સ્વીકાર્યું કે કોવિડને કારણે ૨૦૨૦ માં તેણે નોકરી ગુમાવતાં તે આ અવળા રસ્તે વળ્યો હતો.

આવા કિસ્સાઓમાં તદ્દન અજાણી વ્યકિત તરફથી તદ્દન અજાણી કંપની માટે ઓફર કરવામાં આવતાં જોબની વાત છે. જો એમાં સોફટવેર એન્જિનીયર જેવા લોકો ભેરવાય જતાં

હોય તો ટીસીએસ, ઈન્ફોસિસ જેની અત્યંત પ્રતિષ્ઠિત કંપનીમાં જોબની વાત હોય તો ભલભલા લલચાય જાય એમાં નવી કોઈ વાત નથી. દિલ્હી પોલિસનાં આંકડા મુજબ ફકત જાન્યુઆરી ૨૦૨૩માં ત્રીસ હજારથી વધુ લોકોએ વર્ક ફ્રોમ હોમ જોબની ખોટી ઓફરમાં ફસાઈને કુલ બસો કરોડ જેટલી રકમ ગુમાવી દીધી છે. ભારતમાં કોરોના પછી બેરોજગારીની સ્થિતિ વણસતા આ પ્રકારનાં કૌંભાડોનો શિકાર બની શકે તેવા લોકો સતત વધી રહ્યા છે.

સાઈડ ઈન્કમ કે સારી જોબની ઓફર કોઈને પણ લલચાવી શકે છે, પણ થોડા સજાગ રહેવાથી મોટા આર્થિક નુકશાનથી બચી શકાય છે. સૌથી સાદો નિયમ એક જ છે ઈન્ટરનેટ પર ખાસ કરીને સોશિયલ મીડિયા પર કોઈ વ્યકિતનો ભરોસો કરવો નહીં. કોઈ પણ મેસેજમાંની લિંક આખુ યુઆરએલ દર્શાવતી હોય તો એ યુઆરએલ બરાબર ચકાસવું. યુઆરએલમાં ફેસબુક, ગૂગલ, ઈન્ફોસિસ, એકિસસ બેંક જેવા જાણીતા નામ હોવાથી એ યુઆરએલ સાચુ હોવાની માન્યતા ભૂલભરેલી છે. જો શેર થયેલી લિંક શોર્ટન્ડ હોય કે તેમાં સમજાય નહીં તેવા આંકડા કે આઈપી એડ્રેસ આપેલાં હોય તો એ ચોકકસપણે જોખમી હોઈ શકે. આવી લિંકસ પર કિલક ન કરવી અને તેને ફોરવર્ડ પણ ન કરવી.

તમને કોઈપણ ઓફરમાં રસ પડે તો એ વ્યકિત કે કંપનીનાં નામની ઓનલાઈન સર્ચ કરી જુઓ. સાથે **scam. fraud, complaint** જેવાં શબ્દો ઉમેરશો તો કંઈક ગરબડ હશે તો તરત વધુ વિગતો મળી આવશે. ઓફર વિશે કોઈ પરિચિત સાથે ચર્ચા પણ કરી શકાય છે. ખાસ તો જોબ કે સાઈડ ઈન્કમ માટે કયારેય પહેલાં રૂપિયા આપશો નહી. બધી જ જાણીતી ટેક અને અન્ય કંપનીઓ આ પ્રકારનાં વિશે વારંવાર એડવાઈઝરી આપે છે. તેનાં પર ધ્યાન આપવા જેવું છે.

લિ.
આપનો સહકારી
**આનંદ એસ. ટેલર**
કા. સભ્ય
બારડોલી જનતા કો-ઓ.ક્રેડિટ સો.લિ.



કા. સભ્યશ્રી

**શ્રી મહેન્દ્રસિંહ ચૌહાણ**

# આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) શું છે.

## આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો અર્થ છે. કૃત્રિમ રીતે વિકસિત બૌદ્ધિક ક્ષમતા

સાદા શબ્દોમાં કહીએ તો આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ શું છે તો આપણે કહી શકીએ કે કોમ્પ્યુટરની મદદથી મશીનમાં માનવ જ્ઞાન, વિચારો, લાગણીઓ લોડ કરવી અને માત્ર કોમ્પ્યુટરની મદદથી તે ટેકનોલોજીનો ઉપપોગ કરવો એ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ છે. તમને જાણકારી માટે જણાવી દઈએ કે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ એ કોઈ કુદરતી જ્ઞાનનો ભંડાર કે બુદ્ધિ નથી, પરંતુ તે માનવ સંવેદનાઓ, જ્ઞાન, અનુભવો, વિચારો, લાગણીઓ અને બુદ્ધિનો ઉપયોગ છે, તેથી તેને કોમ્પ્યુટેશન ઇન્ટેલિજન્સ તરીકે પણ ઓળખવામાં આવે છે.

આજના સમયમાં બુદ્ધિમત્તા તરીકે મશીનો અને સોફ્ટવેરનો વિકાસ થયો છે, આજે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ માનવ બુદ્ધિનું કેન્દ્રબિંદુ બની રહ્યું છે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ એ કોમ્પ્યુટર વિજ્ઞાનની અદભુત અને શકિતશાળી શોધ છે, જેના કારણે માનવ સભ્યતા વધુ વિકસિત થઈ છે. માનવ બુદ્ધિ, વિચારો અને લાગણીઓ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ની અંદર સિમ્યુલેટેડ છે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની મદદથી કોમ્પ્યુટર સિસ્ટમ પહેલા કરતા વધુ વિકસિત થઈ ગઈ છે. તેને ટૂંકમાં AI પણ કહેવામાં આવે છે.

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ વિજ્ઞાનની એક એવી શાખા છે, જેની મદદથી એવા મશીનો તૈયાર કરવામાં આવે છે, જે મનુષ્યની જેમ વિચારીને નાની-મોટી સમસ્યાઓનું નિરાકરણ લાવે છે, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સમાં માણસો દ્વારા સૂચવવામાં આવેલા ઉકેલો મશીનની મેમરીમાં સંગ્રહિત થાય છે. માણસનું જ્ઞાન, અનુભવો અને વિચારો એ કોમ્પ્યુટરની પોતાની ભાષામાં એટલે કે મશીનની ભાષામાં અલ્ગોરિધમના રૂપમાં સંગ્રહિત થાય છે, જેનો ઉપયોગ જરૂરિયાત

મુજબ પણ થાય છે. આજના સમયમાં આપણે મશીનો પર નિર્ભર છીએ, આપણે આપણા રોજિંદા જીવનમાં પ્રત્યક્ષ અને આડકતરી રીતે કોમ્પ્યુટર ટેકનોલોજીનો ઉપયોગ કરી રહ્યા છીએ. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટેકનોલોજીનો ઉપયોગ સમય, પૈસા અને શ્રમ વગેરે જેવા તમામ પ્રકારના ક્ષેત્રોમાં પરસ્પર બદલી કરવામાં આવે છે. જેના કારણે આજના સમયમાં આ મશીનોની ઉપયોગિતા વધુ ને વધુ વધી રહી છે.

## આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કેવી રીતે શરૂ થયું?

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ૧૯૫૦ના દાયકામાં જ શરૂ થયું હતું, પરંતુ તેને ૧૯૭૦ના દાયકામાં ઓળખ મળી અને જાપાને પહેલ કરી અને ૧૯૮૧માં ફિફ્થ જનરેશન નામની યોજના શરૂ કરી. તેમાં સુપર કોમ્પ્યુટરના વિકાસ માટે ૧૦ વર્ષના કાર્યક્રમની રૂપરેખા આપવામાં આવી હતી. બાદમાં બ્રિટને આ માટે 'એલવી' નામનો પ્રોજેક્ટ બનાવ્યો. યુરોપિયન યુનિયનના દેશોએ પણ 'એસ્પ્રિટ' નામનો કાર્યક્રમ શરૂ કર્યો. ૧૯૮૩માં, કેટલીક ખાનગી સંસ્થાઓએ મળીને એક કન્સોર્ટિયમ 'માઈક્રો-ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્પ્યુટર ટેકનોલોજી' ની સ્થાપના કરી હતી, જે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ માટે લાગુ પડતી અદ્યતન તકનીકો જેમ કે વેરી લાર્જ સ્કેલ ઈન્ટિગ્રેટેડ સર્કિટ વિકસાવી હતી.

### આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ મુખ્યત્વે નીચેના ઉપકરણોમાં થાય છે

૧. મોટાભાગે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ રોબોટ બનાવવા માટે થાય છે.
૨. આજની ડિજિટલ અને લક્ઝરી કાર, મેટ્રો ટ્રેન, બુલેટ ટ્રેન અને એરોપ્લેનમાં પણ તેનો ઉપયોગ થાય છે.
૩. સુપર કોમ્પ્યુટર અને પર્સનલ કોમ્પ્યુટરમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ થાય છે.
૪. તેનો ઉપયોગ વિડીયો ગેમ્સ અને કોમ્પ્યુટર ગેમ્સ જેવી વિવિધ પ્રકારની રમતોમાં થાય છે.
૫. તેનો ઉપયોગ આધુનિક ઉપકરણો જેવા કે માઈક્રોવેવ, ઓવન, આરોગ્ય સંભાળ અને શરીરની સંભાળ અને એર કંડિશનર વગેરેમાં પણ થાય છે.

### આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનાં પ્રકારો નીચે વર્ણવેલ છે.

૧. સંપૂર્ણપણે પ્રતિક્રિયાશીલ.
૨. મર્યાદિત મેમરી.
૩. મગજ સિદ્ધાંત
૪. સ્વ-સભાન

તાજેતરમાં ઘણી કંપનીઓએ મશીન લર્નિંગ પર ઘણું રોકાણ કર્યું છે જેના કારણે અમારા માટે ઘણી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના પ્રોડક્ટ્સ અને એપ્સ ઉપલબ્ધ છે. તો ચાલો, આજે અમે તમને આવા જ કેટલાક આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ઉદાહરણો આપીએ, જેથી તમે સારી રીતે સમજી શકશો કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કોને કહેવાય ?

**1. Siri:** તમે Siri વિશે સાંભળ્યું જ હશે, તે દ્વારા રજૂ કરાયેલ સૌથી લોકપ્રિય વર્ચ્યુઅલ સહાયક છે. જોકે તે માત્ર iphone અને ipad માં જ ઉપલબ્ધ છે. આ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

**2. Tesla:** માત્ર સ્માર્ટફોન જ નહીં પરંતુ ઓટોમોબાઈલ પણ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ તરફ આગળ વધી રહ્યા છે. જો તમે કાર ગીક છો, તો તમારે ટેસ્લા વિશે જાણવું જ જોઈએ. તે અત્યાર સુધી ઉપલબ્ધ શ્રેષ્ઠ ઓટોમોબાઈલ પૈકી એક છે. ટેસ્લા કારમાં માત્ર સ્વ-ડ્રાઈવિંગ જ નહીં પરંતુ ઉત્પાદક ક્ષમતાઓ અને સંપૂર્ણ તકનીકી નવીનતા પણ છે. ખબર નહીં આવી કેટલી વધુ સેલ્ફ ડ્રાઈવિંગ કાર બનાવવામાં આવી રહી છે, જે આવનારા સમયમાં વધુ સ્માર્ટ બની જશે.

**3.Google Map:** ગૂગલ મેપ્સમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટેકનોલોજીનો સારો ઉપયોગ કરવામાં આવ્યો છે. કોઈ પણ જગ્યાએ જવાનો રસ્તો બતાવવા માટે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ મેપિંગ સાથેની વિશાળ ટેકનોલોજી રસ્તાઓની માહિતીને સ્કેન કરે છે અને અલ્ગોરિધમનો ઉપયોગ કરીને સાચો માર્ગ જણાવે છે.

**આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ખ્યાલ:**

**૧. જ્ઞાનાત્મ વિજ્ઞાન:** આ પ્રકારના વિજ્ઞાનમાં, મગજ અને તેની પ્રક્રિયાઓનો આંતરશાખાકીય અભ્યાસ છે. જ્ઞાનાત્મક એ કોઈ પણ માનસિક કામગીરી અથવા રચનાનો ઉલ્લેખ કરે છે જેનો ચોકકસ અભ્યાસ કરવો અશકય છે. જ્ઞાનાત્મક વિજ્ઞાનનું ક્ષેત્ર ખૂબ વ્યાપક છે.

**૨. અભિગમો:** જ્ઞાનાત્મક વિજ્ઞાનના અભ્યાસને સાંકેતિક જોડાણવાદી ગતિશીલ પ્રણાલીઓ અથવા ટેમ્પોરલ તરીકે વર્ગીકૃત કરી શકાય છે.

**(એ) સિમ્બોલિક:** તેનું વર્ણન સિમ્બોલને ઉપયોગ કરીને ગણતરીના સિદ્ધાંત અને માનસિક મોડલ કાર સિસ્ટમ દ્વારા શકય છે, જેનું શ્રેષ્ઠ ઉદાહરણ ડિજિટલ કોમ્પ્યુટર છે.

**(બી) કનેકશનિસ્ટ:** તેનું બીજું નામ સબ સિમ્બોલિક છે, અમે તેનો અભ્યાસ ત્યારે જ કરી શકીએ જયારે અકુદરતી તટસ્થ નેટવકર્સ પર શારીરિક માનસિક લાક્ષણિકતાઓનો ઉપયોગ શકય હોય.

**(સી) ડાયનેમિક સિસ્ટમ:** તે ગતિશીલ સિસ્ટમ દ્વારા વર્ણવવામાં આવે છે અને તેમાંના તમામ તત્વો એકબીજા સાથે સંબંધિત છે.

**૩. ક્રમ અથવા વિશ્લેષણનું સ્તર:** જ્ઞાનાત્મક વિજ્ઞાનના પ્રતીકાત્મક અભિગમમાં ઉપયોગમાં લેવાતા મુખ્ય સિદ્ધાંતો છે.

**(એ) વિશ્લેષણની વિવિધ પદ્ધતિઓ છે જેના દ્વારા મન અને મનનો અભ્યાસ શકય છે.**

**(બી) અમૂર્તતાના બહુવિધ સ્તરોના માનસિક શિક્ષણમાંથી આને વધુ સારી રીતે સમજી શકાય છે**

એક સામાન્ય વસ્તુ જેનો ઉપયોગ સમજાવવા માટે છે (LOA) એ કોમ્પ્યુટર અને મનની સરખામણી છે, તેનું એક સ્તર કોમ્પ્યુટર હાર્ડવેર છે અને વ્યવહારુ સ્તર એ કોમ્પ્યુટર સોફ્ટવેર છે અને કાર્યાત્મક સ્તર એ હાડવેર અને સોફ્ટવેર વચ્ચે હાજર ઓપરેટિંગ સિસ્ટમ

છે.

**૪. શિસ્તબદ્ધ પ્રકૃતિઃ** જ્ઞાનાત્મક વિજ્ઞાન એ એક શિસ્તબદ્ધ ક્ષેત્ર છે જેમાં મનોવિજ્ઞાન, ન્યુરોસાયન્સ, ફિલસૂફી, કોમ્પ્યુટર વિજ્ઞાન જેવા વિવિધ ક્ષેત્રોનો સમાવેશ થાય છે. આ વિજ્ઞાન વિશ્વને બાહ્ય રીતે જુએ છે. જ્ઞાનાત્મક વિજ્ઞાન જેવા વિવિધ ક્ષેત્રોનો સમાવેશ થાય છે. આ વિજ્ઞાન વિશ્વને બાહ્ય રીતે જુએ છે. જ્ઞાનાત્મક વિજ્ઞાન અને અન્ય વિજ્ઞાન વચ્ચે હજુ પણ ઘણો તફાવત છે.

**૫. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની સમયરેખાઃ** આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનું ક્ષેત્ર ૧૯૫૦ માં શરૂ થયું હતું અને ત્યારથી તેમાં ઘણી સફળતાઓ પ્રાપ્ત થઈ છે.

**૬. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ મિકેનિઝમ્સઃ** કૃત્રિમ સિસ્ટમ્સ સ્વચાલિત હસ્તક્ષેપ એન્જિનના પરિણામે બનાવવામાં આવે છે જે શરતો અને પરિબળો પર આધારિત છે.

**આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એપ્લિકેશન-AI ની એપ્લિકેશનો નીચે મુજબ છે**

૧. દાખલાઓ ઓળખવામાં.
૨. તેનો ઉપયોગ કોમ્પ્યુટર વિઝન વર્ચ્યુઅલ રિયાલિટી ઈમેજ પ્રાસેસિંગમાં થાય છે.
૩. કૃત્રિમ બુદ્ધિ અથવા નિદાન.
૪. ગેમ AI અને કોમ્પ્યુટર ગેમ બોટ.
૫. ઓપ્ટિકલ કેરેક્ટર રેકગ્નિશન.
૬. હસ્તાક્ષર ઓળખ.
૭. ચહેરા અથવા મુખની ઓળખ.

**આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ફાયદા (કૃત્રિમ બુદ્ધિના ફાયદા)**

૧. માણસોને આપવામાં આવેલ કામ મશીનો દ્વારા ઝડપથી પૂર્ણ કરી શકાય છે.
૨. આમાં ભૂલો અને ખામીઓ ઓછી છે.
૩. તેની મદદથી જટિલ સોફ્ટવેર સરળતાથી સમજી શકાય તેવું બનાવી શકાય છે.
૪. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સંસાધન અને સમયનો દુરુપયોગ કરતી નથી, પરંતુ ઓછા સમયમાં લક્ષ્ય પ્રાપ્ત કરી શકાય છે.

**આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ગેર ફાયદા**

૧. મનુષ્યની ગુણવત્તાને અવગણવામાં આવે છે.
૨. આ નવી પેઢી માટે ખતરો બની શકે છે, તે નવી પેઢીને સંપૂર્ણ રીતે ભ્રષ્ટ પણ કરી શકે છે.
૩.આમાં માહિતીનું કોઈ ફિલ્ટરીંગ નથી.
૪. રોજગાર ઉપર વિપરીત અસર થશે. દા.ત ડિસેમ્બર ૨૦૨૩માં Paytm માંથી AI એ ૧૦૦૦થી વધુ કર્મચારીઓની નોકરીનો ભોગ લીધો હતો.

**AI ફિલ્ડમાં સ્કીલ ડેવલપ કરીને કરીયર બનાવો.**

ઈન્ટરનેશનલ ડેટા કોર્પોરેશન (IDC) અનુસાર, ભારતમાં AI માર્કેટ ૨૦૨૦માં $3.1

મિલિયનથી વધીને ૨૦૨૫ સુધીમાં $7.8 મિલિયન સુધી પહોંચવાનો અંદાજ છે. આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સ યાને AI ભવિષ્યમાં જેવી રીતે તમામ ક્ષેત્રોમાં પ્રભાવી બની સતત જગતને આકર્ષિત કરી રહ્યુ છે ત્યારે AI માં કરીયર બનાવવા માંગતી આજની નવી પેઢીએ કેવી રીતે સજ્જ થવાની જરૂર છે તેનાં વિશે જયારે ભારત ચંદ્ર પર પહોંચીને ઈતિહાસ બનાવી રહ્યુ છે ત્યારે વધુ મારે કહેવાની જરૂર નથી. આજની યુવા પેઢી આનાથી વાકેફ છે. AI આજે બધી બાજુએ ફેલાયેલી છે. તમે વિચાર પણ ન કરી શકો એવી રીતે એ આપણાં જીવનને સ્પર્શે છે. તમે જે મ્યુઝીક સાંભળો છો તેમાં તમારી ચોઈસથી માંડીને તમારા હોમ એપ્લાઈન્સિસ અને આરોગ્ય સેવાઓ વિગેરે તમામ ક્ષેત્રોમાં AI કામ કરે છે. ટૂંકમાં માનવ મગજની જેમ વિચારીને પ્રોબ્લેમ સોલ્વ કરે છે. તમે મોબાઈલ પર સ્પોટિફાય, ગાના કે સાવન જેવી કોઈક એપમાં ગીત સાંભળો ત્યારે AI તેનો ડેટા ભેગો કરે છે. તમે વધારે ને વધારે તેનો ઉપયોગ કરો તેમ તેની પાસે વધારે ડેટા ફીડ થાય છે અને તેનાં આધારે એ તમને વધુને વધુ રિફાઈન કરેલો ડેટા આપે છે. અને પરિણામે તમને અચરજ થાય એ રીતે તમારી પસંદગીનું સંગીત જ પીરસે છે. નેટફ્લિકસ અને એમેઝોને પણ તમને જે ભલામણ કરે તે પણ આ જ ટેકનિક પર આધારિત હોય છે.

ટુંકમાં ટેકનોલોજીનું સૌથી વધુ પ્રસાર પામતુ અને વ્યાપક સ્વરૂપ હોય તો AI છે. અને તેથી તેમાં વિશેષતા ધરાવતાં પ્રોફેશનલોની પણ મોટા પ્રમાણમાં જરૂર છે. સારી વાત એ છે કે, AI ફિલ્ડ જુદી જુદી કરિયરમાં મોટા પ્રમાણમાં સ્કોપ ધરાવે છે. એનો અર્થ એ થાય કે તમે જુદી જુદી ભૂમિકા ધરાવતી જવાબદારી નિભાવીને આ કરિયરમાં પ્રવેશી શકો. તમારી ક્ષમતા, હોદ્દો, રસ અને અનુભવને આધારે તમને ઊંચા પગારની ઓફર થઈ શકે. મને લાગે છે ત્યાં સુધી સમય જતાં AI ટેકનોલોજી વધુ ફાસ્ટ, સ્માર્ટ અને ચોકકસ થશે જેથી તેમાં સવેળા પ્રવેશ જરૂરી છે.

## વર્તમાનમાં AI અંગેની હકીકતને સમજવી જરૂરી

અત્યારે જયારે હું ડિસેમ્બર ૨૦૨૩માં લખી રહ્યો છું, ત્યારે ૨૦૨૪માં દુનિયાનાં મોટાભાગનાં લોકો પેરિસ ઓલમ્પિક, નવી વૈકલ્પિક ઉર્જાઓ, આર્થિક અનિશ્ચિતતાઓ અને ટી-૨૦ વિશ્વકપ માટે પણ AI પણ વાત કરી રહ્યા છે. અત્યાર સુધી કેટલાંક લોકો વિચારતાં હતા કે AI ને બિનજરૂરી પ્રસિધ્ધિ આપવામાં આવી રહી છે. પરંતુ તે ખોટા છે. કેમકે AI એક હકીકત બની ચુકી છે. નિષ્ણાતોનો અંદાજ છે કે ટૂંક સમયમાં દુનિયાની સરકારો એ નકકી કરવા સાથે આવી શકે કે આ નવી ટેકનિકની લગામ કસવા તે કયા પ્રકારની વૈશ્વિક સંસ્થા ઈચ્છે છે. યાદ કરો ૧૯૯૪ માં પણ આવી મુલાકાતો થઈ હતી. જયારે દુનિયાનાં નેતાઓએ જોયુ હતુ કે આકાશ વિમાનોથી ઢંકાયેલુ રહે છે. તેને તેનાં જમીની ભાગનાં આકાશ પર અન્ય દેશોનાં વિમાનો દ્વારા કબજો કરી લેવાનો ભય અનુભવાયો હતો. તેથી "આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન સંગઠન" નામની સંસ્થાની સ્થાપના થઈ. જેને હવ ICAOનાં નામે ઓળખવામાં આવે છે. જેણે હવાઈ પરિવહનોનાં નિયમો નકકી કરતાં પહેલાં અનેક દશકો સુધી તેનાં પર ચર્ચા કરી હતી. આ જ કારણે આકાશ માર્ગની સુરક્ષા બનેલી છે. કારણ કે આજે દુનિયાનાં સૌથી વ્યસ્ત એરપોર્ટ ઉપર દર મિનિટે ટેક ઓફ કે લેન્ડીંગ નોંધાય છે.

પરંતુ **AI** બાબતે આ રીતની સંસ્થા વધુ ઝડપે અને ચોકસાઈથી કામ સંભાળશે, કારણ કે તે ટેકનોલોજી પહેલાં જ ઘણાં ક્ષેત્રોમાં દખલ કરવા લાગી છે. તેનાં અણધાર્યા ઉપયોગ અને દુરૂપયોગ મિડીયાની હેડલાઈન્સ રહેશે અને સરેરાશ ક્ષમતાઓ સાથે કરવામાં આવતી નોકરીઓ ઉપર તેનાં પ્રભાવનાં કારણે ઘણાં નોકરી વાંચ્છુઓ ઉપર સંકટ તોળાતું રહેશે. પરંતુ **AI** માં સુપર પર્સન બનવાની ક્ષમતા છે. જે રોગાણુઓ અને સાયબર હથિયારોને બનાવીને મનુષ્ય જાતિનાં અસ્તિત્વને પણ સંકટમાં મુકી શકે છે. તો તમારા અને મારા જેવા માટે આવનારી પેઢીમાં શું છે ? આપણે છેં ને વપરાશમાં લાવી અને માનવજાતિની મોટી સમસ્યાનાં ઉકેલ માટે તેનો ઉપયોગ કરવો પડશે. આપણે લોકો અને વ્યવસાયોને આગળ વધારવામાં તેની મદદ લેવી પડશે. જો તમે કોઈ પણ નોકરીમાં સમસ્યાઓ ઉકેલનાર વ્યકિતની ભૂમિકામાં છો તો કયારેય બેરોજગાર નહીં થાઓ.

બીજુ કે **AI** ની બોલબાલા દિન પ્રતિદિન વધી રહી છે. હવે તે મૃત્યુ અંગે પણ આગાહી કરી શકશે. ડેન્માર્કનાં વિજ્ઞાનીઓએ હવે મૃત્યુની આગાહી કરવામાં સફળતા હાંસલ કરી લીધી છે. વિજ્ઞાનીઓએ એક એવું મશીન લર્નિંગ અલ્ગોરિધમ તૈયાર કર્યુ છે જે વ્યકિતની વય કેટલી હશે તેની માહિતી મેળવવા સક્ષમ છે. નેચર કોમ્પ્યુટેશનલ સાયન્સમાં પ્રકાશિત કરવામાં આવેલાં અહેવાલમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે આ અલ્ગોરિધમની આગામી ટકાવારી ૭૮ ટકા છે. ડેન્માર્કનાં વિજ્ઞાનીઓએ આ મોડેલને "લાઈફ ૨ વેક" નામ આપ્યુ છે. આ શોધનાં પ્રમુખ ડેન્માર્કની ટેકનિકલ યુનિવર્સિટીનાં પ્રોફેસર સૂન લેહમેન કહે છે કે જો કોઈ વ્યકિતનાં તમામ ડેટા આ મોડેલમાં છે તો તેનાં અંગે આગાહી કરી શકાય છે જો કે આ શોધ હાલ પ્રાથમિક તબક્કામાં છે. હવે **AI** થી મૃત્યુ અંગે પણ અંદાજ મળશે. હાલમાં રિયલ વર્લ્ડમાં તેનો ઉપયોગ યોગ્ય રહેશે નહીં. શોધ કરવા માટે ૨૦૦૮ થી લઈને ૨૦૧૬ સુધીનાં ૬૦ લાખ લોકોનાં શિક્ષણ, આરોગ્ય, આવક અને અન્ય પ્રોફેશન અંગેનાં ડેટા લીધા હતા. **AI** "લાઈફ ૨ વેક" મોડેલ પોતાને અપડેટ કરે છે. પહેલાં જ નોંધવામાં આવેલાં ડેટાનાં આધારે અંદાજ લગાવે છે.

નજીકનાં ભવિષ્યમાં **AI** ની મદદથી ભૃણની ખૂબી અને ખામીની માહિતી પણ મેળવી શકાશે. તેનાંથી મહિલાઓની ગર્ભવતી થવાની સંભાવનાં ૩૦ ટકા વધી જશે. **IVF** નાં માધ્યમથી ગર્ભવતી બનતી તમામ મહિલાઓને આનો લાભ મળશે. ઈઝરાઈલની એક કંપનીએ દાવો કર્યો હતો કે એમનું સોફટવેર સ્વસ્થ ભૃણને ઓળખીને **IVF** દરમ્યાન ગર્ભ ધારણની ક્ષમતાને વધારી શકે છે. મિડિયા રિપોર્ટ અનુસાર આ સોફટવેર **IVF** પ્રક્રિયા દરમ્યાન આનુવાંશિક અસાધારણતાઓ સાથે સંકળાયેલી ભૃણ સંબધી વિશેષતાઓની શોધ કરીને સૌથી આશાસ્પદ ભૃણની માહિતી પણ મેળવે છે. સોફટવેર બનાવનારી રિપ્રોડકિટવ ટેકનોલોજી કંપની **IVF** નાં સહ-સંસ્થાપક અને સીઈઓ ડો. ગિલ્બોઆએ કહ્યું કે **AI** સોફટવેર આનુવંશિક અસાધારણતાઓ અને ઈમ્પ્લાન્ટેશનમાં આવતાં અવરોધો શોધી કાઢશે, ડો. ગિલ્બોઆએ કહ્યુ કે અત્યાર સુધી ડોકટર્સ માત્ર ભૃણ બનાવતા આવ્યા છે, પરંતુ ઘણી વાર પસંદગી ખોટી પડે છે. અને **IVF** ફેલ જાય છે. સામાન્ય મહિલાઓએ ત્રણથી પાંચ વાર **IVF** કરાવવું પડે છે.

## ગુગલ-માઈક્રોસોફ્ટની એ.આઈ સ્પર્ધાથી માનવજાત સાવધાન રહે
## માણસે મશીન સાથે કામ કરતાં શીખવું જ પડશે

૧૯૬૬ માં જર્મન-અમેરીકન કોમ્પ્યુટર વૈજ્ઞાનિક જોસેફ વેઈઝેનબૌમે દુનિયાનો પ્રથમ ચેટબોટ બનાવ્યો હતો, જેનું નામ હતુ એલિઝા. આ પ્રથમ ચેટબોટે એ સમયગાળામાં ભારે ચર્ચા જગાવી હતી. ૧૯૯૫ પછી ટેકનોલોજી અને ઈન્ટરનેટનો વ્યાપ વધ્યો પછી ચેટબોટનો ઉપયોગ પણ વધ્યો હતો. ઈ-કોમર્સ કંપનીઓ, ફુડ ડિલિવરી એપ્સ, ટ્રાવેલ્સ એજન્સીઓ, હોટેલ ઈન્ડસ્ટ્રી, એજયુકેશન ઈન્સ્ટીટયુટ વિગેરેએ પોતાનાં વિશે ગ્રાહકોને તુરંત માહિતી મળે તે માટે ચેટબોટનો ઉપયોગ શરૂ કર્યો. કસ્ટમર સર્વિસ આપવા માટે કોઈ હ્યુમન એજન્ટ ઉપલબ્ધ ન હોય એવા કિસ્સામાં રોબોટ કસ્ટમર સાથે વાત કરીને તેને પ્રાથમિક માહિતી આપતુ હતુ. નક્કી કરેલાં જવાબો અને નક્કી કરેલી સર્વિસ આપીને આ ચેટબોટ હ્યુમન એજન્ટનું ઘણું કામનું ભારણ ઘટાડતુ હતુ. ૨૦૧૭ માં દુનિયાની ૪ ટકા કંપનીઓ ચેટબોટ ઉપયોગ કરતી હતી. ૨૦૨૧-૨૨ માં આ આંકડો વધીને ૪૯ ટકા થઈ ગયો છે. ૮૦ ટકા સ્ટાર્ટઅપ કંપનીઓ ગ્રાહકને બેઝિક જાણકારી આપવા ચેટબોટની મદદ મેળવી હતી. એક અંદાજ તો એવો છે કે ટુંક સમયમાં ૨૭૦ કરોડ કસ્ટમર સર્વિસ કલાકો ચેટબોટને કારણે બચી જશે, દુનિયાનાં ૨૦ થી ૨૨ ટકા ગ્રાહકોની સમસ્યા ચેટબોટને કારણે ઉકેલાઈ જતી હતી.

પરંતુ ૩૦ મી નવેમ્બર-૨૦૨૨નાં દિવસે ચેટબોટની આ દુનિયામાં પરિવર્તન આવ્યુ. માઈક્રોસોફટનાં ફંડિંગથી ઓપન AI નામની કંપનીએ બનાવેલાં ચેટબોટ ચેટજીપીટીને લોંચ કરાયા બાદ કૃત્રિમ બુધ્ધિમતાની ચર્ચા નવેસરથી શરૂ થઈ હતી. સર્ચ એન્જીન ગુગલ સામે રાતો રાત નવો પડકાર સર્જાયો હતો. એક તબક્કે તો દુનિયાભરનાં ઈન્ટરનેટ યુઝર્સ માનવા લાગ્યા હતો કે ગુગલની મોનોપોલી ગણતરીઓનાં મહિનાઓમાં હવે ભાંગીને ભુક્કો થઈ જશે. પરંતુ ગુગલે માર્ચ ૨૦૨૩માં AI બોર્ડને લોંચ કરીને એઆઈની ઐતિહાસિક સ્પર્ધામાં ઝંપલાવ્યુ. AI બોર્ડ પછી હવે જેમીનીના લોંચિગ બાદ સ્પર્ધા નવી ઊંચાઈએ પહોચી છે.

ગુગલે આ AI સર્વિસનાં ત્રણ મોડેલ લોંચ કર્યા. જેમીની અલ્ટ્રા, જેમીની પ્રો અને જેમીની નેનો. ટૂંક સમયમાં બધા જ એન્ડ્રોઈડ યુઝર્સ આ ટુલની સર્વિસ ઓફ લાઈન પણ લઈ શકશે. ગુગલનાં દાવા પ્રમાણે બહુ ગાજેલાં ચેટબોટ ચેટજીપીટીથી પણ આ ટુલ આગળનું વિચારે છે. ચેટજીપીટી માહિતી આપે છે પણ આ જેમીની ટેક્ષ, કોડ, ઓડિયો અને વિડિયોને બરાબર સમજી શકે છે. એક માણસનું મગજ આ બધી બાબતોમાં જે રીતે રિએકટ કરે એવી રીતે આ ટુલ રિએકટ કરે છે.

AI નાં આ સ્પર્ધાત્મક સમયમાં દોહામાં વર્લ્ડ એજયુકેશન ઈનોવેશન સમિટ યોજાય હતી. એમાં AI નાં ભવિષ્ય અંગે જે વિચારો રજૂ થયા એ ખૂબ અગત્યના હતા. નિષ્ણાતોએ શિક્ષણનાં સંદર્ભમાં AI કેવું પરિવર્તન લાવશે તેની ઉપર વિશેષ ચર્ચા કરી હતી. એનો સૂર કંઈક આવો હતો કે AI ટુલને કારણે શિક્ષણ અને શીખવાની પધ્ધતિ સમૂળગી બદલાઈ રહી છે. પરિણામે હવે શિક્ષણની પધ્ધતિ અંગે ફેરવિચારણાં કરવી જરૂરી બની ગઈ છે. હવે માત્ર માહિતીલક્ષી શિક્ષણથી કામ નહીં ચાલે. માહિતી તો વિદ્યાર્થીઓ એક કિલકમાં મેળવી લેશે. કઈ પ્રોડકટ કોણે

શોધી છે? કયો સિધ્ધાંત કોણે આપ્યો? મેથેમેટિકસની પધ્ધતિઓથી લઈને કોણે શું શીખવ્યુ? કેવું લખ્યુ? સાહિત્યનાં પ્રકારની ખાસિયત શું છે? એમાં સૌથી વધુ કોણે લખ્યુથી માંડીને દુનિયાનાં કયા ખૂણે કેવા લોકો રહે છે? એ બધુ જ એક કિલકમાં સ્ક્રીન સામે હાજર થઈ જશે. એવુ શિક્ષણ તો AI ટુલ્સ આપી દેશે. નવી નવી બાબતે શીખવા માટે પણ AI ટુલ્સ ચાવીરૂપ ભૂમિકા ભજવશે. આજની તારીખે સેંકડો લોકો યુટયૂબ વિડિયો જોઈને રસોઈથી લઈ સંગીતનાં પાઠ સુધ્ધા શીખી લે છે. તેમજ ગણિત વિજ્ઞાનનાં કોયડાથી લઈને વ્યાકરણ ઘર બેઠા શીખી જાય છે.

ટૂંકમાં AI થી હવે કલાસરૂમનાં ભવિષ્ય અંગે અત્યારથી વિચારવુ પડશે. માનવજાત ટેકનોલોજીનાં કારણે ઉત્ક્રાંતિનાં એવા મોડ પર આવીને ઉભી રહી ગઈ છે કે જયાંથી કેટલીય બાબતોની ફેરવિચારણાં કરવી પડશે. શિક્ષણ મશીનરી પર આધારિત થઈ જશે, એટલે આપણું જીવન બદલાશે. આપણી કામ કરવાની તથા વિચાર કરવાની પધ્ધતિ બદલાશે. અનુભવો પણ નવા હશે.ટેકનોલોજીનો ઉપયોગ કેવી રીતે કરવો? સારુ શું? ખરાબ શું? ટેકનોલોજીનો ઉપયોગ કેટલી માત્રામાં કરવો? ટેકનોલોજી આદત બની ન જાય એ રીતે એનો ઉપયોગ બાળકોને શીખવવો પડશે. AI નો સામનો કરવા ભવિષ્યની પેઢીને તૈયાર કરવી પડશે. ટેકનોલોજીનો દુરૂપયોગ રોકવાનાં પગલા લેવા પડશે તેમ જ આ અંગેની પોલીસી બનાવવી પડશે.

આમ તો ટેકનોલોજી કાયમ માટે માનવજાતને ઉપયોગી થતી આવી છે પરંતુ એનો સમજપૂર્વકનો ઉપયોગ જરૂરી છે. વાહનો શોધાયા એમ અકસ્માત પણ થયાં અને હા અકસ્માતો તો સદીઓ પહેલાં ઘોડા ઉપરથી પડી જવાથી પણ થતાં હતા. બંદુકો આવી તો અંધાધૂંધ ગોળીબારો થયા, બાકી હત્યાઓ તો તલવારથી પણ થતી હતી. પરંતુ મૂળ મૂદ્દો એ છે કે ટેકનોલોજીનો સભાનતાથી કેવી રીતે ઉપયોગ કરવો?

ટૂંકમાં AI ને નિયંત્રિત કરીને એનો માનવજાત માટે સહાય કરવા માટે ઉપયોગ કરવામાં આવશે તો સૌથી મોટી ક્રાંતિ ગણાશે. માણસે મશીન પાસેથી કામ લેતા શીખવું પડશે. કેટલું? કેવું? અને કેવી રીતે કામ કરાવવું એ આવડી જશે તો AI સ્પર્ધાત્મક નહીં પણ સહાયક બનશે.

## આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ભારત માટે આશીર્વાદરૂપ કે અભિશાપરૂપ?

દરેક આધુનિક ટેકનોલોજીનો આવિષ્કાર ભાવિ પેઢી માટે આરામદાયક અને આવકારદાયક હોય છે. પણ તેનાં પ્લસ અને માઈનસ પોઈન્ટ પણ હોય છે. આધુનિક ટેકનોલોજીનો કેવી રીતે ઉપયોગ કરવામાં આવે છે તેની ઉપર તેનો આખો આધાર છે. તાજેતરમાં AI નો વિશ્વનાં અનેક દેશોની સાથે ભારતમાં પણ આવિષ્કાર થયો છે. સરકાર અને ઉધોગમાં નવી નવી ટેકનોલોજીને અપનાવે એમાં કશું ખોટું નથી પણ તેનો દૂરૂપયોગ થાય ત્યારે ભૂતકાળમાં આપણાં વડવાઓએ જે સારા બીજ રોપી સંસ્થા, કંપની કે પેઢીને વટવૃક્ષ બનાવી હોય તેનાં ઉપર પાણી ફરી વળે છે. ભારતમાં AI ને મહત્વ અપાતાં ઉધોગોમાં ઓટોમેશન વધ્યુ છે. ઉત્પાદન ક્ષમતા વધી છે, ચીજ વસ્તુઓને ઉત્પાદન ખર્ચ ઓછો આવી રહ્યો છે. પણ AI નો માઈનસ પોઈન્ટ એ છે કે તેનાંથી ભારતમાં કર્મચારીઓ અને કામદારોની છટણીનું પ્રમાણ વધ્યું છે. આપણાં દેશમાં વસ્તી વધારાને લઈ જયારે બેકારીની સમસ્યા વિકરાળ બની રહી છે ત્યારે

AI બળતામાં ઘી હોમવાનું કામ કરી રહ્યુ છે. AI અપનાવવામાં આવતાં મોટા ભાગનાં ઉદ્યોગોમાંથી કર્મચારીઓની છટણી કરવામાં આવી રહી છે. લોકોની નોકરી અને રોજીરોટી છીનવાઈ જવાનું શરૂ થયું છે. આમ ભારત જેવાં દેશ માટે AI હાલનાં તબક્કે આશિર્વાદરૂપ થવાને બદલે અભિશાપ પૂરવાર થઈ રહ્યુ છે.

આમ છતાં વિશ્વનાં અન્ય દેશોની સાથે ભારતમાં AI નું ચલણ વધ્યુ છે. ત્યારે તેનાં પ્લસ અને માઈનસ પોઈન્ટ વિચારવાની સાથે અલગ મંત્રાલય રચવાનો સમય પાકી ગયો છે. AI નાં આગમન સાથે લોકોની આશાઓ અને અપેક્ષાઓ વધી છે. તેનાં દરેક પાસાંનો અભ્યાસ કરીને તેનો સારામાં સારી રીતે ઉપયોગ કરી શકાય તેવાં વિકલ્પો અપનાવવાની જરૂર છે. સરકારે એ જોવાની જરૂર છે કે AI નો ઉપયોગ લોકોનાં કલ્યાણ માટે અને જરૂરીયાત માટે કરી શકાય. AI નો ઉપયોગ જયાં દેશની ઈકોનોમી માટે હાનિકારક હોય ત્યાં તેને કાયદા દ્વારા નિયંત્રિત કરવાની ખાસ જરૂર છે. AI નો ઉપયોગ ખંડનાત્મક નહિં પણ રચનાત્મક હોવો જોઈએ. AI નો મનફાવે તેમ ઉપયોગ ખતરા સર્જે છે અને ગ્રોથની ઝડપને પણ પ્રભાવિત કરી શકે છે. આથી ટેકનોલોજીનો વિકાસ ડેવલપર્સ અને ગ્રાહકો બંને માટે ફાયદાકારક હોવો જોઈએ. આ માટે સરકાર દ્વારા માર્ગદર્શિકા ઘડવાનો સમય પાકી ગયો છે. AI નો કયાં અને કેવી રીતે ઉપયોગ કરવો જોઈએ તેની જવાબદારી જયારે હું લખુ છું ત્યારે નીતિ આયોગ સંભાળી રહ્યુ છે. પણ તેને અનુરૂપ સિસ્ટમ ઘડવાની તાતી જરૂરીયાત છે. આવું થશે તો જ AI નો સર્જનાત્મક ઉપયોગ કરી શકાશે. ભારત જેવી મોટી ઈકોનોમી ધરાવતાં દેશમાં AI નો અર્થપૂર્ણ અને રચનાત્મક ઉપયોગ કરવામાં આવે તેનું નીતિ આયોગે ધ્યાન રાખવાનું છે. ભવિષ્યમાં તેનાં જે કોઈ દુષ્પરિણામો ઉદભવે તો તેને રોકવાની જવાબદારી પણ સરકારની હોવી જોઈએ.

લિ.

આપનો સહકારી

**મહેન્દ્રસિંહ ચૌહાણ**

કા. સભ્ય

બારડોલી જનતા કો-ઓ.ક્રેડિટ સો.લિ.

રજીસ્ટ્રેશન નં. સા. ૩૩૯૦ નોંધણી તા. ૨૯/૦૪/૨૦૦૦

# બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લિ.

## આજદિન પર્યન્તના કારોબારી સભ્યશ્રીઓની યાદી

| ક્રમ | નામ | ગામનું નામ | તારીખ થી | તારીખ સુધી |
|---|---|---|---|---|
| ૧ | સ્વ.શ્રી પ્રબોધચંદ્ર ધીરજરામ નાયક | બારડોલી | સ્થાપના કાળથી | ૦૯-૧૦-૨૦૨૨ |
| ૨ | સ્વ.શ્રી પ્રેમજીભાઈ નાથાભાઈ પટેલ | બારડોલી | સ્થાપના કાળથી | ૨૯-૧૧-૨૦૧૨ |
| ૩ | શ્રી હર્ષદભાઈ છેલાભાઈ મૈસુરીયા | બારડોલી | સ્થાપના કાળથી | ૨૪-૦૫-૨૦૦૩ |
| ૪ | સ્વ.શ્રી કિરીટભાઈ કાંતીલાલ શાહ | બારડોલી | સ્થાપના કાળથી | ૨૧-૦૪-૨૦૧૨ |
| ૫ | સ્વ.શ્રી શિવજીભાઈ ભીમજીભાઈ પટેલ | બારડોલી | સ્થાપના કાળથી | ૦૨-૦૨-૨૦૧૬ |
| ૬ | શ્રી પરિમલભાઈ ઠાકોરભાઈ પટેલ | બારડોલી | સ્થાપના કાળથી | ૧૯-૦૬-૨૦૦૫ |
| ૭ | શ્રી હરકાંતભાઈ નટવરભાઈ પારેખ | બારડોલી | સ્થાપના કાળથી | આજ પર્યન્ત |
| ૮ | શ્રી નયનભાઈ મનહરભાઈ સોની | બારડોલી | સ્થાપના કાળથી | ૩૦-૦૫-૨૦૦૪ |
| ૯ | ડો.શ્રી મહેન્દ્રભાઈ હિરજીભાઈ ચૌધરી | બારડોલી | સ્થાપના કાળથી | આજ પર્યન્ત |
| ૧૦ | શ્રી મનુભાઈ મણીભાઈ મૈસુરીયા | બારડોલી | સ્થાપના કાળથી | ૨૪-૦૫-૨૦૦૩ |
| ૧૧ | સ્વ.શ્રી પ્રફુલભાઈ રમણભાઈ દેસાઈ | બારડોલી | સ્થાપના કાળથી | ૨૪-૦૫-૨૦૦૩ |
| ૧૨ | શ્રી નિલેશભાઈ ધીરજસિંહ ઠાકોર | બારડોલી | સ્થાપના કાળથી | ૨૧-૦૬-૨૦૦૯ |
| ૧૩ | શ્રી મગનભાઈ માવજીભાઈ પરમાર | બારડોલી | સ્થાપના કાળથી | ૦૮-૦૬-૨૦૧૨ |
| ૧૪ | ડો.શ્રી અજીતભાઈ રમણભાઈ નાયક | બારડોલી | સ્થાપના કાળથી | ૨૪-૦૫-૨૦૦૩ |
| ૧૫ | શ્રી પ્રહલાદભાઈ દાનાભાઈ ઉનાલીયા | બારડોલી | સ્થાપના કાળથી | ૩૦-૦૫-૨૦૦૪ |
| ૧૬ | શ્રી આશિકકુમાર ચંપકલાલ દેસાઈ | બારડોલી | ૨૪-૦૫-૨૦૦૩ | ૧૯-૦૬-૨૦૧૧ |
| ૧૭ | શ્રી પ્રદિપકુમાર હરીપ્રસાદ અગ્રવાલ | રાયમ | ૨૪-૦૫-૨૦૦૩ | ૦૪-૦૬-૨૦૦૬ |
| ૧૮ | શ્રી મનોજકુમાર હર્ષદરાય મૈસુરીયા | બારડોલી | ૨૪-૦૫-૨૦૦૩ | ૨૧-૦૬-૨૦૦૯ |
| ૧૯ | શ્રી નિલેશકુમાર ગિરધારીલાલ ગુપ્તા | બારડોલી | ૩૦-૦૫-૨૦૦૩ | આજ પર્યન્ત |
| ૨૦ | સ્વ.શ્રી નરેશભાઈ જગુભાઈ પટેલ | અસ્તાન | ૩૦-૦૫-૨૦૦૩ | ૦૪-૦૨-૨૦૧૭ |

રજીસ્ટ્રેશન નં. સા. ૩૩૯૦ — નોંધણી તા. ૨૯/૦૪/૨૦૦૦

# બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લિ.

## આજદિન પર્યન્તના કારોબારી સભ્યશ્રીઓની યાદી

| ક્રમ | નામ | ગામનું નામ | તારીખ થી | તારીખ સુધી |
|---|---|---|---|---|
| ૨૧ | સ્વ.શ્રી નાથુભાઈ નાગરજીભાઈ પટેલ | બારડોલી | ૩૦/૦૫/૨૦૦૩ | ૨૭-૦૬-૨૦૧૦ |
| ૨૨ | સ્વ.શ્રી કનુભાઈ ગોરધનભાઈ પટેલ | સોયાણી | ૧૯/૦૬/૨૦૦૫ | ૦૨-૦૧-૨૦૧૬ |
| ૨૩ | શ્રી જગદીશભાઈ હિરાભાઈ પટેલ | બારડોલી | ૧૯/૦૬/૨૦૦૫ | આજ પર્યન્ત |
| ૨૪ | શ્રી હર્ષદભાઈ છેલાભાઈ મૈસુરીયા | બારડોલી | ૨૧/૦૬/૨૦૦૯ | ૨૭-૦૬-૨૦૧૦ |
| ૨૫ | શ્રી અશોકભાઈ નારણભાઈ લાડ | બારડોલી | ૨૧/૦૬/૨૦૦૯ | ૨૮-૦૩-૨૦૧૭ |
| ૨૬ | શ્રી નિરંજન માનાજી મિસ્ત્રી | બારડોલી | ૨૭/૦૬/૨૦૧૦ | આજ પર્યન્ત |
| ૨૭ | શ્રી મહેન્દ્રસિંહ હઠેસિંહ ચૌહાણ | બારડોલી | ૨૭/૦૬/૨૦૧૦ | આજ પર્યન્ત |
| ૨૮ | શ્રી કિશોરભાઈ હંસજીભાઈ પટેલ | બારડોલી | ૦૧/૦૭/૨૦૧૧ | ૨૩-૧૨-૨૦૧૩ |
| ૨૯ | શ્રી મુકુંદભાઈ જગુભાઈ પટેલ | મોતા | ૨૫/૦૬/૨૦૧૨ | આજ પર્યન્ત |
| ૩૦ | શ્રી વિમલકુમાર કેશવભાઈ પટેલ | ખરવાસા | ૨૫/૦૬/૨૦૧૨ | આજ પર્યન્ત |
| ૩૧ | શ્રી ભાવેશકુમાર પ્રેમજીભાઈ પટેલ | બારડોલી | ૨૬/૦૨/૨૦૧૩ | આજ પર્યન્ત |
| ૩૨ | શ્રી મનિષભાઈ છોટુભાઈ પટેલ | ઈસરોલી | ૨૭/૦૧/૨૦૧૪ | આજ પર્યન્ત |
| ૩૩ | શ્રી નયનાબેન ભગુભાઈ પટેલ | અસ્તાન | ૨૩/૦૬/૨૦૧૫ | ૧૭-૦૭-૨૦૧૮ |
| ૩૪ | શ્રી અમિષાબેન મેહુલભાઈ પટેલ | બારડોલી | ૨૩/૦૬/૨૦૧૫ | આજ પર્યન્ત |
| ૩૫ | શ્રી નિલેશકુમાર પ્રહલાદભાઈ પટેલ | બારડોલી | ૦૫/૦૨/૨૦૧૬ | આજ પર્યન્ત |
| ૩૬ | શ્રી આનંદકુમાર સન્મુખભાઈ ટેલર | વાંકાનેર | ૨૧/૦૪/૨૦૧૬ | આજ પર્યન્ત |
| ૩૭ | શ્રી હર્ષદભાઈ ભુલાભાઈ પટેલ | અસ્તાન | ૦૭/૦૪/૨૦૧૭ | આજ પર્યન્ત |
| ૩૮ | શ્રી રાજેન્દ્રભાઈ નાનજીભાઈ પટેલ | બારડોલી | ૦૭/૦૪/૨૦૧૭ | આજ પર્યન્ત |
| ૩૯ | શ્રી ફાલ્ગુનીબેન જયેશભાઈ પટેલ | ધામડોદ-લુંભા | ૧૭/૦૭/૨૦૧૭ | આજ પર્યન્ત |
| ૪૦ | શ્રી આયુષ પ્રબોધચંદ્ર નાયક | બારડોલી | ૧૩/૦૮/૨૦૨૪ | આજ પર્યન્ત |

# બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લિ.

## સંસ્થાનો શરૂઆતથી પ્રગતી રિપોર્ટ

| વર્ષ | ભરપાય શેરભંડોળ | કામકાજનું ભંડોળ | અનામત ભંડોળ | સભાસદ થાપણ | સભાસદ ધિરાણ | ચો. નફો | સભાસદ સંખ્યા | ઓડિટ વર્ગ | ડિવિડન્ડ % | રૂ. લાખમા ભેટ/ કુપન |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૨૩-૨૪ | ૧૬૦.૮૫ | ૧૧૩૩૨.૩૮ | ૧૪૦૨.૪૨ | ૮૭૦૭.૪૪ | ૫૭૩૧.૫૮ | ૩૧૫.૯૬ | ૭૫૭૯ | "અ" | ૧૨ | રૂ. ૨૦૦૦ ની ગીફ્ટ |
| ૨૦૨૨-૨૩ | ૧૫૯.૮૫ | ૧૦૮૧૩.૬૨ | ૧૪૩૨.૫૩ | ૮૨૦૨.૨૪ | ૫૨૦૫.૦૩ | ૪૫.૭૭ | ૭૪૬૮ | "અ" | ૧૨ | રૂ.૭૫૦+મિલેટસ કીટ |
| ૨૦૨૧-૨૨ | ૧૫૭.૧૧ | ૧૦૨૧૭.૫ | ૧૧૯૮.૭૮ | ૭૯૬૭.૫ | ૪૬૫૪.૪૨ | ૪૨.૮૮ | ૭૨૨૭ | "અ" | ૧૨ | - |
| ૨૦૨૦-૨૧ | ૧૪૯.૪ | ૯૭૧૪.૬૬ | ૧૦૬૬.૬૭ | ૭૭૧૩.૮૮ | ૪૮૪૫.૨૨ | ૩૯.૫૦ | ૬૭૩૩ | "અ" | ૧૨ | રૂ.૭૫૦ |
| ૨૦૧૯-૨૦ | ૧૪૪.૦૭ | ૯૭૦૧.૨૫ | ૯૧૧.૩૬ | ૭૯૨૬.૧૨ | ૪૪૭૩.૧૩ | ૩૬.૪૯ | ૬૫૨૧ | "અ" | ૧૨ | - |
| ૨૦૧૮-૧૯ | ૧૩૧.૧૮ | ૯૨૦૨.૧૯ | ૮૦૮.૪૧ | ૭૬૦૨.૩૪ | ૪૩૯૩.૪૮ | ૩૩.૨૩ | ૬૨૮૪ | "અ" | ૧૨ | રૂ.૭૫૦ |
| ૨૦૧૭-૧૮ | ૧૧૪.૨૯ | ૮૩૧૭.૪૩ | ૬૮૧.૦૭ | ૬૯૧૦.૦૬ | ૪૨૭૭.૬૭ | ૩૨.૧૯ | ૬૦૦૮ | "અ" | ૧૨ | રૂ.૭૫૦ |
| ૨૦૧૬-૧૭ | ૧૦૬.૧૯ | ૭૬૭૧.૫૭ | ૫૧૯.૮૬ | ૬૫૨૨.૫૧ | ૩૭૦૪.૭૮ | ૨૮.૦૦ | ૫૮૦૦ | "અ" | ૧૨ | - |
| ૨૦૧૫-૧૬ | ૯૪.૧૦ | ૬૦૫૦.૨૧ | ૩૪૯.૨૬ | ૫૧૨૮.૪૩ | ૩૧૪૨.૫૭ | ૨૫.૬૦ | ૫૨૨૯ | "અ" | ૧૨ | રૂ.૭૫૦ |
| ૨૦૧૪-૧૫ | ૭૭.૮૨ | ૪૭૨૩.૫૨ | ૩૪૯.૨૬ | ૪૦૧૯.૨૨ | ૨૨૮૮.૭૭ | ૨૦.૪૧ | ૪૭૨૮ | "અ" | ૧૨ | - |
| ૨૦૧૩-૧૪ | ૬૭.૮૦ | ૩૬૫૧.૫૨ | ૨૩૭.૦૨ | ૩૧૩૭.૮૬ | ૧૮૪૫.૨૭ | ૧૮.૩૪ | ૪૪૨૫ | "અ" | ૧૨ | - |
| ૨૦૧૨-૧૩ | ૫૭.૦૬ | ૨૪૪૬.૧૭ | ૧૮૩.૯૯ | ૨૦૩૮.૪૨ | ૧૨૬૯.૮૭ | ૧૫.૧૫ | ૪૦૪૦ | "અ" | ૧૨ | રૂ.૭૫૦ |
| ૨૦૧૧-૧૨ | ૪૯.૯૬ | ૨૦૪૧.૪૫ | ૧૨૬.૬ | ૧૭૩૭.૪૫ | ૧૦૬૩.૫૧ | ૧૩.૪૭ | ૩૮૯૬ | "અ" | ૧૨ | - |
| ૨૦૧૦-૧૧ | ૪૧.૫૧ | ૧૫૭૨.૪૬ | ૮૨.૮૫ | ૧૩૬૭.૯૦ | ૭૧૨.૦૫ | ૯.૪૯ | ૩૬૯૫ | "અ" | ૧૦ | - |
| ૨૦૦૯-૧૦ | ૩૯.૭૧ | ૧૦૪૭.૫૮ | ૯૧.૦૧ | ૮૫૫.૪૯ | ૪૩૧.૨૮ | ૮.૫૧ | ૩૫૧૮ | "અ" | ૧૦ | રૂ.૫૦૦ |
| ૨૦૦૮-૦૯ | ૩૯.૦૬ | ૭૬૦.૫૭ | ૭૧.૧ | ૬૦૯.૦૭ | ૩૮૨.૨૮ | ૮.૧૦ | ૩૪૫૦ | "અ" | ૧૦ | - |
| ૨૦૦૭-૦૮ | ૩૮.૪૮ | ૭૩૮.૪૮ | ૫૫.૧૯ | ૬૦૬.૭૭ | ૩૫૧.૮૮ | ૮.૦૩ | ૩૩૯૧ | "અ" | ૧૦ | - |
| ૨૦૦૬-૦૭ | ૩૮.૦૫ | ૬૩૩.૫૧ | ૪૦.૨૯ | ૫૧૧.૮૨ | ૩૧૫.૫૬ | ૭.૯૭ | ૩૩૪૮ | "અ" | ૧૦ | - |
| ૨૦૦૫-૦૬ | ૩૭.૫૩ | ૬૬૯.૯૭ | ૨૬.૯૫ | ૫૫૯.૯૮ | ૨૩૯.૩૦ | ૭.૫૦ | ૩૩૦૪ | "અ" | ૧૦ | - |
| ૨૦૦૪-૦૫ | ૩૬.૮૪ | ૫૦૩.૯૯ | ૧૯.૨૪ | ૪૧૦.૯૩ | ૨૧૨.૭૬ | ૭.૧૮ | ૩૨૫૦ | "અ" | ૧૦ | - |
| ૨૦૦૩-૦૪ | ૩૬.૩૧ | ૩૨૦.૬૧ | ૧૧.૦૦ | ૨૪૬.૩૮ | ૧૮૦.૦૦ | ૩.૯૧ | ૩૧૯૩ | "અ" | - | સ્ટીલનો ડબ્બો |
| ૨૦૦૨-૦૩ | ૩૪.૦૨ | ૨૩૮.૪૯ | ૫.૩૨ | ૧૮૧.૧૮ | ૧૦૯.૯૬ | ૨.૯૧ | ૩૧૧૧ | "અ" | - | - |
| ૨૦૦૧-૦૨ | ૩૩.૦૨ | ૧૮૨.૭૬ | ૩.૯૩ | ૧૩૯.૨૩ | ૮૯.૪૫ | ૨.૪૨ | ૩૦૪૨ | "અ" | - | - |

રજીસ્ટ્રેશન નં. સા. ૩૩૯૦ નોંધણી તા. ૨૯/૦૪/૨૦૦૦

# બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લિ.

## કાર્યક્ષેત્રનાં ગામો

૦૧. બારડોલી ૦૨. બાબેન ૦૩. ઉમરાખ ૦૪. ખરવાસા

૦૫. મવાછી ૦૬. મોતા ૦૭. પણદા ૦૮. વરાડ ૦૯. ભરમપોર ૧૦. રૂવા

૧૧. ખોજ ૧૨. અસ્તાન ૧૩. રાજપરા–લુંભા ૧૪. સાંકરી ૧૫. રાયમ

૧૬. પલસોદ ૧૭. ધામડોદ–લુંભા ૧૮. ટીમ્બરવા ૧૯. વઘાવા

૨૦. કીકવાડ ૨૧. ઉતારા ૨૨. ખલી ૨૩. આફવા ૨૪. ગોતાસા

૨૫. મોટી ભટલાવ ૨૬. વાંકાનેર ૨૭. કણાઈ ૨૮. બમરોલી

૨૯. ઈસરોલી ૩૦. ગોજી ૩૧. નિઝર ૩૨. નિણત ૩૩. સરભોણ

૩૪. તાજપોર–બુજરંગ ૩૫. ગોટીયા ૩૬. વણેસા ૩૭. પીસાદ

૩૮. એના ૩૯. એના–ધામડોદ ૪૦. ગાંગપુર ૪૧. સોયાણી

૪૨. જેતપોર ૪૩. બારાસડી ૪૪. તેન ૪૫. નાંદીડા ૪૬. કારેલી

૪૭. ઈશનપોર ૪૮. રામપુરા ૪૯. ગંગાધરા ૫૦. માંગરોલીયા

૫૧. મોટી ફળોદ ૫૨. કંટાળી ૫૩. પથરોણ ૫૪. તરસાડી ૫૫. સેજવાડ

૫૬. હિન્ડોલીયા ૫૭. કરચકા ૫૮. ઉવા ૫૯. તુંડી ૬૦. ડુંગર

૬૧. ચીખલી ૬૨. વિહાણ

રજીસ્ટ્રેશન નં. સા. ૩૩૯૦ નોંધણી તા. ૨૯/૦૪/૨૦૦૦

# બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લિ.

## દાનનાં પ્રવાહની વિગત

| ક્રમ | તારીખ | નામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૦૧ | ૨૬-૦૪-૨૦૦૬ | યોગ વિજ્ઞાન પ્રતિષ્ઠાન | ૨,૫૦૦ |
| ૦૨ | ૧૦-૦૭-૨૦૦૭ | સિનિયર સિટીઝન મેડીકલ કેમ્પ | ૧,૫૦૦ |
| ૦૩ | ૧૧-૦૭-૨૦૦૭ | યોગ વિજ્ઞાન પ્રતિષ્ઠાન | ૧,૫૦૦ |
| ૦૪ | ૦૫-૦૧-૨૦૧૦ | વાલોડ વિભાગ કેળવણી મંડળ | ૨,૦૦૦ |
| ૦૫ | ૦૫-૦૧-૨૦૧૦ | સ્મશાન ગૃહ બારડોલી | ૧૧,૦૦૦ |
| ૦૬ | ૦૫-૦૧-૨૦૧૦ | અસ્તાન કન્યા વિદ્યાલય | ૨,૫૦૦ |
| ૦૭ | ૧૩-૦૨-૨૦૧૦ | તાજપોર કોલેજ | ૧,૫૦૦ |
| ૦૮ | ૨૦-૧૨-૨૦૧૦ | સ્મશાન ગૃહ બારડોલી | ૧,૦૧,૦૦૦ |
| ૦૯ | ૨૦-૧૨-૨૦૧૦ | સિનિયર સિટીઝન કલબ બારડોલી | ૫૧,૦૦૦ |
| ૧૦ | ૧૫-૦૯-૨૦૧૧ | બારડોલી નગરપાલિકા ટ્રી ગાર્ડ માટે | ૫,૦૦૦ |
| ૧૧ | ૧૦-૧૨-૨૦૧૧ | વકીલ મંડળ, બારડોલી | ૫,૦૦૦ |
| ૧૨ | ૦૯-૦૨-૨૦૧૩ | સ્મશાન ગૃહ બારડોલી | ૧૧,૦૦૦ |
| ૧૩ | ૧૮-૦૨-૨૦૧૩ | વાત્સલ્ય એજ્યુકેશ એન્ડ મેડીકલ ટ્રસ્ટ | ૫,૦૦૦ |
| ૧૪ | ૧૮-૦૪-૨૦૧૩ | પ્રગતિ યુવક મંડળ, બારડોલી | ૫,૦૦૦ |
| ૧૫ | ૨૨-૦૮-૨૦૧૩ | કન્યા કેળવણી માટે (મે.જિલ્લા રજિ.) | ૨,૦૦૧ |
| ૧૬ | ૧૦-૦૩-૨૦૧૫ | સરદાર સ્મારક હોસ્પિટલ ટ્રસ્ટ | ૧૧,૦૦૦ |
| ૧૭ | ૨૫-૦૩-૨૦૧૫ | પ્રા.શાળા ધામડોદ-લુંભા | ૨૦,૦૦૦ |
| ૧૮ | ૨૫-૦૩-૨૦૧૫ | સરદાર સ્મારક હોસ્પિટલ ટ્રસ્ટ | ૫૧,૦૦૦ |
| ૧૯ | ૧૭-૦૪-૨૦૧૫ | નવદુર્ગા સાર્વજનિક કેળવણી મંડળ | ૧,૦૦,૦૦૦ |
| ૨૦ | ૨૦-૦૪-૨૦૧૫ | ધી મુસ્લિમ વેલફેર સોસાયટી | ૨૧,૦૦૦ |
| ૨૧ | ૨૦-૦૪-૨૦૧૫ | શ્રી સરભોણ હાઈસ્કુલ | ૧૧,૦૦૦ |
| ૨૨ | ૧૬-૦૯-૨૦૧૫ | જનતા સાર્વજનિક કેળવણી મંડળ | ૧૧,૦૦૦ |
| ૨૩ | ૧૯-૦૯-૨૦૧૫ | સરદાર હોસ્પિટલ ટ્રસ્ટ | ૫,૦૦,૦૦૦ |
| ૨૪ | ૧૫-૧૦-૨૦૧૫ | બારડોલી એજ્યુકેશન સોસાયટી | ૧,૦૦,૦૦૦ |
| ૨૫ | ૦૭-૦૭-૨૦૧૬ | સ્ટેશન પ્રા.શાળા, બારડોલી | ૫,૧૧૦ |

# દાનનાં પ્રવાહની વિગત

| ક્રમ | તારીખ | નામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૨૬ | ૨૯-૦૬-૨૦૧૭ | સ્ટેશન પ્રા.શાળા, બારડોલી | ૭,૦૦૦ |
| ૨૭ | ૨૦-૧૧-૨૦૧૭ | વાંસદા ટ્રસ્ટ | ૧,૦૦૦ |
| ૨૮ | ૦૧-૧૨-૨૦૧૭ | ગુજરાત વનવાસી કલ્યાણ પરિષદ | ૨૧,૦૦૦ |
| ૨૯ | ૨૬-૧૨-૨૦૧૭ | શ્રી વલવાડા સાર્વજનિક કેળવણી મંડળ | ૨,૫૦,૦૦૦ |
| ૩૦ | ૩૧-૦૧-૨૦૧૮ | લાયન્સ કલબ, બારડોલી | ૨૧,૦૦૦ |
| ૩૧ | ૨૭-૦૬-૨૦૧૮ | સ્ટેશન પ્રા.શાળા, બારડોલી | ૯,૬૦૦ |
| ૩૨ | ૨૭-૦૬-૨૦૧૮ | પ્રા.શાળા ઉતારા વધાવા | ૧૦,૦૦૦ |
| ૩૩ | ૨૭-૦૬-૨૦૧૮ | શ્રી સરભોણ હાઈસ્કુલ | ૧૧,૦૦૦ |
| ૩૪ | ૨૭-૦૬-૨૦૧૮ | વામદોત હાઈસ્કુલ | ૧૧,૦૦૦ |
| ૩૫ | ૧૪-૦૮-૨૦૧૮ | પ્રા.શાળા ધામડોદ-લુંભા | ૨૦,૦૦૦ |
| ૩૬ | ૧૧-૦૯-૨૦૧૮ | પ્રા.શાળા બમરોલી | ૭,૦૦૦ |
| ૩૭ | ૨૯-૦૯-૨૦૧૮ | કોશીશ ચેરીટેબલ ટ્રસ્ટ | ૧૧,૦૦૦ |
| ૩૮ | ૦૪-૧૦-૨૦૧૮ | પ્રગતિ યુવક મંડળ, બારડોલી | ૧૧,૦૦૦ |
| ૩૯ | ૦૬-૧૨-૨૦૧૮ | સ્મશાન ગૃહ, બારડોલી | ૨,૦૦,૦૦૦ |
| ૪૦ | ૧૧-૧૨-૨૦૧૮ | સુરત-વલસાડ જિલ્લા રોહિત કેળવણી મંડળ | ૫,૦૦૦ |
| ૪૧ | ૧૧-૧૨-૨૦૧૮ | ગુજરાત વનવાસી કલ્યાણ પરિષદ | ૧૧,૦૦૦ |
| ૪૨ | ૧૭-૧૨-૨૦૧૮ | બારડોલી એજ્યુકેશન સોસાયટી | ૨૫,૦૦૦ |
| ૪૩ | ૧૩-૦૨-૨૦૧૯ | સુરત ગ્રામ્ય જિલ્લા ટ્રાફિક એજયુ.ટ્રસ્ટ | ૧૧,૦૦૦ |
| ૪૪ | ૦૭-૦૩-૨૦૧૯ | શહીદો માટે (મે.જિલ્લા રજિસ્ટ્રાર, સુરત) | ૫૦,૦૦૦ |
| ૪૫ | ૧૯-૦૬-૨૦૧૯ | પ્રા.શાળા ઉતારા વધાવા | ૮,૦૦૦ |
| ૪૬ | ૨૧-૦૬-૨૦૧૯ | કુમાર પ્રાથમિક શાળા, બારડોલી | ૧૦,૦૦૦ |
| ૪૭ | ૨૫-૦૬-૨૦૧૯ | પ્રા.શાળા, અસ્તાન | ૧૦,૦૦૦ |
| ૪૮ | ૧૬-૦૭-૨૦૧૯ | હરી ઓમ વનવાસી ચેરીટેબલ ટ્રસ્ટ | ૧૦૦૦૦૦ |
| ૪૯ | ૨૬-૦૭-૨૦૧૯ | સ્ટેશન પ્રા.શાળા, બારડોલી | ૧૦,૦૦૦ |
| ૫૦ | ૩૦-૦૯-૨૦૧૯ | બારડોલી એજ્યુકેશન સોસાયટી | ૨૫,૦૦૦ |
| ૫૧ | ૧૪-૧૦-૨૦૧૯ | કોશીશ ચેરીટેબલ ટ્રસ્ટ | ૧૧,૦૦૦ |
| ૫૨ | ૧૨-૦૩-૨૦૨૦ | જનતા નગર પ્રાથમિક શાળા | ૨૧,૦૦૦ |
| ૫૩ | ૧૨-૦૩-૨૦૨૦ | કોરોના માટે મુખ્યમંત્રી રીલીફ ફંડમાં | ૧,૦૦,૦૦૦ |
| ૫૪ | ૧૩-૦૪-૨૦૨૦ | ઓમ સુરવયમ ટ્રસ્ટ | ૧૧,૦૦૦ |
| ૫૫ | ૧૬-૦૪-૨૦૨૦ | સ્કુલોમાં ગરીબ વિદ્યાર્થીઓ માટે નોટ વિતરણ | ૧,૯૩,૮૬૬ |

# દાનનાં પ્રવાહની વિગત


| ક્રમ | તારીખ | નામ | રકમ રૂ. |
| --- | --- | --- | --- |
| ૫૬ | ૨૯-૦૪-૨૦૨૦ | સુરત જિલ્લા પંચાયત (માસ્ક માટે) | ૫,૦૦૦ |
| ૫૭ | ૨૨-૦૭-૨૦૨૦ | રોટલી કલબ, બારડોલી | ૧૭,૫૦૦ |
| ૫૮ | ૧૮-૦૧-૨૦૨૧ | જસ્ટ હેલ્પ ચેરીટેબલ ટ્રસ્ટ | ૧૦,૦૦૦ |
| ૫૯ | ૦૪-૦૩-૨૦૨૧ | કરૂણા ફાઉન્ડેશન | ૫૧,૦૦૦ |
| ૬૦ | ૨૦-૦૪-૨૦૨૧ | ગુજરાત વનવાસી કલ્યાણ પરિષદ | ૧૧,૦૦૦ |
| ૬૧ | ૨૦૨૧-૨૦૨૨ | કોરોના રસીકરણ કેમ્પ | ૨૮,૧૩૫ |
| ૬૨ | ૦૭-૦૭-૨૦૨૧ | બારડોલી વિભાગ રાજપુત સમાજ ટ્રસ્ટ | ૧,૦૦,૦૦૦ |
| ૬૩ | ૦૧-૦૯-૨૦૨૧ | લાયન્સ કલબ બારડોલી | ૫૦,૦૦૦ |
| ૬૪ | ૨૧-૦૯-૨૦૨૧ | રોટરી કલબ, બારડોલી | ૫,૦૦૦ |
| ૬૫ | ૨૭-૦૯-૨૦૨૧ | સાંઈરામ ચેરીટેબલ ફાઉન્ડેશન ટ્રસ્ટ | ૨,૦૦,૦૦૦ |
| ૬૬ | ૩૦-૦૯-૨૦૨૧ | હરીઓમ વનવાસી ચેરીટેબલ ટ્રસ્ટ | ૧,૨૫,૦૦૦ |
| ૬૭ | ૦૪-૧૦-૨૦૨૧ | વાત્સલય એજયુકેશન ટ્રસ્ટ | ૧૧,૦૦૦ |
| ૬૮ | ૦૨-૧૧-૨૦૨૧ | જસ્ટ હેલ્પ ચેરીટેબલ ટ્રસ્ટ | ૧૫,૦૦૦ |
| ૬૯ | ૧૨-૧૧-૨૦૨૧ | જનતા સાર્વજનિક કેળવણી મંડળ | ૧,૦૦,૦૦૦ |
| ૭૦ | ૨૩-૧૧-૨૦૨૧ | બારડોલી એજયુકેશન સોસાયટી | ૨૫,૦૦૦ |
| ૭૧ | ૩૦-૦૧-૨૦૫૮ | વાંકાનેર સ્કુલમાં વોટર કુલર | ૪૧,૫૦૦ |
| ૭૨ | ૦૪-૧૨-૨૦૨૧ | સરભોણ હાઈસ્કુલ | ૧૫,૦૦૦ |
| ૭૩ | ૨૮-૦૨-૨૦૨૨ | સરદાર બાગ શિક્ષણ સમિતી | ૧૧,૦૦૦ |
| ૭૪ | ૨૮-૦૨-૨૦૨૨ | લાયન્સ કલબ બારડોલી | ૧૧,૦૦૦ |
| ૭૫ | ૨૮-૦૨-૨૦૨૨ | સ્ટેશન પ્રા.શાળા, બારડોલી | ૧૦,૦૦૦ |
| ૭૬ | ૧૫-૦૩-૨૦૨૨ | ગુજરાત વનવાસી કલ્યાણ પરિષદ | ૧૫,૦૦૦ |
| ૭૭ | ૨૯-૦૩-૨૦૨૨ | અખિલ હિંદ મહિલા પરિષદ | ૫,૦૦૦ |
| ૭૮ | ૨૧-૦૪-૨૦૨૨ | હળપતિ સમાજ પ્રગતિ મંડળ | ૧૧,૦૦૦ |
| ૭૯ | ૨૬-૦૫-૨૦૨૨ | સાંઈરામ ચેરીટેબલ ફાઉન્ડેશન ટ્રસ્ટ | ૫,૦૦,૦૦૦ |
| ૮૦ | ૨૭-૦૭-૨૦૨૨ | સ્મશાનગૃહ, બારડોલી | ૫૧,૦૦૦ |
| ૮૧ | ૨૭-૦૭-૨૦૨૨ | ગુજરાત વનવાસી કલ્યાણ પરિષદ | ૧૧,૦૦૦ |
| ૮૨ | ૨૭-૦૭-૨૦૨૨ | રોટરી કલબ, બારડોલી | ૫,૦૦૦ |
| ૮૩ | ૧૯-૦૪-૨૦૨૩ | હરીઓમ વનવાસી ચેરીટેબલ ટ્રસ્ટ | ૨૫,૦૦૦ |
| ૮૪ | ૧૯-૦૪-૨૦૨૩ | વાતસલ્ય એજયુકેશન ટ્રસ્ટ | ૧૧,૦૦૦ |
| ૮૫ | ૧૯-૦૪-૨૦૨૩ | સ્ટેશન પ્રા.શાળા, બારડોલી | ૧૧,૦૦૦ |

# દાનનાં પ્રવાહની વિગત

| ક્રમ | તારીખ | નામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૮૬ | ૧૯-૦૪-૨૦૨૩ | સરદાર સ્મારક હોસ્પિટલ | ૫,૦૦,૦૦૦ |
| ૮૭ | ૦૧-૦૪-૨૦૨૩ | ગુજરાત વનવાસી કલ્યાણ પરિષદ | ૧૫,૦૦૦ |
| ૮૮ | ૦૫-૦૭-૨૦૨૩ | પ્રાથમિક શાળા, ખરવાસા | ૫,૦૦૦ |
| ૮૯ | ૦૫-૦૭-૨૦૨૩ | નવદુર્ગા સાર્વજનિક કેળવણી મંડળ | ૧૧,૦૦૦ |
| ૯૦ | ૦૮-૦૮-૨૦૨૩ | પ્રાથમિક શાળા,અસ્તાન | ૫,૦૭૪ |
| ૯૧ | ૦૮-૦૮-૨૦૨૩ | રોટરી કલબ, બારડોલી | ૧૧,૫૦૦ |
| ૯૨ | ૦૮-૦૧-૨૦૨૪ | ગૌ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ | ૧૫,૦૦૦ |
| ૯૩ | ૦૮-૦૧-૨૦૨૪ | જીવનદીપ સહાય ચેરીટેબલ ટ્રસ્ટ | ૧૧,૦૦૦ |
| ૯૪ | ૦૨-૦૨-૨૦૨૪ | યુનિવર્સલ વેલફેર ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા | ૨૧,૦૦૦ |
| ૯૫ | ૨૨-૦૨-૨૦૨૪ | વાત્સલ્ય એજ્યુકેશ ટ્રસ્ટ | ૧૫,૦૦૦ |
| ૯૬ | ૧૪-૦૬-૨૦૨૪ | સ્ટેશન પ્રાથમિક શાળા | ૧૦,૦૦૦ |
| ૯૭ | ૧૪-૦૬-૨૦૨૪ | નવદુર્ગા સાર્વજનિક કેળવણી મંડળ | ૧૫,૦૦૦ |
| ૯૮ | ૧૫-૦૭-૨૦૨૪ | શ્રી સાંઈરામ ચેરીટેબલ ટ્રસ્ટ | ૨,૦૦,૦૦૦ |
| ૯૯ | ૩૦-૦૭-૨૦૨૪ | શ્રી સત્યમ શિવમ સુંદરમ ચેરીટેબલ ટ્રસ્ટ | ૧૫,૦૦૦ |
| ૧૦૦ | ૧૬-૦૮-૨૦૨૪ | સરભોણ વિભાગ કેળવણી મંડળ | ૧૧,૦૦૦ |
| ૧૦૧ | ૨૧-૦૮-૨૦૨૪ | રોટરી કલબ બારડોલી | ૧૧,૦૦૦ |
| | | કુલ | ૪૭,૩૭,૨૮૬ |

અભિનંદની

# તવારીખ



## બારડોલીમાં જનતા કો.ઓ. ક્રેડિટ સોસાયટીનો કરાયેલો આરંભ

### નાગરિકોને પૂરો લાભ આપવા અનુરોધ

## બારડોલી નગરમાં બારડોલી જનતા કો.ઓ. ક્રેડિટ સોસાયટીનો શુભારંભ

## બારડોલી નગરમાં બારડોલી જનતા કો.ઓ. ક્રેડિટ સોસાયટીનો આરંભ

## બારડોલી જનતા કો.ઓ. ક્રેડિટ સોસાયટી નફામાંથી સભાસદોને ૧૨% ડિવિડન્ડ આપશે

## 86 લાખ થાપણથી શરૂ કરેલી બારડોલી જનતા કો.ઓ. નો વેપાર 144 કરોડ થયો

### સંસ્થાના સ્થાપકોને આ દુઃખ સહન થયું નહીં અને સ્થાપના કરી

## બારડોલી નગરમાં બારડોલી જનતા કો.ઓ. ક્રેડિટ સોસાયટીનો શુભારંભ

## બારડોલીમાં તા.૨૫, ૨૬મીએ કારકિર્દી મેળો યોજાશે

બારડોલી : બારડોલીના સિનિયર સિટીઝન ક્લબ હોલ ખાતે આગામી તા. ૨૫ અને ૨૬ એપ્રિલના રોજ બારડોલી પ્રદેશ ચેમ્બર ઓફ કોમર્સ અને ઈન્ડસ્ટ્રીઝ બારડોલી જનતા કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી અને તન્મય ચેરિટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે કારકિર્દી મેળો યોજાશે. આ મેળામાં વિવિધ સંસ્થાઓ વિદ્યાર્થીઓને કારકિર્દી અંગે મૂંઝવતા પ્રશ્નોના જવાબ આપશે. વિદ્યાર્થીઓ અને વાલીઓ આ ફેરની વિનામૂલ્યે મુલાકાત લઈ શકશે, એમ ચેમ્બરના પ્રમુખ પ્રદીપભાઈ અગ્રવાલે જણાવ્યું છે.

# તવારીખ

## બારડોલી જનતા કો. ઓ. સોસાયટીની સુંદર કામગીરી

## બારડોલી જનતા સોસાયટીની સામાન્ય સભા સંપન્ન



## બારડોલીમાં 25મી અને 26 એપ્રિલે કારકિર્દી મેળો યોજાશે

## બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટીની વાર્ષિક સામાન્ય સભામાં તમામ કામો મંજૂર





## બારડોલીમાં જનતા કો.ઓ.ક્રેડિટ સોસાયટીની સ્થાપના થઈ: હોદ્દેદારોની વરણી

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સુરત

## બારડોલીની જનતા કો. ઓ. ક્રેડિટ સોસાયટીની સામાન્ય સભા મળી

### હોદ્દેદારોની સર્વાનુમતે થયેલી વરણી

## બારડોલી જનતા કો-ઓ.ક્રેડિટ સોસાયટીમાં સ્વાતંત્રતા પર્વની ઉજવણી

## બારડોલી જનતા સોસાયટીની સભા

# તવારીખ

## બારડોલી જનતા ક્રેડીટ સોસાયટીના સાધારણ સભામાં હોદ્દેદારોની વરણી

એજન્ડાને સર્વાનુમતે બહાલી

## બારડોલી જનતા ક્રેડિટ સોસાયટીની સાધારણ સભા મળી

## બારડોલી જનતા કો.ઓ. સોસાયટીની વાર્ષિક સભામાં હોદ્દેદારોની સર્વાનુમતે વરણી


પ્રમુખપદે પ્રબોધચંદ્ર નાયક અને ઉપપ્રમુખ તરીકે પ્રેમજીભાઈ પટેલ વરાયા

## બારડોલી જનતા કો.ઓ.ક્રેડિટ સો.ની સભામાં તમામ કામો સર્વાનુમતે મંજૂર

## બારડોલી જનતા કો-ઓ.ક્રેડિટ સોસા. ખાતે સેવકના હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવાયો



## બારડોલીમાં 2 દિવસીય કારકિર્દી મેળામાં 17 શૈક્ષણિક સંસ્થા સાથે, 5700 વિદ્યાર્થીએ માર્ગદર્શન મેળવ્યું



## બારડોલી જનતા ક્રેડીટ સોસાયટીનાં હોદ્દેદારો વરાયા



## બારડોલી જનતા સોસાયટીની વાર્ષિક સભામાં સર્વાનુમતે હોદ્દેદારોની વરણી

## બારડોલી જનતા કો.ઓ.ક્રેડિટ સોસાયટી સભાસદોને ૧૨ ટકા ડિવિડન્ડ ચૂકવશે

૨૪મી વાર્ષિક સભામાં એજન્ડાના તમામ કામો મંજૂર

## બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સો.ની 24મી વાર્ષિક સભા મળી



## બારડોલીની જનતા કો.ઓપરેટિવ ક્રેડિટ સોસા.ના નવા મકાનનું રવિવારે ઉદઘાટન



# દશાબ્દિ મહોત્સવ
## વર્ષ ૨૦૧૧




















# દશાબ્દિ મહોત્સવ
## વર્ષ ૨૦૧૧



















# સમુત્કર્ષ ભવનનું ઉદ્ઘાટન
# વર્ષ ૨૦૧૬




















# સમુત્કર્ષ ભવનનું ઉદ્‌ઘાટન
## વર્ષ ૨૦૧૬





















# સમુત્કર્ષ ભવનનું ઉદ્‌ઘાટન
## વર્ષ ૨૦૧૬


















2000 - 2024
25
રજત જયંતિ મહોત્સવ

અભિનંદન

# ''શ્રી'' અન્ન મહોત્સવ
# વર્ષ ૨૦૨૩









# ''શ્રી'' અન્ન મહોત્સવ
# વર્ષ ૨૦૨૩



























# ''શ્રી'' અન્ન મહોત્સવ
# વર્ષ ૨૦૨૩





























સુરત જીલ્લા સહકારી સંઘ તરફથી
વર્ષ ૨૦૧૯-૨૦ માટે સુરત જીલ્લામાં શ્રેષ્ઠ કામગીરી બદલ એવોર્ડ



સુરત જીલ્લા રજીસ્ટ્રારશ્રી હરેશભાઈ કાછડ
તથા નવસારી જીલ્લા રજીસ્ટ્રારશ્રી ધ્રુવીન પટેલ
સાહેબ સંસ્થાની શુભેચ્છા મુલાકાતે.



લાલ બહાદુર શાસ્ત્રી જન્મ જયંતિ નિમિતે
સ્વચ્છતા અભિયાના



લોકર રૂમમાથી સાફસફાઈ દરમ્યાન
સોનાની વસ્તુ મળતા મનેજરને
પરત કરતા ઈમાનદારી માટે સન્માન



દશાબ્દિ મહોત્સવમાં
મા. ધારાસભ્યશ્રી ઈશ્વરભાઈ પરમાર
દ્વારા મેનેજરશ્રી દિનેશ પ્રજાપતિનુ સન્માન



ઉમરકુઈ
અનાથ બાળાઓ સાથે



ઉમરકુઈ અનાથ બાળા દ્વારા
પ્રમુખશ્રી નું સન્માન



સંસ્થા તરફથી અકસ્માત મૃત્યુ વીમાની
રૂ.૫,૦૦,૦૦૦ ની રાશીનો ચેક વારસદારને



બારડોલી ટ્રેડફેરમાં
રક્તદાન શિબીરનું આયોજન



કોરોના કાળમાં
સંસ્થા દ્વારા જરૂરી દવાઓનું મફત વિતરણ



બાળ સ્મશાન ગૃહનાં વિકાસ માટે
રૂ. ૨,૦૦,૦૦૦નું દાન




પોર્ટબલ ફ્રીઝર કોફીન સમાજને અર્પણ


મલંગદેવમાં મફત આંખની તપાસ-ચશ્માંનું વિતરણ

બારડોલી : બારડોલી જનતા કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી તથા લાયન્સ ક્લબ બારડોલી અને વનવિભાગના સહયોગથી મંગળવારે સોનગઢ તાલુકાના મલંગદેવ ઓટો ખાતે મફત આંખની તપાસ કરી જરૂરિયાતમંદોને ચશ્માંનું વિતરણ અને મોતિયાના ઓપરેશન માટે વ્યવસ્થા કરી હતી. તેમજ દાંતના રોગના દર્દીઓને

મફત આંખની તપાસ તથા ચશ્માનું વિતરણ


તેજસ્વી તારલાઓનું સન્માન


નૈનીતાલ ખાતે સહકારી વર્કશોપ




એજ્યુકેશન લોન મેળાનું આયોજન




વાંકાનેર હાઈસ્કુલમાં કુલરનું દાન


લીડરશીપ ડેવલપમેન્ટ પ્રોગ્રામમાં હાજરી

|| શ્રી ગણેશાય નમઃ ||

# બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લિ.



રજી. નં. સા. ૩૩૯૦

તા. ૨૯-૦૪-૨૦૦૦

## આભાર દર્શન

મંડળીનાં આદ્યસ્થાપકો, ભૂતપુર્વ ડિરેકટરો, વહીવટકર્તાઓ,
કર્મચારીગણ, નામી અનામી સહયોગીઓ, શુભેચ્છકો...

મંડળીનું વર્તમાન સંચાલક મંડળ, મેનેજરશ્રી, કર્મચારીગણ,
સેવકગણ, સભાસદ ભાઈ-બહેનો તથા રિકરીંગનાં નાણાંનું
કલેકશન કરનાર એજન્ટ ભાઈ બહેનો...

સમારંભનાં અધ્યક્ષશ્રી, ઉપસ્થિતિ આમંત્રિત મુખ્ય મહેમાનો,
નગરની તથા અન્ય સહકારી સંસ્થાઓમાંથી ઉપસ્થિત સંસ્થાનાં હોદેદારો
ડાંગી નૃત્ય કરનાર ઉમરકુઈ શાળાની બાળાઓ...

રસોઈઆ શ્રી નરસિંહભાઈ તથા તેમનો સ્ટાફ, રસોડા સમિતિનાં કાર્યકર...

અભિનંદની સમયસર સુંદર રીતે તૈયાર કરનાર મેનેજરશ્રી દિનેશચંદ્ર પ્રજાપતિ
તથા તેને સમયસર મુદ્રિત કરી આપનાર
શ્રી રાજુભાઈ તથા સ્ટાફ (સંકલ્પ ડિઝાઈન, બારડોલી...)

ફોટોગ્રાફરશ્રી કૈલાશભાઈ કુમાવત (ગૌરવ સ્ટુડીઓ, બારડોલી)

મંડપ, માઈક, લાઈટ વ્યવસ્થા પૂરી પાડનાર
શ્રી દલેશભાઈ (સુરજ ડેકોરેટર્સ, બારડોલી)

ઉદઘોષણા કરનાર શ્રી વિરલભાઈ વ્યાસ તથા ભાવેશભાઈ પટેલ...

નગરની સહકારી, શૈક્ષણિક અને સામાજિક સેવાભાવી સંસ્થાઓ...

વિવિધ મંડળીનાં સ્ટાફ સભ્યો, મંડળી સંલગ્ન અન્ય વેપારી મંડળ...

આ રજત જયંતિ ઉજવણીમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહયોગ અને
સૌજન્ય દાખવનાર સૌ નામી અનામી શુભેચ્છકો...

સહયોગીઓ અને સહભાગીઓનાં અમે આભારી છીએ...

આવો ભાવ સદા રહો...

અભિનંદની

૨૦૦૦ - ૨૦૨૪
25
રજત જયંતિ મહોત્સવ


બારડોલી જનતા કો. ઓ. ક્રેડીટ સો. લિ.



# રજત જયંતિ

વર્ષ ૨૦૦૦-૨૦૨૫

'' મેઘધનુષ્યનાં રંગો કેવા સુંદર હોય છે!

શ્વેત પ્રકાશનાં પૃથકકરણમાંથી

આકાશમાં સુંદર સપ્તરંગી ધનુષ્ય ખેંચાય છે.

તે સાત હોવા છતાં એક જ છે.

એટલે જ સહકારનો ધ્વજ

મેઘધનુષ્યનાં સાત રંગોવાળો પસંદ

કરવામાં આવ્યો છે''

# અભિનંદની

પ્રકાશન વર્ષ: ૨૦૨૫

પ્રકાશક: શ્રી નિરંજન માનાજી મિસ્ત્રી

" વિના સહકાર નહીં ઉધ્ધાર"